RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 244 Dt. 20-03-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# ટેરિફનો હથિયાર તરીકે ઉપયોગ કરતા વિદેશીઓ : જયશંકર

## આંતરરાષ્ટ્રીય વેપારમાં ટેરિફ અને ટેકનિકલ પ્રતિબંધો કડવી વાસ્તવિકતા છે : આ વાતાવરણમાં ભારત માટે શ્રેષ્ઠ માર્ગ શોધવાનો છે

નવીદિલ્હી, તા. ૧૯

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની ટેરિફ નીતિઓથી સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે. આ દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકરે આ અંગે મોટું નિવેદન આપ્યું છે. રાયસીના ડાયલોગ ૨૦૨૫માં જયશંકરે કહ્યું કે ટેરિફ એક વાસ્તવિકતા છે. ઘણા દેશો તેનો ઉપયોગ કરે છે. તેમણે 'કમિશનર્સ એન્ડ કેપિટાલિસ્ટ્સઃ પોલિટિક્સ, બિઝનેસ એન્ડ ન્યૂ વર્લ્ડ ઓર્ડર' સત્રમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે દેશો પોતાની આર્થિક શક્તિનો ઉપયોગ હથિયાર તરીકે કરી રહ્યા છે. જેમાં નાણાકીય વ્યવહારો, ઊર્જા પુરવઠો અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ભારતના ઊંચા ટેરિફ પર ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ ઘણા દેશો પર ટેરિફ લાદી છે. તેના જવાબમાં ચીન અને કેનેડાએ પણ અમેરિકા પર ટેરિફ લાદી દીધા છે. જયશંકરે કહ્યું કે ભારતે શ્રેષ્ઠ માર્ગ શોધવો પડશે. આજે આંતરરાષ્ટ્રીય સંબંધો પહેલા કરતા ઓછા સંયમિત છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે રાયસિના ડાયલોગ ૨૦૨૫માં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય વેપારમાં ટેરિફ અને ટેકનિકલ પ્રતિબંધો કડવી વાસ્તવિકતા છે.

તેમણે કહ્યું કે વિશ્વના ઘણા દેશો તેનો ઉપયોગ કરે છે. 'કમિશનર્સ એન્ડ કેપિટાલિસ્ટ્સઃ પોલિટિક્સ, બિઝનેસ એન્ડ ન્યૂ વર્લ્ડ ઓર્ડર' વિષય પર બોલતા, જયશંકરે કહ્યું, 'ટેરિફ, નિકાસ નિયંત્રણો... અમને ગમે કે ન ગમે, આ વાસ્તવિકતા છે. દેશો તેનો ઉપયોગ કરે છે. જો આપણે છેલ્લાં દસ વર્ષો પર નજર નાખીએ ત ો



જણાશે કે દેશોએ પોતાની શક્તિનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો છે. આમાં આર્થિક પ્રવૃત્તિઓ, નાણાકીય વ્યવહારો, ઊર્જા પુરવઠો અથવા ટેક્નોલોજીનો સમાવેશ થાય છે. આજની દુનિયાની આ વાસ્તવિકતા છે.

જયશંકરે વધુમાં કહ્યું કે આપણે આ વાતાવરણમાં આપણા દેશ માટે શ્રેષ્ઠ માર્ગ શોધવાનો છે. પોતાના ધંધા, રોજગાર અને દેશની તાકાત માટે લડવું એ સરકારનું કામ છે.

દેશની પ્રગતિમાં વ્યાપાર ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. જયશંકરે એમ પણ કહ્યું કે આજના સમયમાં વિવિધ પ્રદેશો વચ્ચેની સીમાઓ ઝાંખી પડી ગઈ છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં હવે પહેલા કરતા ઓછો સંયમ છે. આ વાત આપણે દ્યાનમાં રાખવાની છે. આ બધું એવા સમયે થઈ રહ્યું છે જયારે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એપ્રિલથી ઘણા દેશો પર ટેરિફ લાદવાનો નિર્ણય લીધો છે.

ટ્રમ્પે ભારતના ઊંચા ટેરિફ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે યુરોપિયન યુનિયન માંથી આવતા માલ પર વધારાની ટેરિફ લાદવાની પણ જાહેરાત કરી છે. તેનાથી સમગ્ર વિશ્વમાં વેપારને લઈને તણાવ વધી ગયો છે. અગાઉ, યુએસએ સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ૨૫% ડ્યુટી લગાવી હતી, જેણે ઘણા દેશો સાથે તેના સંબંધો બગાડ્યા હતા. ટ્રમ્પે ઈયુને ચેતવણી આપી છે કે જો તે બદલો લેશે તો અમેરિકા તેના પર વધુ ટેરિફ લાદશે. તેમણે કહ્યું, 'તેઓ અમારા પર જે પણ આરોપો લગાવે છે, અમે તેમના પર તે જ આરોપ લગાવીશું.

# દસકામાં EDએ ૧૯૩ કેસ નોંધ્યા: ૨ દોષિત

## એરફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કામગીરી પર ઉઠી રહ્યા છે અનેક સવાલો

નવીદિલ્હી, તા. ૧૯

કેન્દ્ર સરકારે સંસદને જણાવ્યું છે કે છેલ્લા દસ વર્ષમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ વર્તમાન અને ભૂતપૂર્વ સાંસદો, ધારાસભ્યો, વિધાન પરિષદના સભ્યો અને રાજકીય નેતાઓ સામે કુલ ૧૯૩ કેસ નોંધ્યા છે. જો કે, આમાંથી માત્ર બે કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ માહિતી નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભાના સાંસદ એ.એ. રહીમના પ્રશ્નના જવાબમાં આપી હતી. મંત્રીએ કહ્યું કે EDએ ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ આ કાર્યવાહી કરી હતી. આ ૧૯૩માંથી મોટા ભાગના કેસ હજુ તપાસ હેઠળ છે, પરંતુ માત્ર બે કેસમાં જ કોર્ટે દોષિતોને સજા સંભળાવી છે. જેના કારણે EDની કાર્યવાહી અને તેની અસરકારકતા પર સવાલો ઉઠી રહ્યા છે. વિરોધ પક્ષોએ લાંબા સમયથી આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર રાજકીય હરીફોને નિશાન બનાવવા માટે EDનો ઉપયોગ કરી રહી છે. રાજ્યકક્ષાના મંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે, સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક વહીવટ સાથે સંકળાયેલા




નેતાઓ સામે નોંધાયેલા કેસો પક્ષ અને રાજ્ય મુજબ રાખવામાં આવતા નથી. જોકે, તેમણે કેસોની વર્ષવાર વિગતો રજૂ કરી હતી. એપ્રિલ ૨૦૨૨ અને માર્ચ ૨૦૨૩ વચ્ચે સૌથી વધુ કેસ નોંધાયા હતા, જ્યારે કુલ ૩૨ કેસ નોંધાયા હતા. મંત્રીએ વધુમાં જણાવ્યું કે છેલ્લા ૧૦ વર્ષમાં નોંધાયેલા ૧૯૩ કેસમાંથી માત્ર બે કેસમાં જ દોષિત ઠેરવવામાં આવ્યા છે, જ્યારે હજુ સુધી કોઈ પણ કેસમાં નિર્દોષ છુટકારો થયો નથી. જ્યારે તાજેતરના વર્ષોમાં વિપક્ષી નેતાઓ સામે વધી રહેલા કેસ અને આ વલણના સમર્થન વિશે પૂછવામાં આવ્યું ત્યારે મંત્રીએ જવાબ આપ્યો કે આ સંદર્ભમાં કોઈ ડેટા ઉપલબ્ધ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે ED માત્ર નક્કર પુરાવા અને પુરાવાના આધારે જ તપાસ શરૂ કરે છે અને કોઈ પણ સંજોગોમાં રાજકીય, ધાર્મિક કે અન્ય આધાર પર ભેદભાવ કરતું નથી. EDની તપાસ પ્રક્રિયાઓમાં પારદર્શિતા વધારવા અંગેના પ્રશ્નના જવાબમાં, સરકારે કહ્યું કે EDની તમામ ક્રિયાઓ ન્યાયિક સમીક્ષાને આધીન છે અને એજન્સી કાનૂની પ્રક્રિયાને અનુસરીને કેસ ફાઇલ કરે છે.

# ખેડૂત નેતા દલ્લેવાલની અટકાયત

## કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે બુધવારે ચંદીગઢમાં યોજાયેલી બેઠક અનિર્ણિત રહી : શંભુ બોર્ડર પર પરત ફરતા પોલીસે કરી કાર્યવાહી

નવીદિલ્હી, તા. ૧૯

કેન્દ્ર સરકાર અને ખેડૂત સંગઠનો વચ્ચે બુધવારે ચંદીગઢમાં યોજાયેલી બેઠક અનિર્ણિત રહી. લઘુત્તમ ટેકાના ભાવ (ખજ્ઞ)ની ગેરંટી માટેની માંગ પર સર્વસંમતિ સાધી શકાઈ નથી. તે જ સમયે, બેઠક પૂરી થયા પછી, ખેડૂત નેતાઓ જગજીત સિંહ દલ્લેવાલ, સર્વન સિંહ પંઢેર અને ખનૌરી અને શંભુ બોર્ડર પર પાછા ફરતા અન્ય ખેડૂત નેતાઓને પંજાબ પોલીસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તે જ સમયે, પોલીસે ખનૌરી અને શંભુ બોર્ડર પર ખેડૂતોના સ્ટેજ અને તંબુઓ પણ ઉખેડી નાખ્યા છે.

આ દરમિયાન ખેડૂતો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી, જેના કારણે કેટલાક ખેડૂત નેતાઓની પાઘડીઓ ઉતારી દેવામાં આવી હતી. સરકારે બોર્ડર પર ભારે પોલીસ ફોર્સ તૈનાત કરી છે. સરકારની કાર્યવાહી બાદ ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં વિવિધ સ્થળોએ ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે. વિપક્ષ સહિત તમામ ખેડૂત આગેવાનોએ પોલીસની આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે.

બેઠકમાં અગાઉ, સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય) અને કિસાન મજદૂર મોરચાના ૨૮ સભ્યોના પ્રતિનિધિમંડળ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ ચૌહાણ, કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશી, કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ, પંજાબ સરકારના કેબિનેટ મંત્રી હરપાલ સિંહ અને ગુર્યાન ચેમ્મા સિંહે ભાગ લીધો હતો. મીટિંગ દરમિયાન, કેન્દ્રીય મંત્રીઓએ કહ્યું કે ખજ્ઞ ગેરંટી લાગુ કરવાથી સમસ્યા ઊભી થઈ શકે છે, જેના કારણે આ અંગે તમામ હિતધારકો પાસેથી સૂચનો લેવાની જરૂર છે.

ખેડૂતોએ એમએસપી ગેરંટી અને તેને કેવી રીતે લાગુ કરી શકાય તે અંગે કેન્દ્રને રિપોર્ટ આપ્યો હતો. હવે કેન્દ્ર સરકાર આ રિપોર્ટ પર દેશભરના તમામ હિતધારકો પાસેથી સૂચનો લેશે. કિસાન મજદૂર મોરચાના નેતા સર્વન સિંહ પંઢેરે કહ્યું કે કેન્દ્રની દલીલ સાચી નથી. એમએસપીના અમલીકરણમાં કોઈ સમસ્યા નથી, બલ્કે તેનાથી દરેકને ફાયદો થશે. કેન્દ્ર સરકારે સમય માંગ્યો છે, તેથી હવે દોઢ મહિના પછી અમે ૪ મેના રોજ ફરી મળીશું. જોકે, ખેડૂત આગેવાનોની અટકાયત બાદ હવે આ બેઠક પર શંકા સેવાઈ રહી છે.

# રાજ્ય માટે ગૃહ વિભાગનું SHIELD કાર્યરત : હર્ષ સંઘવી

## ડ્રગ્સ અંગે ફરિયાદ કરવા એક ખાસ હેલ્પલાઇન નંબર કરાશે જાહેર

અમદાવાદ, તા. ૧૯

ગૃહ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચાનો વિધાનસભામાં જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, વડાપ્રધાન અને કેન્દ્રિય ગૃહ મંત્રીના માર્ગદર્શનમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં એક શાંત અને પ્રગતિશીલ રાજ્ય તરીકેનું બહુમાન મેળવતું રહ્યું છે. હર્ષ સંઘવીએ કહ્યુ કે, ગુજરાતના ગલી-રસ્તાઓને અસામાજિક તત્વો બાનમાં લે ત્યારે લુખ્ખા તત્વોને પોલીસનો ડર નથી તેવા આક્ષેપો કરવા લાગતા વિપક્ષના સભ્યો, જયારે ગુજરાત પોલીસ દ્વારા આવા તત્વોને પકડીને વરઘોડા નિકાળવામાં આવે કે આવા તત્વોએ સરકારની રિઝર્વ જગ્યાઓ પર ઉભા કરી દીધેલા મકાન-ચાલીઓ પર બુલડોઝર ફેરવવામાં આવે ત્યારે વિપક્ષનો સુર બદલાઇ જાય છે.

સમગ્ર દેશમાં સૌથી વધારે ડ્રગ્સ પકડનાર રાજય ગુજરાત છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે ડ્રગ્સ સામે રીતસરની જંગ છેડી છે ત્યારે કહ્યુ કે, આગામી ટુંક સમયમાં એક હેલ્પલાઇન નંબર જાહેર કરવા નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં રાજયના કોઇ પણ ખૂણેથી કોઇ પણ નાગરિક ડ્રગ્સની નાનામાં નાની માહિતી ગુપ્ત રીતે આપી શકશે. આ તમામ માહિતી અંગે થયેલી કાર્યવાહિનું મોનિટરીંગ છેક મુખ્યમંત્રી કક્ષાએથી થશે. ત્રણ વર્ષના સમયગાળામાં ૧,૮૧૨ ગુનાઓમાં રૂ.૮,૫૪૭/- કરોડના મુદ્દામાલ સાથે ૨,૫૬૪ આરોપીઓને પોલીસે પકડી પાડ્યા છે. આ ૨,૫૬૪ આરોપીઓ પૈકી ૧૦૫ વિદેશી છે.



ગત નાણાકીય વર્ષની સરખામણીમાં આ વર્ષે બજેટમાં *ગૃહ વિભાગની જોગવાઈઓમાં રૂ.૨,૨૮૧/- કરોડનો વધારો એટલે કે ૨૨ ટકા કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગના બજેટમાં દર વર્ષે ઉત્તરોત્તર વધારો કરવા માટે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કરતા મંત્રીએ ઉમેર્યુ કે, આ વખતના બજેટમાં સાયબર સિક્યોરિટી અને ટેકનોલોજી પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. આ બજેટ મુખ્ય પાંચ સ્તંભો જંઇઈઊકઉ (જ-જાયિક્ષલવિંયક્ષશક્ષલ વિંય ઇફભસબજ્ઞક્ષય, ઈ-ઈંશલવ-ઝયભવ ડ્જ્ઞહશભશક્ષલ, ઈ-ઈંક્ષયિંલફિયિંમ ઈજ્ઞળળફક્ષમ ઈજ્ઞક્ષફિંહ, ઊ-ઊળયલિયક્ષભુ છ્યતાજ્ઞક્ષતય ૧૧૨ અને કઉ-કફૂરીહ ઈંબયિઉંયરયક્ષભય-ઈંયક્ષયિિં જ્ઞર ઊક્ષ્ભયહહયક્ષભય રજ્ઞિઈંબયતિયભીશિુિં આધારીત છે. આ પાંચ સ્તંભો ગુજરાતની શાંતી, સલામતી અને સુરક્ષાની પરીસ્થિતિને વેગ આપશે.

પોલીસને મજબુત બનાવવા તેની ક્ષમતા વધારવા ભાર મુકીએ છીએ. પોલીસ ફોર્સની માત્ર સંખ્યા ન વધે, પરંતુ તેની જ્ઞાય સાથે જ્સશહહ (કદ સાથે કુશળતા) વધારી પોલીસકર્મીઓની ઈફાફભશુિંઈીશહમશક્ષલ પર ભાર મૂકવામાં આવે તેવું આયોજન અમારી સરકારે કર્યુ છે.

એટલુ જ નહિ, વિકસીત ગુજરાત-૨૦૪૭ મિશન અંતર્ગત ગુજરાત પોલીસ તાલીમ અકાદમી, કરાઈ, ગાંધીનગર ખાતે રૂ.૧૦૦ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષાનું અતિ આધુનિક ઓલમ્પિક ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવનાર છે.

### રાજ્યમાં ઉભા થશે સ્માર્ટ પોલીસ સ્ટેશન

સમગ્ર દેશના સૌ પ્રથમ સેમી કંડકટર યુનીટ સ્થાપિત થનાર છે, તે ધોલેરા અને સાણંદમાં સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવા ચાલું વર્ષે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ઈકોફ્રેન્ડલી એન્વાર્યમેન્ટ ધરાવતા સુવિધાયુકત, લેટેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટેકનોલોજીથી સજ્જ અને મહિલા વર્ક ફોર્સયુકત સ્માર્ટ પોલીસ સ્ટેશનનું નિર્માણ થશે. આજના ટેકનોલોજીના યુગમાં અદ્યતન ટેકનોલોજીની મદદથી સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફીક વ્યવસ્થા, સાયબર સીક્યુરીટી જેવા અનેક કાર્યો ખૂબ જ ઝડપથી અને પારદર્શક રીતે કરી શકાય તે માટે આપણા રાજયની પોલીસના ટેકનિકલ ડેવલપમેન્ટ માટે રૂ.૩૪૩ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

### રાજ્યમાં ઉભા થશે સ્માર્ટ પોલીસ સ્ટેશન

સમગ્ર દેશના સૌ પ્રથમ સેમી કંડકટર યુનીટ સ્થાપિત થનાર છે, તે ધોલેરા અને સાણંદમાં સ્માર્ટ પોલીસ સ્ટેશન બનાવવા ચાલું વર્ષે બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ઈકોફ્રેન્ડલી એન્વાર્યમેન્ટ ધરાવતા સુવિધાયુકત, લેટેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર અને ટેકનોલોજીથી સજ્જ અને મહિલા વર્ક ફોર્સયુકત સ્માર્ટ પોલીસ સ્ટેશનનું નિર્માણ થશે. આજના ટેકનોલોજીના યુગમાં અદ્યતન ટેકનોલોજીની મદદથી સુરક્ષા વ્યવસ્થા, ટ્રાફીક વ્યવસ્થા, સાયબર સીક્યુરીટી જેવા અનેક કાર્યો ખૂબ જ ઝડપથી અને પારદર્શક રીતે કરી શકાય તે માટે આપણા રાજયની પોલીસના ટેકનિકલ ડેવલપમેન્ટ માટે રૂ.૩૪૩ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે.

### વન નેશન, વન હેલ્પલાઇન

હાલ સેન્ટ્રલાઈઝડ ઈમર્જન્સી હેલ્પલાઇન નંબર-૧૧૨નું ગુજરાત રાજયમાં પાયલોટ પ્રોજેકટ તરીકે સાત જીલ્લાઓમાં અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. ચાલુ વર્ષે જ સમગ્ર રાજયમાં આ સેવા ઉપલબ્ધ કરી દેવામાં આવશે. જેનાથી તમામ ઈમર્જન્સી હેલ્પલાઇનની સુવિધા હવે એક જ નંબર-૧૧૨ ઉપર ઉપલ્બ્ધ બનશે. આ બજેટમાં રાજયના નાગરિકોને ડિજિટલ ફ્રોડથી બચાવવા માટે અંદાજિત રૂ.૫૦૦ કરોડના ખર્ચે સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ પ્રોજેકટ શરૂ કરવા ખાસ પ્રાવધાન કરવામાં આવ્યું છે.

ચોરટાઓ ચોરી કરી જાય એ તો ઠીક પણ અહિ તો ઘરના જ ખાતર પાડી ગયા!

# વૃધ્ધાના ઘરમાંથી દિકરી જમાઈએ ચોરી લીધા ૪૦ લાખ રોકડા

**જયારે રોકાવા માટે આવતાં ત્યારે કટકે કટકે રકમ લઇ જતાં છેલ્લે મોટો હાથફેરો કર્યો: પછી માએ પુછતાં દિકરીએ કહ્યું ભુલ થઇ ગઇ: પણ રકમ પાછી ન દેતાં ફરિયાદ: બીજી ઘટનામાં એક કરોડથી વધુની ચાંદીની ઇંટોની થઇ ચોરી**



રાજકોટ: રાજ્યભરમાં ચોરી, લૂંટ, ચિલઝડપની ઘટનાઓ સતત બનતી રહે છે. ચોરટાઓ ચોરી કરી જાય એ તો સમજ્યા પણ ઘણીવાર ઘરના જ કે જાણભેદુ જ ઘાતકી બની જાય છે. આવી જ એક ચોરીની ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક મહિલાના ઘરમાંથી તેના જ પુત્રી અને જમાઇએ અધધધ ચાલીસ લાખની ચોરી કરી છે. આ ઘટનામાં પોલીસે તપાસ શરૂ કરી છે. દિકરીને માતાએ પુછતાં તેણે પોતાનાથી ભુલ થઇ ગયાનું અને જ્યારે પણ ઘરે આવતાં ત્યારે તિજોરીમાંથી થોડી-થોડી રકમ ચોરી જતાં હતાં અને છેલ્લે એક સાથે ચાલીસ લાખ ચોરી લીધાનું કબુલ્યું હતું. અમુક રકમ પાછી આપી બાકીના અઠ્ઠાવીસ લાખ ન આપતાં ફરિયાદ થઇ છે.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના ભરૂચ શહેરમાં બની છે. અહિના શેરપુરા વિસ્તારમાં આવેલા ખુશ્બુ પાર્કમાં રહેતા શબાનાબાનું મહોમંદસફી શેખ પોતાના પરિવાર સાથે રહે છે તેઓ જિલ્લા ન્યાયાલય સામે પરચુરણ કામ કરીને પોતાનું જીવન નિર્વાહ ચલાવે છે. તેમના પરીવારમાં એક પુત્ર અને પુત્રીના લગ્ન થઈ ગયા હોઇ બીજી બે પુત્રીઓ લગ્ન બાકી છે.

નાની પુત્રી સઈમાના લગ્ન સુરત ખાતે રહેતા મહોમદહાફિઝ શેખ સાથે બે વર્ષ પહેલા થયા હતા તેઓ અવાર-નવાર સુરતથી ભરૂચ મમ્મીના ઘરે આવીને આઠ દસ દિવસ સુધી રહેતા હતાં. શબાનાબાનું મહોમંદસફી શેખની કમાણીમાં એપાર્ટમેન્ટમાં આવેલા બે ફલેટ વેચતાં તેમાંથી રૂપિયા બાર લાખ મળ્યા હતા, આ સિવાય તેમની નોકરીની બચતના વીસ લાખ તથા તેમનો પુત્ર જ્યારે સાઉદી હતો ત્યારની બચતના આઠ લાખ મળીને કુલ ચાલીસ લાખ રોકડા તેમની લોખંડની તિજોરીમાં મુકેલા હતાં.

આ તિજોરીની બે ચાવીઓ હોય એક ચાવી તેમની મોટી પુત્રી સલમાબાનું પાસે અને બીજી ચાવી મકાનમાં આવેલા લાકડાંની તિજોરી પડી રહેતી હતી. તાજેતરમા શબાનાબાનુએ લોકર ખોલી જોતાં તેમાં મૂકેલા ચાલીસ લાખ નહી હોતા તેમની પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

આ મામલે તેમણે પરિવારના સભ્યોને પૂછતાજ કરતા તેઓને કોઈ જાણકારી નહી હોવાનું જણાવ્યું હતું.જોકે આ મામલે તેમણે સુરત ખાતે રહેતી પુત્રી સાઈમાને પુછતા તેણે કહ્યું હતું મમ્મી મારાથી બોવ મોટી ભૂલ થઈ ગઈ છે મમ્મી તારા ઘરની તિજોરીમાંથી જ્યારે હું અને મારા પતિ તારા ઘરે આવતા ત્યારે થોડા થોડા રૂપિયા લઈ જતા હતાં.

આ બંનેએ કટકે કટકે અમુક રકમ ચોરી લીધા બાદ એક સાથે રૂ.૪૦ લાખ કાઢીને લઈ ગયા હતા.

જેમાંથી તેઓએ બાર લાખ પરત કર્યા હતા પરંતુ હજીય રૂપિયા અઠ્ઠાવીસ લાખ પરત નહી અપાતા શબાનાબાનુંએ પોતાની પુત્રી અને જમાઈ સામે તેમના મકાનમાંથી ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આમ ઘરના જ ઘાતકી નીકળ્યાની આ ઘટનાએ ચકચાર જગાવી છે.

ચોરીની બીજી એક ચકચારી ઘટનામાં ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાના કોંઢ ગામ પાસે આવેલી ગુજરાત ગાર્ડિયન કંપનીમાં મોટી ચોરીની ઘટના સામે આવી છે. અહીં ત્રણ અજાણ્યા શખ્સોએ કંપનીના ક્રીબ એરિયામાંથી ૧.૨૭ કરોડની કિંમતની ચાંદીની ઈંટોની ચોરી કરી છે. સીસીટીવી ફૂટેજ મુજબમાં ત્રણ શખ્સોએ આ ચોરીને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું. તસ્કરોએ હાથમાં ગ્લોવ્ઝ પહેર્યા હતા અને મોઢે કાળુ કપડુ બાંધેલુ હતું. ચોરોએ કંપનીના પ્લાન્ટ મેઈન રોડથી ક્રીબની સાઈડ વોલની એક્રેલિક શીટ તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ લોખંડની જાળી તોડીને સ્ટોરમાં રાખેલા એલ્યુમિનિયમ બોક્સમાંથી કુલ ૧૧૭.૪૩૪ કિલોગ્રામ વજનની ચાંદીની ઈંટો અને સિલ્વર એ.જી. પ્યોરિટી ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

કંપનીના પરચેઝ મેનેજર ગુરૂપ્રભભજોતસિંઘે સીસીટીવી ફૂટેજ ચેક કર્યા બાદ ચોરીની જાણ થઈ હતી. આ મામલે વાલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

# રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ નિમિત્તે બાળકોને કૃમિનાશક ગોળી અપાશે

**આજે એક વર્ષથી ૧૯ વર્ષના આશરે ૩.૬૭ બાળકોને આપવામાં આવશે ગોળી**

રાજકોટ, તા. ૧૯

દેશભરમાં તા. ૨૦ માર્ચના રોજ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવે છે. જે નિમિત્તે રાજકોટ જિલ્લામાં તા. ૨૦ માર્ચના રોજ રાઉન્ડ અને તા. ૨૭ માર્ચના રોજ મોપ અપ રાઉન્ડ યોજાશે. જેમાં ૦૧ વર્ષથી ૧૯ વર્ષના આશરે ૩,૬૭,૦૦૦ બાળકોને કૃમિનાશક ગોળી આપવામાં આવશે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફુલમાલીના માર્ગદર્શનમાં તમામ ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૧૨ અર્બન હેલ્થ સેન્ટર, ૩૪૮ સબ સેન્ટર અને તેના સેજાના ગામો - ૬૦૫માં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં કૃમિ વિષયક જાગૃતિ પત્રિકાઓનું વિતરણ અને પોસ્ટરો, બેનરો ડીસ્પ્લે કરવામાં આવશે. દરેક તાલુકામાં અર્બન હેલ્થ સેન્ટર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સબ સેન્ટર કક્ષાએ જુથ ચર્ચા, ગૃપ મીટીંગ, રોલ પ્લે, કાઉન્સેલીંગ સેશન, શોર્ટ ફીલ્મો, કેમ્પ, વર્કશોપ યોજવામાં આવશે તેમજ સપ્તધારાના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

રાજકોટ જિલ્લા આરોગ્યની ટીમમાં આરોગ્ય કર્મચારી, આશા, આંગણવાડી કાર્યકર તથા સ્વંયસેવકો દ્વારા બુથ પર બાળકોને કૃમિની ગોળી ખવડાવવાની કામગીરી કરવામાં આવશે. અસરકારક નિરીક્ષણ માટે સુપરવાઈઝરો નિમવામાં આવ્યા છે. અંતરીયાળ વિસ્તાર, વાડી વિસ્તારમાં કામગીરી કરવા માટે મોબાઇલ ટીમો બનાવવામાં આવી છે. તા. ૨૦ માર્ચના રોજ કૃમિનાશક ગોળી ખવડાવવામાં બાકી રહેલા બાળકોને તા. ૨૭ માર્ચના રોજ મોપ અપ રાઉન્ડમાં આવરી લેવામાં આવશે. આરોગ્ય ટીમ દ્વારા ગામના દરેક ઘરોની મુલાકાત લઇ, કોઇ બાળક બાકી નથી તેની ખાતરી કરવામાં આવશે. અને જો કૃમિનાશક ગોળી ખવડાવવામાં બાળક બાકી હશે તો સ્થળ પર જ ગોળી ખવડાવવામાં આવશે. બાળક સામાન્ય બિમાર હોય, અગાઉ ગમે તેટલીવાર આ ગોળી લીધી હોય તો પણ આ દિવસે અવશ્ય કૃમિનાશક ગોળી ખવડાવવી જોઈએ. આથી, આરોગ્ય તંત્ર દ્વારા બાળકોને કૃમિનાશક ગોળી ખવડાવવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કૃમિનાશક ગોળી બાળકોને કૃમિથી થતા ચેપ સામે રક્ષણ આપે છે. કૃમિના ચેપથી બાળકોના સ્વાસ્થ્ય પર લોહીની ઉણપ, કુપોષણ, ભુખ ન લાગવી, બેચેની, પેટમાં દુ:ખાવો, ઉલ્ટી તથા ઝાડા, વજન ઓછું થવું જેવી અનેક હાનિકારક અસરો જોવા મળે છે. ભારત સરકાર દ્વારા બાળકોને વિટામીન-એના રાઉન્ડની સાથે કૃમિનાશક ટેબલેટ વર્ષમાં બે વખત આપવામાં આવે છે, તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કાઉન્ટડાઉન શરૂ : વેરા વસુલાત વિભાગે ૧૪ મિલકતોને કરી સીલ

**બાર મિલકતોમાં રિકવરી સાથે આવક થઈ ૭૭.૨૨ લાખ : કુલ આવક ૩૯૪ કરોડને પાર**

રાજકોટ, તા. ૧૯

વેરા વિભાગને જે લક્ષ્ય ખૂબ જ દૂર અને અશક્ય લાગતો હતો તે હવે પૂર્ણ થવા તરફ આગળ વધી રહ્યો છે કારણ કે ૩૧ તારીખ સુધી ચાલનાર આ ઝુંબેશ માં ૧૯ તારીખ સુધીમાં કુલ આવક ૩૯૪ કરોડને પાર પહોંચી છે ત્યારે ગઈકાલે જે ઝુંબેશ હાથ ધરવામાં આવી તેમાં કુલ ૭૭.૨૨ લાખ રૂપિયાની રિકવરી થઈ હતી જેમાં વિભાગે ૧૪ મિલકતને સીલ કરી હતી અને ૧૨ મિલકતો માંથી રિકવરી થઈ હતી.

મળતી માહિતી મુજબ વોર્ડ નંબર સાતમાં સવજીભાઈ ની શેરીમાં એક યુનિટને સીલ કરવામાં આવ્યું ત્યારે વોર્ડ ૧૩માં આવેલી રયા રોડ વિસ્તારમાં એક યુનિટ સામે ૧,૦૦,૦૦૦ થી વધુની રિકવરી થઈ હતી જ્યારે અન્ય એક યુનિટમાં ૫૮૦૦૦ ની રિકવરી થઈ. મળતી માહિતી મુજબ વોર્ડ નંબર સાતમાં સવજીભાઈ ની શેરીમાં એક યુનિટને સીલ કરવામાં આવ્યું ત્યારે વિરમ ચેમ્બર્સમાં આવેલી એક ઓફિસને પણ સીલ કરવામાં આવી હતી. માહિતી મુજબ સોની બજારમાં આવેલા અમુભાઈ આરકેડમાં કુલ ત્રણ મિલકતોને સીલ કરવામાં આવી. કનકપરામાં આવેલ 'કલ્પતરૂ' ફોર્થ ફલોર શોપ નં-૪૦૧ નેને સીલ કરેલ છે. એવીજ રીતે કનક રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૫૬,૫૦૦ થઈ. ત્યારે કનક રોડ પર આવેલલ ૧-યુનિટને સીલ કરવામાં આવી.

કરણપરામાં આવેલા જય કોમર્શિયલ કોમ્પ્લેક્સ ને સીલ કરવામાં આવ્યું એવી જ રીતે તિરૂપતિ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં ૯૩૫૦૦ની રિકવરી પણ કરવામાં આવી બીજી તરફ લક્ષ્મી વાળી મેઇન રોડ પર આવેલા એક યુનિટને નોટિસ પાઠવવામાં આવી હતી જેની સામે ૯૨,૮૦૦ રિકવર થયા છે. કેવડાવાડી મેઇન રોડ પર આવેલ ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતા રીકવરી રૂ.૬૯,૬૦૦નો ડ્ઉઈ ચેક આપવામાં આવ્યો. વોર્ડ નં-૧૮ કોઠારીયા મેઇન રોડ પર આવેલ કનૈયા ચોકમાં ૧-યુનિટને સીલ કરવામાં આવી હતી. રણુજાનગરમાં ૧-યુનિટના બાકી માંગણા સામે સીલની કાર્યવાહી કરતાં રીકવરી રૂ.૬૦,૦૦૦ની થઈ.

મળતી માહિતી મુજબ રિદ્ધિ સિદ્ધિ મૈન રોડ પર આવેલા ગાયત્રી ક્લિનિકને પણ સીલ કરવામાં આવ્યું એવી જ રીતે રીધી સીધી મેઈન રોડ ઉપર આવેલા બે યુનિટને પણ સીલ કરવામાં આવ્યા હતા તો બીજી તરફ નેહરુનગર ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કુલ ૧.૨૪ લાખ રૂપિયાની રિકવરી થઈ જ્યારે રિદ્ધિ સિદ્ધિ મૈન રોડ પર આવેલા ગાયત્રી ક્લિનિકને પણ સીલ કરવામાં આવ્યું એવી જ રીતે રીધી સીધી મેઈન રોડ ઉપર આવેલા બે યુનિટને પણ સીલ કરવામાં આવ્યા હતા તો બીજી તરફ નેહરુનગર ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં કુલ ૧.૨૪ લાખ રૂપિયાની રિકવરી થઈ જ્યારે કોઠારીયા રોડ પર આવેલા યુનીટમાં ૫૭,૦૦૦ નો ચેક પણ આપવામાં આવ્યો હતો.

હાલ જે વિગતો સામે આવી રહી છે તેમાં કોઠારીયા રિંગ રોડ પર આવેલા બે યુનિટ ને બાકી માંગણા સામે એક લાખ રૂપિયા નો પીડીસી ચેક આપવામાં આવ્યો હતો જ્યારે શ્રદ્ધા પાર્કમાં આવેલા એક યુનિટના બાકી માંગણા સામે ૮૨,૦૦૦ ની રિકવરી થઈ હતી એવી જ રીતે કોઠારીયા મેન રોડ ઉપર કુલ બે યુનિટને સીલ કરવામાં આવ્યા હતા. આમ એક એપ્રિલ ૨૦૨૪ થી શરૂ થયેલા ઝુંબેશ માં કુલ આવક ૩૯૪ કરોડને પાર પહોંચી છે.

ક્રોધથી કાળઝાળ માણસ સતત બની રહ્યો છે ઘાતકી: હત્યાની વધુ બે ઘટના

# નાસ્તાના વીસ રૂપિયા માટે ડખ્ખો થયો ને મિત્રએ મિત્રને પતાવી દીધો

**પૈસા માટે ઝઘડો થતાં ત્રીજા માળેથી ફેંકી મોતને ઘાટ ઉતાર્યો: બીજા બનાવમાં હમણા આવું કહીને ઘરેથી નીકળેલા યુવાનની કેનાલમાંથી ખૂન કરાયેલી લાશ મળી**




રાજકોટ: હત્યા અને હત્યાની કોશિષની ઘટનાઓ રાજ્યમાં રોજ કોઇને કોઇ ગામ કે શહેરમાં બનતી જ રહે છે. નહિ જેવી વાતે પણ લોકો એક બીજાના જીવના તરસ્યા બનીને મોતને ઘાટ ઉતારી દેતાં હોય છે. કેટલાક ક્રોધીત લોકો માટે બીજાના જીવની કિમત કોડીની થઇ ગઇ છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં નાસ્તો કરવા માટે રૂપિયા વીસ માંગતા તે મામલે થયેલી માથાકુટમાં એક યુવાનને બીજા યુવાને ત્રીજા માળેથી ધક્કો દઈ પછાડીને મોતને ઘાટ ઉતારી દીધો હતો હતો. પોલીસે તપાસને અંતે હત્યારાને ઝડપી લીધો હતો. માત્ર વીસ રૂપિયાનો ડખ્ખો આ હત્યાનું કારણ બની ગયાનું જાણી પોલીસ પણ ચોંકી ગઇ હતી. આ બંને સાથે જ નોકરી કરતાં હતાં અને રહેતાં હતાં. મિત્રએ મિત્રને જ નહિ જેવી વાતે મોતને ઘાટ ઉતારી દીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ બાવળા પંથકમાં બન્યો છે. અહિની કેરાલા જીઆઇડીસી વિસ્તારમાં આવેલી બી.આર. સ્ટીલ કંપનીમાં માત્ર વીસ રૂપિયાની લેતી-દેતીમાં એક કર્મચારીની હત્યા થઈ છે. પોલીસે આ કેસમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. હત્યાનો ભોગ બનનાર ભગવાન દયાલ અને આરોપી પ્રકાશ મીના કંપનીની કોલોનીમાં રૂમમેટ તરીકે રહેતા હતા. ભગવાન દયાલે નાસ્તો કરવા માટે પ્રકાશ પાસે વીસ રૂપિયા માંગ્યા હતા. પ્રકાશે પૈસા આપવાની ના પાડતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. ભગવાન દયાલે પ્રકાશને અપશબ્દો કહ્યા હતા.

ત્યારબાદ આ બોલાચાલી ઉગ્ર બનતા પ્રકાશે ગુસ્સામાં આવીને ભગવાન દયાલને કોલોનીના ત્રીજા માળેથી ધક્કો મારી દીધો હતો. નીચે પટકાતા ભગવાન દયાલનું મોત નિપજ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી પ્રકાશ મીના રાજસ્થાનનો અને મૃતક ભગવાન દયાલ ઉત્તર પ્રદેશનો રહેવાસી હતો. આરોપી પ્રકાશનો અગાઉ કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. પોલીસે આમ છતાં વિશેષ તપાસ શરૂ કરી છે. માત્ર વીસ રૂપરડી માટે કોઇ કોઇનો જીવ લઇ શકે તે વાતે ચકચાર જગાવી દીધી છે. હત્યાની બીજી ઘટના કલોલ તાલુકામાં બની છે. અહિના શેરીસા ગામેથી પસાર થતી પસાર થતી નર્મદા કેનાલ ની પાસે યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી કોઈ હથિયારાઓએ યુવકની ધારદાર હથિયાર વડે હત્યા કરીને ફરાર થઈ ગયા હતા બનાવની જાણ પોલીસને તથા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતકની લાશને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ કહ્યું હતું કે કલોલ તાલુકાના ભીમાસણ ગામે રહેતો ભરતજી પરબતજી ઠાકોર નામનો યુવક તેના ઘરેથી પાર્સલ લેવા જાઉં છું તેમ કહીને નીકળ્યો હતો ત્યારબાદ તે ઘરે પરત ભર્યો ન હતો અને તેનો ફોન પણ બંધ આવ્યો હતો ત્યારબાદ તેના ભાઈના ફોન ઉપર સાતેજ પોલીસે ફોન કર્યો હતો અને ભરતજીની હત્યા થઈ છે તેવી માહિતી આપી હતી.

જેથી તે ઘટનાએ પહોંચી ગયા હતા જ્યાં ભરતજી ને હત્યા કરાવી લાશ મળી આવી હતી કોઈ અજાણ્યા હથિયારાઓએ ભરતજી ઉપર ધારદાર હથિયાર વડે હુમલો કરીને તેની હત્યા કરી દીધી હતી અત્યારે આવો એ તેના પેટના ભાગે ધારદાર હથિયાર મારતા પેટના અવયવો બહાર આવી ગયા હતા બનાવ અંગે પોલીસે મૃતકના ભાઈ સુનિલ ઠાકોરની ફરિયાદના આધારે અજાણ્યા અત્યારે આવો સામે ગુનો દાખલ કર્યો હતો પોલીસે હત્યારાઓ ને ઝડપી રહેવા માટે એ કાર્યવાહી હાથ ધરી હતી. ભેદ ઉકેલવા તપાસ હાથ ધરવામાં આવી છે.

### લેભાગુ એજન્ટો સતત ગેરલાભ ઉઠાવી રહ્યા છે પણ લોકો જાગૃત ન થતાં હોવાથી બને છે શિકાર

# કેનેડા જવાની લ્હાય દંપતિને પડી એક કરોડમાં

### બીજી ઘટનામાં દેણા કરી દિકરો વિદેશ ગયો, ઉઘરાણીવાળાની ધમકીઓથી ત્રાસી પિતાને આપવો પડ્યો જીવઃ સળગીને કર્યો આપઘાત



રાજકોટઃ વિદેશની ઘેલછા અનેકને લઈ ડુબી છે, અનેક લોકોએ લાખો કરોડો ગુમાવી દીધા છે અને કેટલાકે તો વ્યાજે નાણા લઈને વિદેશ જવાના પ્રયાસમાં છેતરપીંડીનો ભોગ બની જિંદગીને ગોટાળે ચડાવી લીધી છે. આવી ઘટનાઓ અટકતી જ નથી. લેભાગુ એજન્ટો સતત લોકોને છેતરી રહ્યા છે. વધુ ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. જેમાં કેનેડાના વર્ક પરમીટ વિઝાના નામે દંપતિ સાથે અઠ્ઠાણુ લાખની ઠગાઈ કરી છે. જ્યારે બીજી તરફ એક યુવાન દેણા કરીને વિદેશ ગયા બાદ ઉઘરાણીવાળા હેરાન કરવા ઘરે પહોંચતા આ યુવાનના પિતાએ આપઘાત કરી લીધો હતો. આ બંને ઘટના વધુ એક વખત લાલબત્તી સમાન સાબિત થઈ છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો પાટનગર ગાંધીનગર શહેર નજીક આવેલા મગોડી ગામમાં રહેતા યુવાન અને તેના પરિવારના તેમજ અન્ય એક વ્યક્તિના કેનેડાના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને વેજલપુરમાં રહેતા દંપતી દ્વારા ૯૭.૮૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. કંપનીના બોગસ સ્પોન્સર લેટર પણ તેમને કઢાવી આપ્યા હતા.

આખરે આ મામલે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી. હાલમાં વિદેશ મોકલવાના બહાને લોકો સાથે લાખો કરોડો રૃપિયાની છેતરપિંડી થઈ રહી છે ત્યારે આ વખતે ગાંધીનગર શહેર નજીક આવેલા મગોડી ગામમાં રહેતા મનીષ ગીરીશભાઈ પંડયા અને તેમના પરિવારના અન્ય ત્રણ સભ્યોને કેનેડાના વર્ક પરમિટ અપાવવાના બહાને વેજલપુર યોગેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતા સુનિલ જોહનભાઈ મેકવાન અને તેમની પત્ની બ્રીજિતા મેકવાન દ્વારા છેતરમાં આવ્યા છે.

પોલીસ સુત્રોએ વધુમાં કહ્યા મુજબ મનીષભાઈને પરિવાર સાથે કેનેડા જવું હોવાથી તેમનો સંપર્ક સુનિલ મેકવાન દ્વારા કરવામાં આવ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓ નિઝવાલ ઈન્વેસ્ટમેન્ટ કેનેડા નામની કંપનીમાં ભાગીદાર છે અને તેનું વર્ક પરમિટ તેમજ પીઆરનું કામ કરે છે. તમારા ઓળખીતાનું પણ અગાઉ કામ કરી આપ્યું હતું તેમનો વિશ્વાસ કેળવીને ચાર વ્યક્તિઓના કુલ ૮૦ લાખ રૂપિયામાં કામ કરવાનું નક્કી થયું હતું અને તેમના પાસપોર્ટ પણ મેળવી લીધા હતા. તબક્કાવાર સુનિલભાઈ દ્વારા માંગવામાં આવેલી રકમ મનીષભાઈ તેમને પહોંચતી કરી દેતા હતા તેમના પાસપોર્ટ પણ અગોરા મોલ ખાતે આવેલી એમ્બેસીમાં મોકલવામાં આવ્યા હતા. જયાં આલ્ફા સ્ટાફિંગ સોલ્યુશન નામની કંપનીના જોબ કન્ફર્મેશન લેટર પણ તેમને આપવામાં આવ્યા હતા. જોકે ત્યારબાદ પણ કોઈ કાર્યવાહી થઈ ન હતી અને પાસપોર્ટ પરત આવ્યા હતા.

ત્યાર પછી તેમનું કામ દિલ્હીમાં અટક્યું હોવાનું કહીને દિલ્હી લઈ ગયા હતા અને ત્યારે માલુમ પડયું હતું કે તેમની સાથે છેતરપિંડી થઈ છે. મનીષભાઈ સાથે ૭૩.૯૨ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હતી અને તેમના સંબંધી અતુલભાઈ માણેકલાલ ભટ્ટ સાથે પણ ૨૩.૮૮ લાખ રૃપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. જેના પગલે હાલ ચિલોડા પોલીસ દ્વારા આ દંપતી સામે ૯૭.૮૦ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

બીજી એક ચોંકાવનારી ઘટના જોઈએ તો દેશભરમાં લોકોને વિદેશ જવાની ઘેલછાએ માજા મૂકી છે. મહેસાણામાં પણ આવી જ એક ઘટના સામે આવી છે, જેમાં એક બાપે પોતાના દીકરાને વિદેશ મોકલવા માટે પોતાનો જીવ લઈ લીધો હતો. આ ઘટનાથી સમગ્ર મહેસાણા જિલ્લામાં ચકચારી મચી જવા પામી છે.

મહેસાણાના ગોઝારીયા ગામમાં કૌશિક પંચોલીએ પોતાના દીકરાને વિદેશ જવાની ઈચ્છા પૂરી કરવા માટે અમદાવાદના એજન્ટની મદદ લીધી હતી. કૌશિક પંચોલીએ એજન્ટ ગૌરવ મોદી, કમલેશ પટેલ અને ચિરાગ પટેલની મદદથી પુત્રને વિદેશ મોકલ્યો હતો. દીકરો વિદેશ પહોંચ્યો બાદમાં એજન્ટ્સે કૌશિક પંચોલી પાસે પૈસાની ઉઘરાણી કરવાનું શરૂ કર્યું હતું. જો કે તેમની આર્થિક સ્થિતિ કથળતી હોવાના કારણે તે પૈસા ચૂકવી નહતા શક્યાં.

બાદમાં જો પૈસા નહીં આપે તો મારી નાંખવાની ધમકીઓ મળવા લાગી હતી,. જેનાથી કંટાળી કૌશિક પંચોલીએ પોતે જ્વલનશીલ પ્રવાહી છાંટી આપઘાત કરી જીવન ટૂંકાવી દીધું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી. લાંઘણજ પોલીસે હાલ ત્રણેય શખસ સામે આત્મહત્યા કરવા દુષ્પ્રરણનો ગુનો દાખલ વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે સમગ્ર મામલે જણાવ્યું કે, આ ત્રણેય શખસો અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારના રહેવાસી છે. તેમણે કૌશિક પંચોલીના દીકરાને વિદેશ મોકી આપ્યો હતો અને બાદમાં રૂપિયા માટે દબાણ કરતા હતા.

પોતાની રૂપિયા મેળવવા માટે તેમણે કૌશિકભાઈ સાથે ગાળાગાળી તેમજ ઝપાઝપી પણ કરી હતી અને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. સમગ્ર ઘટનાથી નાસિપાસ થઈ કૌશિક પંચોલીએ પોતે આપઘાત કરી લીધો હતો. આમ વિદેશની ઘેલછામાં દંપતિએ એક કરોડ જેવી રકમ ગુમાવી હતી તો બીજી તરફ એક વ્યક્તિએ જીવ ગુમાવવો પડ્યો હતો.

---

**ઓનલાઈન ફ્રોડથી લોકોને બચાવવા સરકાર, સાયબર ક્રાઈમ પોલીસની અથાક મહેનત, પણ લોકો જ બેદરકાર**

# શિક્ષકને ડિજીટલ એરેસ્ટની ધમકી દઈ ૨૬ લાખ પડાવી લેવાયા!

### સીબીઆઇ, મહેસુલ વિભાગના નામે ફોન કરી ડરાવ્યાઃ બીજી ઘટનામાં હોલીડે પેકેજ લેવા જતાં ડોકટરને મળ્યું ઠગાઈનું ઈન્જેક્શન

રાજકોટઃ ઓનલાઈન ફ્રોડના કિસ્સા અને હોલીડે પેકેજના નામે છેતરપીંડીના કિસ્સા સતત વધી રહ્યા છે. આ પ્રકારના ફ્રોડથી બચવા માટે લોકોને સરકાર, સાયબર ક્રાઈમ પોલીસ સતત જાગૃત કરતી રહે છે. પરંતુ લોકોની બેદરકારી જ તેમને લઈ ડુબે છે. એક શિક્ષકને ગઠીયાઓએ સીબીઆઇ અને મહેસુલ વિભાગના અધિકારીની ઓળખ આપી ડિજીટલ એરેસ્ટ કરવાની ધમકી દઈ ડરાવી તેના ખાતામાંથી છવ્વીસ લાખથી વધુની રકમ ઉસેડી લીધી છે. તો બીજી ઘટનામાં હોલીડે પેકેજના નામે લોભામણી સ્કીમ બતાવી ડોક્ટરને ઠગાઈનું ઈન્જેકશન ગઠીયાઓએ દઈ દીધું છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના કોલવાણ ગામે રહેતા શિક્ષક સાથે ઓનલાઈન ઠગાઈનો કિસ્સો બન્યો છે. સાયબર માફિયાઓએ સીબીઆઇ તથા મહેસુલ વિભાગના અધિકારી તરીકે ઓળખ આપીને શિક્ષકના એકાઉન્ટમાંથી ૩.૨૬.૧૩ લાખ અલગ અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ મામલે શિક્ષકે ફરિયાદ નોંધાવતા સાગબારા પોલીસે તપાસ શરૂ કરી છે. કોલવાણ ગામે રહેતા શિક્ષક દિનેશ જેમા વલવીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના મોબાઈલ ઉપર એક વોટસએપ કોલ આવ્યો હતો અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટીના અધિકારી તરીકે ઓળખ આપીને મારી ધરપકડ કરવાની ધમકી આપી હતી. જે બાદ અન્ય એક વોટ્સએપ નંબર પરથી કોલ આવ્યો હતો જેમાં સીબીઆઇના અધિકારી તરીકે ઓળખ આપીને મારી સામે ગુનો દાખલ થયો હોવાથી ધરપકડ થશે તેવી ધમકી આપતી.

આ ઉપરાંત નાણા મંત્રાલયના મહેસુલ વિભાગના અધિકારીની ઓળખ આપતો પણ એક કોલ આવ્યો હતો. આ લોકોએ અલગ અલગ સમયે કોલ કરીને મારી ધરપકડના કાગળ અલગ અલગ અધિકારીના સહી સિક્કાવાળા મને વોટ્સએપ ઉપર મોકલતા હું ગભરાઈ ગયો હતો. તેઓએ ધરપકડ ટાળવા માટે મારા બેન્ક એકાઉન્ટની વિગતો માગતા મે આપી હતી જે બાદ મારા એકાઉન્ટમાંથી કુલ ૩.૨૬,૧૨,૯૯૯ અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. આમ વધુ એક વખત આવા ફ્રોડમાં ભણેલા ગણેલા અને ખુદ શિક્ષક એવા વ્યક્તિએ લાખો ગુમાવી દીધા હતા.




**ગઠીયા પિતા-પુત્રએ વેપારીને કરોડોના ઈનામની લાલચ દઈ ઠગી લીધાઃ ચોસઠ લાખ ગુમાવ્યા**

બીજી ઘટના જોઈએ તો વડોદરામાં હોલીડે પેકેજના નામે લોભામણી સ્કીમ મૂકી છેતરપિંડી થઈ છે. આવા જ એક કિસ્સામાં અમદાવાદની કંપનીએ બે ડાયરેક્ટર સહિત ત્રણ જણા સામે ગુનો નોંધાયો છે. ગોત્રીના રાજેશ ટાવર રોડ ખાતે ઓલમાઈટી સોસાયટી ખાતે રહેતા અને વડોદરા જિલ્લા પંચાયતના કેલનપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડો.ધર્મેન્દ્ર ચૌહાણે પોલીસે કહ્યું છે કે મેં ઈન્સ્ટાગ્રામ પર લોન્ગવિઝન હોસ્પિટાલિટી પ્રા.લિ.ની જાહેરાત જોઈ હતી. મેં મોબાઈલ નંબર પર સંપર્ક કરતાં રણજિત નામની વ્યક્તિએ તુષાર નામના એક કર્મચારીને મળવા માટે મોકલ્યો હતો. તુષારે રૂપિયા ૮૦ હજારમાં પાંચ વર્ષનું પેકેજ સમજાવ્યું હતું અને આ પેકેજ રૂપિયા ૬૦ હજારમાં નક્કી કર્યું હતું.જેથી મેં મારા તેમજ મારા માતાના નામે બે મેમ્બરશિપ લઈ રૂપિયા ૧.૧૯ લાખ ચૂકવ્યા હતા.

ત્યારબાદ મારી માતાનું કાર્ડ મળ્યું હતું. પરંતુ મારૂ કાર્ડ મળ્યું નહતું તેમજ રૃપિયા પણ પરત મળ્યા નહતા.જેથી અમદાવાદના ઈસ્કોન ક્રોસ રોડ પર શિવાલિક શિલ્પ ખાતે આવેલી લોન્ગ વિઝન હોસ્પિટાલિટીના ડાયરેક્ટર ખાલિદ હસનખાન, હર્ષિલ વિજયભાઈ મહેતા અને સ્કીમ સમજાવનાર તુષાર સામે પોલીસે ગુનો નોંધ્યો હતો. આમ વધુ બે ફ્રોડમાં લોકોએ નાણા ગુમાવી દીધા હતાં.

ત્રીજી ઘટનામાં સરથાણા વિસ્તારમાં એક કર્ટિંગના વેપારીને અંગરક્ષક રાખવા અને સરકાર તરફથી કરોડો રૂપિયાનું ઈનામ અપાવવાની લાલચ આપી ૬૪.૩૬ લાખ રૂપિયાની છેતરપિંડી કરાઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ કેસમાં પિતા-પુત્ર સામે સુરત પોલીસે ઠગાઈની ફરિયાદ દાખલ કરી છે. ઠગાઈ માટે પિતા-પુત્રે ખોટા દસ્તાવેજો અને હાઈકોર્ટના નકલી હુકમો બનાવ્યા હતા. સરથાણા પોલીસે આરોપી પિતા પુત્રની ધરપકડ કરી છે. સીમાડા ગામે રહેતા અને રેતી-કપચીના વેપારી ધીરુભાઈ રામજીભાઈ લાઠીયા છેલ્લા કેટલાક સમયથી સરથાણા, માન સરોવર સોસાયટી પાસે આવેલા રામદેવ શોપિંગ માં પોતાના મિત્ર રાજુભાઈ ભાલાળાની ઓફિસમાં જતાં હતા. ત્યાં તેમની ઓળખ જગદીશ મગન ભાલાળા અને તેના પુત્ર કાર્તિક ભાલાળા સાથે થઈ હતી.

આરોપી ભાલાળા પિતા-પુત્રે ધીરુભાઈ સાથે વાતચીત દરમિયાન જણાવ્યું કે, તેમના વતન અમરેલી, સાવરકુંડલા, થોરજડી ગામે માઈનિંગ કંપની સામેનો એક કેસ તેઓએ ૧૭ વર્ષ બાદ જીત્યો છે. આ કેસમાં માઈન્સ કંપની પાસેથી ૬૮૦૦ કરોડનું કાળું નાણું પકડાયું હતું, જેના બદલમાં સરકાર દ્વારા તેમને ૨૮૦૦ કરોડ રૂપિયાનું ઈનામ અને પોલીસ પ્રોટેક્શન મળવાનો હુકમ થયો છે. આરોપીઓએ ધીરુભાઈને લોભામણી વાતો કરી હતી અને કહ્યું હતું કે હવે હું પોલીસ પ્રોટેક્શન ના લઈ, અંગત અંગરક્ષક રાખવા ઈચ્છું છું. જે પણ મારા અંગરક્ષક બનશે, તેને સરકાર અનેક ફાયદા આપશે. તમારી અને તમારી ફેમિલીની બધી લોન સરકાર માફ કરશે. માસિક ૩૦,૦૦૦ રૂપિયાનું પેટ્રોલ ભથ્થું મળશે. ૪૫ લાખ રૂપિયાની એક કાર મળશે.

આ રીતે ધીરૂભાઈ આ ઠગાઈમાં ફસાઈ ગયા અને અંગરક્ષક બનવા માટે સંમત થયા હતા. ત્યાર બાદ ભાલાળા પિતા-પુત્રે તેમને કહ્યું કે, સરકાર તેમના નામે ૬ કરોડ રૂપિયાનો ચેક આપશે, પણ એ માટે પહેલાંથી ૧૧,૮૭,૦૩૦ રૂપિયા સરકારમાં જમા કરાવવા પડશે. આ ઉપરાંત, સરકાર તમને નવી ટ્રક, બસ, દોઢ કિલો સોનું, લાડવી, જેકોબ બ્રાન્ડનો નેકલેસ, વેસુમાં જમીન અને એક જ્વેલર્સની દુકાન આપશે.

એમ કહીને આરોપીઓએ ૪૭,૬૪,૬૮૯ રૂપિયા ઉઘરાવ્યા હતા. આ રીતે, આરોપીઓએ ધીરુભાઈ પાસેથી ટુકડે-ટુકડે કરી કુલ ૧,૦૯,૫૦,૬૦૪ રૂપિયા પડાવી લીધા હતા. આ રીતે ચોસઠ લાખ ગુમાવી દીધા હતાં.

---

# રેલનગરની ૫૦ કરોડની સરકારી જમીન કરાઈ દબાણ મુક્ત

### પૂર્વ મામલતદાર દ્વારા હાથ ધરવામાં આવી કામગીરી

### યુએલસીની ૩૦૦ વારની જમીન પરથી હટાવાયા દબાણો



રાજકોટ, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા જિલ્લાના તમામ કલેકટરોને ખાસ આદેશ આપવામાં આવ્યો છે જેમાં ગેરકાયદે બાંધકામો ખડકાયેલા હોય તે સરકારી જગ્યાને ચોખ્ખી કરવામાં આવે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા હાલ સતત મામલતદારોને આ પ્રકારની કામગીરી કરવા માટે કહેવામાં આવી રહ્યું છે ત્યારે કરોડો રૂપિયાની સરકારી જબીનો હાલ દબાણ મુક્ત કરવામાં આવી છે ત્યારે ગઈકાલે પૂર્વ મામલતદાર અને તેની ટીમ દ્વારા રેલનગર વિસ્તારમાં આવેલા રાજનગરમાં ૫૦ કરોડની સરકારી જમીન દબાણ મુક્ત કરવામાં આવી હતી. રાજકોટ શહેરના પૂર્વ વિસ્તારમાં એટલે કે રેલનગરમાં આવેલા રાજનગર સોસાયટી મેઈન રોડ ઉપર આશીર્વાદ સ્કૂલ પાસે રેવન્યુ સર્વે નંબર ૬૦૫ પૈકીની સરકારી જમીન કે જે અંદાજે ૫૦ કરોડની કિંમતની હોવાની ધારણા છે તેને ખુલ્લી કરવામાં આવી. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભાવ જોશી દ્વારા દબાણ હટાવ ઝુંબેશના ભાગરૂપે પ્રાંત અધિકારી ચાંદની પરમારના માર્ગદર્શન હેઠળ મામલતદાર રાજકોટ શહેર પૂર્વ એસ જે ચાવડાની અધ્યક્ષતામાં અને તેમની ટીમ દ્વારા સરકારી યુએલસી જમીનમાં જે ગેરકાયદે દબાણો ઊભા કરવામાં આવ્યા હતા જેમાં ત્રણ દુકાન અને તેની ઉપર રહેણાંક મકાન તથા એક રહેણાંક બનાવવામાં આવ્યું તેને દૂર કરી યુએલસીની જમીન ખુલ્લી કરાવી હતી.

મળતી માહિતી મુજબ મામલતદાર કચેરીના સૂત્રોના જણાવ્યા અનુસાર જે યુએલસીની જગ્યા પર જે દબાણ કરવામાં આવ્યા તેમાં મામલતદાર કચેરી દ્વારા રસિકભાઈ રાઠોડ, એજાઝભાઇ જુણેજા, તથા ધનજી સોલંકી વગેરે ને નોટીસ પાઠવવામાં આવી હતી કારણ કે તેમના દ્વારા સરકારી જમીનમાં મકાનો તથા દુકાનો બનાવી ૩૦૦ વારની સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવ્યો હતો. સરકારી જમીનોમાં ગેરકાયદેસર રીતે દબાણો કરનાર સામે કાયદેસર રીતે કાર્યવાહી સતત ચાલુમાં રહેશે તેવું મામલતદારની યાદીમાં જણાવવામાં આવેલ છે. આ દબાણો દૂર કરવાની કામગીરીથી ગેરકાયદેસર દબાણ કરનારાઓમાં તથા કહેવાતા મોટા માથાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ દબાણ હટાવમાં સર્કલ ઓફીસર સત્યમભાઈ શેરસીયા, નાયબ મામલતદાર મલેક સર્ફરાજ મલેક, તલાટી ધારાબેન વ્યાસ, આર.એમ. સી.ના જેસીબી, પીજીવીસીએલ સ્ટાફ તથા ચૂસ્ત પોલીસ બંદોબસ્ત દરમ્યાન કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. આવનારા દિવસોમાં હજુ પણ આ પ્રકારની કામગીરી કરવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું છે કારણ કે રાજકોટ શહેર અને જિલ્લાની વિવિધ જગ્યાઓ પર ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવ્યા છે ત્યારે રાજ્ય સરકારના આદેશને ધ્યાને લઈ હવે કલેક્ટર તંત્રની સાથોસાથ મહાનગરપાલિકા એ તમામ ગેરકાયદે દબાણો દૂર કરવા માટે કાર્ય કરી રહ્યું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# તાકાતનો પરચો દેખાડવો જરૂરી

## છકી ગયેલા સામે પોલીસની લાલ આંખઃ લોકો પણ સહયોગ કરે

GUJARAT POLICE

અમદાવાદમાં અસામાજિક તત્વોની ખુલ્લેઆમ દાદાગીરી સામે ગુજરાત સરકારના આદેશથી રાજ્યભરમાં પોલીસ તંત્ર આક્રમક મિજાજમાં આવી ગયું છે. રાજકોટ-સૌરાષ્ટ્રમાં પણ પોલીસ હરકતમાં આવી ગઈ છે. માથાભારે બની ગયેલા અનેક તત્વોની યાદી તૈયાર કરીને તંત્રએ ઓપરેશન શરૂ કર્યાની માહિતી મળી રહી છે.

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા વારંવાર ગુના આચરતા તત્વો પર સર્જીકલ સ્ટ્રાઈક કરીને તેના વીજ જોડાણોના ચેકિંગ કરીને ગુન્હા દાખલ કરીને લાખો રૂપિયાના દંડ ફટકાર્યા છે અમુક વિસ્તારોમાં તો વીજ ચેકિંગ દરમિયાન દારૂ પણ મળી આવ્યાના અહેવાલો છે.

ગ્રામીણ વિસ્તારોમાં અસામાજિકોમાં ફફડાટ જોવા મળ્યો છે, દસેક વર્ષ બાદ આવા દ્રશ્યો સર્જાયા છે. જોકે પોલીસનો ધ્યેય દંડ વસૂલવાને બદલે ગુન્હાખોર માનસિકતા ધરાવનારને સીધા દોર કરવાનો હોવો જોઈએ. રાજકોટના દરેક એરીયાથી માંડીને ગામે-ગામ અસામાજિક તત્વો ફેલાયેલા છે. આવા તત્વોને કાયદાની તાકાતના પરચા દેખાડવા જરૂરી છે.

સમગ્ર સૌરાષ્ટ્રમાં ગેરકાયદે ઘાતક હથિયારો પણ મોટા પ્રમાણમાં વપરાઈ રહ્યા છે. ગુન્હાખોરીનું અન્ય રાજ્યોનું મોટું નેટવર્ક ધમધમતું હોવાનું પણ જણાઈ રહ્યું છે. આ મુદ્દે પણ રાજકોટ પોલીસ સક્રિય બનતા છોટુનગર વિસ્તારમાંથી ઈસ્માઈલ બશીર નામનો શખ્સ દેશી તમંચા અને ત્રણ કારતુસ સાથે ઝડપાયો હતો.

પોલીસની સક્રિયતા આવકાર્ય અને અનિવાર્ય છે. જે ઝુંબેશ શરૂ થઈ છે એ પરિણામ લાવનારી હોવી જોઈએ. બે-પાંચ ગુન્હાખોરોને પકડીને કે દંડ ફટકારીને કાર્ય પૂરું કરી દેવાથી કામ ચાલે તેમ નથી. ઈસ્માઈલોના નેટવર્ક પૂરેપૂરા ભેદવા જરૂરી છે.

પોલીસી તંત્રની સક્રિયતાથી લોકોમાં આશા જન્મી છે. જોકે નક્કર ઓપરેશન્સ કરવામાં આવે તો જ લોકોમાં પોલીસનો વિશ્વાસ સ્થાપિત થશે. લોકોએ પણ પોલીસેને સહયોગ આપવો જરૂરી છે. રાજકોટ પોલીસે વિશેષ નંબરો જાહેર કર્યા છે, તેમાં લોકો માહિતી આપી શકે છે.

પોલીસ લોકોમાં વિશ્વાસ સ્થાપિત કરે તો અસામાજિક તત્વોની વિગતોના ઢગલા થાય તેમ છે. હળવી વાસ્તવિકતા એ છે કે, પોલીસની મીઠી નજર અને સેટિંગના કારણે ગુન્હાખોરો બેફામ બની ગયા છે. તંત્રમાં આંતરિક ઓપરેશનની પણ જરૂર છે.

હાલ પોલીસનું આક્રમક સ્વરૂપ દેખાઈ રહ્યું છે, તેમાં પણ આશ્ચર્ય સર્જે તેવી બાબત એ છે કે, દેશી દારૂના અડ્ડાઓ પર સર્જીકલ સ્ટ્રાઈક થતી નથી. દેશીને છૂટ આપી દેવાય છે! ગુજરાતભરમાં પોલીસ તંત્રને પોતાની આભા સુધારવાની તક છે. અસામાજિક રાક્ષસોને તકાતના પરચા દેખાડો.

!! લાખ રૂપિયાની વાત !!

જીવવાની મજા તો ત્યારે આવે
જ્યારે તમને ખબર હોય કે લોકો
તમારો ઉપયોગ કરી રહ્યા છે,.
તેમ છતાં તમે નિસ્વાર્થ
ખર્ચાઈ રહ્યા હોવ,..

અંજામની ખબર તો સાહેબ
કર્ણને પણ હતી પણ વાત
સંબંધ નિભાવવાની હતી,..
શબ્દો ને બે જ જણા ઢંગથી
વાંચે છે એક "જ્ઞાન મેળવનાર" ને
બીજો "ભુલો શોધનાર",..



પૂ ભક્તિ સ્વામીજી
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# નાગપુર હિંસાનો માસ્ટરમાઈન્ડ ફહીમખાન

## અથડામણ શરૂ થયાના થોડા સમય પહેલા જ ફહીમે ભડકાઉ ભાષણ આપ્યું હતું : હિંસામાં ૩૪ પોલીસ કર્મીઓ થયા હતા ઘાયલ

નવીદિલ્હી, તા. ૧૯

નાગપુરમાં સોમવારે રાત્રે થયેલી હિંસા બાદ સ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ શહેરના ઘણા સંવેદનશીલ વિસ્તારોમાં કર્ફ્યુ ચાલુ છે. દરમિયાન નાગપુર પોલીસે બુધવારે ફહીમ શમીમ ખાનનો પહેલો ફોટો જાહેર કર્યો છે. ફહીમ ૧૭ માર્ચે શહેરમાં થયેલી સાંપ્રદાયિક હિંસાનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે. આ હિંસામાં ઘણા લોકો ઘાયલ થયા છે. ફહીમ ખાન MDPના શહેર પ્રમુખ છે અને નાગપુરના યશોધરા નગરમાં સંજય બાગ કોલોનીમાં રહે છે. સાંપ્રદાયિક અથડામણના સંબંધમાં નોંધાયેલી FIRમાં તેનું નામ સત્તાવાર રીતે સામેલ કરવામાં આવ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ફહીમ ખાને કથિત રીતે અથડામણ શરૂ થયાના થોડા સમય પહેલા જ ભડકાઉ ભાષણ આપ્યું હતું. પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેમના ભાષણથી વિસ્તારમાં સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરવામાં આવ્યો હતો, જેના કારણે હિંસા થઈ હતી.

ફહીમ ખાને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી નાગપુર બેઠક પરથી લઘુમતી ડેમોક્રેટિક પાર્ટી (MDP)ના ઉમેદવાર તરીકે લડી હતી. તેઓ





ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સામે ૬.૫ લાખથી વધુ મતોના જંગી અંતરથી હારી ગયા હતા. નાગપુરના પોલીસ કમિશ્નર રવિન્દ્ર કુમાર સિંઘલે કહ્યું કે બપોર પછી સ્થિતિની સમીક્ષા કરવામાં આવશે. તે જ સમયે, અન્ય એક અધિકારીએ કહ્યું કે સંવેદનશીલ વિસ્તારોમાં બે હજારથી વધુ સશસ્ત્ર પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે. એ જ રીતે, નાયબ પોલીસ કમિશનર રેન્કના અધિકારીની આગેવાની હેઠળ ક્વિક રિએક્શન ટીમ (QRT) અને રાયોટ કંટ્રોલ પોલીસ (RCP) દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

સોમવારે રાત્રે લગભગ ૭.૩૦ વાગ્યે મધ્ય નાગપુરમાં હિંસા ફાટી નીકળી હતી અને પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઔરંગઝેબની કબરને હટાવવાની માગણી કરતા જમણેરી સંગઠન દ્વારા પ્રદર્શન દરમિયાન એક સમુદાયના ધાર્મિક ગ્રંથને બાળવામાં આવ્યો હોવાની અફવાને પગલે હિંસા ફેલાઈ હતી. હિંસામાં ૩૪ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. આ પછી શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો, જેના કારણે લોકો અને વાહનોની અવરજવર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, કોતવાલી, ગણેશપેઠ, તહેસીલ, લક્કડગંજ, પચપાવલી, શાંતિ નગર, સક્કરદરા, નંદનવન, ઈમામવાડા, યશોધરા નગર અને કપિલ નગર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા વિસ્તારોમાં કર્ફ્યુ હવે અસરકારક છે. પોલીસે કહ્યું કે કર્ફ્યુ દરમિયાન, સંબંધિત વિસ્તારોના પોલીસ કમિશનર રસ્તાઓ પર વાહનોની અવરજવર અંગે નિર્ણય લેશે, અધિકારીઓના જણાવ્યા અનુસાર, સોમવારે રાત્રે થયેલી હિંસામાં ત્રણ નાયબ પોલીસ કમિશનર સહિત ૧૨ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. પથ્થરમારો અને આગચંપી કરવાના કેસમાં અત્યાર સુધીમાં લગભગ ૫૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

# ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં હીટ વેવનો સમાવેશ કરવા સંસદીય સમિતિની ભલામણ

## આપત્તિ-પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવાની પણ ભલામણ કરી : જો અમલવારી થશે તો લોકોને મળશે સુરક્ષા અને સલામતી

નવીદિલ્હી, તા. ૧૯

આબોહવા પરિવર્તનના કારણે વધતા જતા જોખમો પર પ્રકાશ પાડતા, સમિતિએ ગૃહ મંત્રાલયને લાંબા ગાળાની આપત્તિ સજ્જતા યોજનાઓ વિકસાવવા વિનંતી કરી. આમાં આત્યંતિક હવામાન ઘટનાઓની વધતી આવર્તન અને તીવ્રતા સાથે વ્યવહાર કરવા માટે ઊંડાણપૂર્વક અભ્યાસ હાથ ધરવા અને સ્વપન દ્રષ્ટા વ્યૂહરચનાઓ સ્થાપિત કરવાનો સમાવેશ થાય છે. સમિતિએ ભલામણ કરી છે કે મંત્રાલય તેની આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓમાં નવી અને ઉભરતી આફતો, જેમ કે હીટવેવ વગેરેને કારણે થતી આફતોનો સમાવેશ કરી શકે. ''તે નિષ્ણાતો, હિસ્સેદારો અને અસરગ્રસ્ત સમુદાયો સાથે પરામર્શ કરીને, આપત્તિના ઉભરતા જોખમો માટે અધિનિયમ સુસંગત અને પ્રતિભાવશીલ રહે તે સુનિશ્ચિત કરવા માટે સમયાંતરે સમીક્ષા કરવા અને સૂચિત આપત્તિઓની સૂચિને અપડેટ કરવા માટે ઔપચારિક પદ્ધતિ સ્થાપિત કરવાની પણ ભલામણ કરે છે,'' અહેવાલમાં જણાવાયું છે.

સ્થિતિસ્થાપકતા બનાવવા માટે, પેનલે આપત્તિ-પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવાની પણ ભલામણ કરી છે, ખાસ કરીને આરોગ્યસંભાળ, શિક્ષણ અને પરિવહન જેવા જટિલ ક્ષેત્રોમાં. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આનાથી માત્ર આપત્તિઓની અસરમાં ઘટાડો થશે નહીં, પરંતુ નાગરિકો માટે ઝડપી પુનઃપ્રાપ્તિ અને સલામતી પણ સુનિશ્ચિત થશે. દરખાસ્તનો પ્રતિસાદ આપતા, ગ્રીનપીસ ઈન્ડિયાના આબોહવા પ્રચારક અમૃતા એસ નાયરે ભલામણનું સ્વાગત કર્યું. તેમણે તેને ''લાંબા સમયની મુદતવીતી'' પરંતુ જરૂરી પગલું તરીકે વર્ણવ્યું હતું, જે બગડતી હીટવેવ કટોકટીને પ્રતિબિંબિત કરે છે અને તેને સંપૂર્ણ વિકસિત આપત્તિ તરીકે સારવાર કરવાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે. ''આ સુનિશ્ચિત કરે છે કે આપત્તિ વ્યવસ્થાપન અને પ્રતિસાદમાં હીટવેવને પ્રાથમિકતા આપવામાં આવે છે, જેમાં નિવારણ, શમન અને પુનઃપ્રાપ્તિનો સમાવેશ થાય છે, જો કે, આ પગલાને ખરેખર અસરકારક બનાવવા માટે, આપણે ખાતરી કરવાની જરૂર છે કે નાણાકીય પાસાઓ અને અમલીકરણમાં કોઈ અંતર નથી.

હાલમાં, નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (NDRF) અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF) સહાય માટે પાત્ર આપત્તિઓની સૂચિત સૂચિમાં ચક્રવાત, દુષ્કાળ, ભૂકંપ, આગ, પૂર, સુનામી, અતિવૃષ્ટિ, ભૂસ્ખલન, હિમપ્રપાત, વાદળ ફાટવું, જંતુઓના હુમલા અને ઠંડા મોજાનો સમાવેશ થાય છે. જો કે, રાજ્ય સરકારો તેમની વાર્ષિક SDRF ફાળવણીના ૧૦ ટકા સુધીનો ઉપયોગ કરી શકે છે, અમુક શરતોને આધીન, સ્થાનિક સંદર્ભમાં નોંધપાત્ર ગણાતી કુદરતી આફતો માટે તાત્કાલિક રાહત પૂરી પાડવા માટે, ભલે તેઓ કેન્દ્ર દ્વારા સૂચિત સૂચિમાં શામેલ ન હોય. રાજ્યોએ અગાઉ કેન્દ્રને હાથીઓના હુમલા, વીજળી, હીટવેવ, નદી અને દરિયાકાંઠાના ધોવાણ અને જાપાનીઝ એન્સેફાલીટીસ, નિપાહ અને કોવિડ-૧૯ રોગચાળા જેવી જાહેર આરોગ્યની કટોકટીઓને SDRF અને ગઉદ્દ્રઋ ભંડોળ માટે પાત્ર યાદીમાં ઉમેરવા વિનંતી કરી છે.

# AAPના સત્યેન્દ્ર જૈનની મુશ્કેલી વધી:ACBએ કર્યો કેસ

## જૈન પર ૫૭૧ કરોડના સીસીટીવી પ્રોજેક્ટમાં કથિત હેરાફેરી સંબંધિત કેસમાં ૭ કરોડની લાંચ લેવાનો આરોપ

નવીદિલ્હી, તા. ૧૯

આમ આદમી પાર્ટી (અઅઙ) સરકારમાં ઙઠઉ મંત્રી રહેલા સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ સતત વધી રહી છે. અઅઙના વરિષ્ઠ નેતા વિરુદ્ધ વધુ એક કેસ નોંધવામાં આવ્યો છે. દિલ્હીના ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (ACB) એ જૈન વિરુદ્ધ FIR નોંધી છે. જૈન પર રૂ. ૫૭૧ કરોડના સીસીટીવી પ્રોજેક્ટમાં કથિત હેરાફેરી સંબંધિત કેસમાં રૂ. ૭ કરોડની લાંચ લેવાનો આરોપ છે. દિલ્હી સરકારે તમામ ૭૦ વિધાનસભા બેઠકો પર કુલ ૧.૪ લાખ સીસીટીવી કેમેરા લગાવવા માટે રૂ. ૫૭૧ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. આ કોન્ટ્રાક્ટ ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડને આપવામાં આવ્યો હતો. પરંતુ સીસીટીવી લગાવવામાં વિલંબના કારણે કંપની પર ૧૬ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આરોપ છે કે સત્યેન્દ્ર જૈને ૭ કરોડ રૂપિયાની લાંચ લઈને દંડ માફ કર્યો હતો.

એસીબીના જોઈન્ટ કમિશનર મધુર વર્મા વતી જણાવવામાં આવ્યું હતું કે આ આરોપ સૌપ્રથમ એક સમાચાર લેખમાંથી સામે આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે પ્રોજેક્ટના નોડલ ઓફિસર સત્યેન્દ્ર જૈનને ૭ કરોડ રૂપિયાની લાંચ આપવાની ગોઠવણ કરવામાં આવી હતી. એસીબીએ તેની ખરાઈ કરવા માટે બીઈએલના અધિકારીની પૂછપરછ કરી હતી. આ દરમિયાન તેમણે આરોપોને સમર્થન આપ્યું હતું અને આ મામલે વિગતવાર ફરિયાદ પણ કરી હતી.



૨૩ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ, મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં વિલંબ બદલ દિલ્હી સરકારે BEL પર ૧૬ કરોડ રૂપિયાનો દંડ લાદ્યો છે. જો કે, ફરિયાદ મુજબ, માત્ર રૂ. ૧૬ કરોડ જ માફ કરવામાં આવ્યા ન હતા, પરંતુ BEL સાથે ૧.૪ લાખ વધુ કેમેરા લગાવવા માટે કરાર કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ જણાવ્યું હતું કે ૭ કરોડ રૂપિયાની લાંચ તે જ કોન્ટ્રાક્ટર દ્વારા આપવામાં આવી હતી જેને ૧.૪ લાખ વધારાના કેમેરા લગાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. એસીબીના જણાવ્યા મુજબ, ફરિયાદીએ જણાવ્યું હતું કે આખો પ્રોજેક્ટ નજીવી રીતે ચલાવવામાં આવ્યો હતો અને પીડબ્લ્યુડીને સોંપવામાં આવતાં સુધીમાં ઘણા કેમેરાને નુકસાન થયું હતું. એસીબીએ કહ્યું છે કે કેસ ચલાવવા માટે મંજૂરી લેવામાં આવી છે.

એસીબીએ આરોપોની સત્યતા ચકાસવા માટે બીઈએલના અધિકારીની પૂછપરછ કરી. આ દરમિયાન તેમણે આરોપોને સમર્થન આપતી વિગતવાર ફરિયાદ પણ આપી હતી. ૨૩ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ, મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં વિલંબ બદલ દિલ્હી સરકારે BEL પર ૧૬ કરોડ રૂપિયાનો દંડ લાદ્યો છે. આરોપ છે કે સત્યેન્દ્ર જૈને ૭ કરોડ રૂપિયાની લાંચ લઈને આ દંડ માફ કર્યો હતો.

એસીબીના જોઈન્ટ કમિશનર મધુર વર્માએ જણાવ્યું હતું કે આ મામલો સૌપ્રથમ એક સમાચાર લેખ દ્વારા પ્રકાશમાં આવ્યો હતો. પ્રોજેક્ટના નોડલ ઓફિસર જૈનને લાંચ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

## ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહીં! એ બાળગીતની ચકલી ક્યાં ગઈ?



હમણાં અહીં જર્મની છું, અને જવાબદારી અર્થે આવી હોવાથી બહુ બહાર જવાનું કે એવું કંઈ થતું નથી, પણ એક વાતની નોંધ લીધી કે અહીં ચકલી, કબૂતર, કાગડા, અને તળાવ હોવાથી બતક, અને હંસ જેવા પક્ષીઓ ખૂબ છે. આજે ૨૦ માર્ચ એ ચકલી દિવસ છે, તો થયું સૌની પ્યારી એવી ચકલી પર લખું. આમ તો બધાં જ નાના બાળકોની મનોરંજનની દુનિયામાં ચકલી નામનું નાનકડું પક્ષી એક જાદુ જેવી ફીલીંગ કરાવતું પાત્ર છે. આપણા બાળ સાહિત્યકારોએ આસપાસના પર્યાવરણ પર ખૂબ બધી રચનાઓ લખી છે. ચકીબેન ચકીબેન.. એક બિલાડી જાડી તેણે પહેરી સાડી... અને હાથીભાઈ તો જાડા.. આ બધાં જોડકણાં સાંભળી સાંભળીને બાળકો મોટા થતાં, અને એ રીતે આસપાસની દુનિયા સાથે એને જોડવામાં આવતા, જીવદયાનો ભાવ કેળવવામાં આવતો! ચકલી પહેલાં આપણાં જીવનનો એક હિસ્સો હતી, એની ચીંચીં થી આપણું ફળિયુ તથા ઘર સૂરીલુ રહેતું હતું. નાના નાના બાળકોને ચકલીને ઉડતી જોઈને બહુ આશ્ચર્ય થતું, અને આપણી વાર્તાઓમાં પણ ચકાચકીની વાર્તાએ એટલે જ સ્થાન લીધું છે.પણ સમય બદલાયો અને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આ જોડકણાંની બદલે અન્ય આવી ગયા, અને કોઈ માટે કંઈક જતું કરવાની, કે એને કંઈક આપવાની બાળકની વૃત્તિઓ પણ બદલાઈ ગઈ.

વહેલી સવારના દ્રશ્યો હવે વાર્તા, કહાની, કે કવિતામાં જ જોવા મળે છે. કારણ કે ગામડાઓ ઓછા થતા જાય છે, અને ગામડાનું પણ શહેરીકરણ થઈ ગયું છે. નથી રહ્યું ગામનું પાદર, કે નથી રહ્યો એ વડલો! જેમાં અસંખ્ય પંખીઓ પોતાના માળાઓ કરતાં, અને સવાર પડે તો જાણે વડલાને વાચા ફૂટી હોય એવાં દ્રશ્યો જોવા મળતાં! શહેરીકરણને કારણે દિવસે દિવસે પક્ષીઓની પ્રજાતિ ઓછી થતી જાય છે! જોકે આપણી આસપાસ કલબલતા પક્ષીઓ ઓછા થતા જાય છે, એની નોંધ બહુ ઓછાં લોકો લેતા હશે. એક ઘટાદાર વૃક્ષનું કપાવુ એટલે ઓછામાં ઓછા ૧૦૦ માળાઓની જગ્યા ઓછી થવી, અંદાજે એ રીતે હિસાબ માંડીએ તો વિચારો વિકાસને નામે આપણાં કેટલા વૃક્ષો કપાયા, અને એ રીતે એ પક્ષીઓના રહેવાની જગ્યા ગઈ. પર્યાવરણનાં મુખ્ય ઘટક સમાન વૃક્ષો કપાવવાને કારણે ઓક્સિજન પણ દિવસે દિવસે ઘટતો જાય છે, એની લાલબત્તી તો કોરોના સમયથી થઈ ગઈ છે, પણ આપણે એ ભૂલી ગયા. આજે ચકલી દિવસ નિમિત્તે ફલાણી જગ્યાએ ચકલીના માળાઓ નિઃશુલ્ક આપવામાં આવશે! કેટલાય વર્ષોથી ચકલીની પ્રજાતિ બચાવવા માટે સમાજની કેટલીય સેવાભાવી સંસ્થાઓ આ પ્રકારનું કાર્ય કરે છે, રસ્તા પર પણ ઘણા શ્રમજીવીઓ ચકલાના માળા વેચતા જોવા મળે છે.

ચકલી દરેક પ્રાંતમાં અલગ અલગ નામથી ઓળખાય છે, હિન્દીમાં એને ચિડિયા કહી છે અને આપણા દેશનો પરિચય આપતાં ગીતમાં એનો ઉપયોગ છે. ''જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા વો ભારત દેશ હૈ મેરા''! ચકલીને લગતી બીજી કેટલીય બાબતો આપણે ગુગલ સર્ચ કરીને જાણી શકીશું! પણ ચકલી એટલે એક પક્ષી એ રીતે જોઈએ તો, પ્રાણી અને પક્ષીમાં કોઈ બેઝિક તફાવત હોય તો એ છે, કે પક્ષી ઉડી શકે, અને પ્રાણી ઉડી ન શકે! પક્ષીને ઉડવા માટે પાંખ હોય જ્યારે પ્રાણીને ચાલવાનું હોય એટલે પગ હોય. નાનાથી શરૂ કરીને મોટા મોટા પક્ષીઓની ઉડવાની ક્ષમતા પણ ઓછી વધુ હોય છે, જેમ કે ચકલી વધીને વધી ૧૦ થી ૧૫ ફૂટ સુધી ઉંચી ઉડી શકે. જેમ જેમ કદ અને પાંખ મોટા થતા જાય એમ એ લોકોને ઉડવાની ક્ષમતા પણ વધે. સાંપ્રત સમયમાં દરેકને બહુ મોટી ઉડાન ભરવી હોય છે, અને આખું આકાશ સર કરવાની લગભગ દરેકની ઝંખના હોય છે. એટલે કે ઉડવું એ કદાચ માનવ જીવનની સદીઓથી સૌથી મોટી મહત્વકાંક્ષા છે, એમ કહી શકાય. અહીં ઉડવાનો અર્થ આપણે અન્ય કરતાં ઉપર ઉઠવું, કે પછી કોઈ વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરવી, શ્રેષ્ઠ સાબિત થવું, મહાન કહેવડાવવું એ રીતે કર્યો છે. પરંતુ આ માટે થઈને આપણે પક્ષીઓનું સૂક્ષ્મસ્તર રીતે અવલોકન કે નિરીક્ષણ કરવું પડશે, જ્યારે આપણે તો પક્ષીઓ ઓછા થતા જાય છે, એ તરફ પણ ધ્યાન આપવું નથી!

શારીરિક રચનાની રીતે પક્ષીઓ ઉડી શકે છે એ વાત તો આપણે સૌ કોઈ જાણીએ છીએ, અને આપણે પ્રાથમિક શાળામાં ભણી ગયા છીએ, કે પક્ષીઓના હાડકાની બનાવટ તથા રચના આપણી કરતા જુદી છે,અને પીછા વાળી પાંખ પણ છે. ચકલી, કાબર, કબુતર જેવા આપણા આંગણાના પક્ષીઓનું નિરીક્ષણ કરીએ, તો એમની જરૂરિયાતો સાવ ઓછી છે, એટલે કે મુઠ્ઠીભર અનાજ વેર્યું હોય એમાંથી પણ તે ૧૫ /૨૦ દાણા માંડ ચણે છે, અને જોઈએ તેટલુ જ તે ગ્રહણ કરે છે, આમાં સંગ્રહનો ક્યાંય અવકાશ નથી. આજે મળ્યું છે, આવતીકાલે નહીં મળે! એમ સમજીને કોઈ પક્ષીએ દાણા ભેગા કર્યા હોય એવું આપણે આજ સુધી જોયું નથી! એના પરથી કહી શકાય કે દરેક પ્રકારની ભૂખ નામની વ્યાધિ એને આપણી કરતા ઓછી પીડતી હશે, અથવા તો એને ભરોસો હશે, કે આવતીકાલે પણ ચણ મળી જશે! આ બે મુખ્ય વાત તેના ઉડી શકવા માટે કારણભૂત છે.

ઉપર ઉઠવાનો આધ્યાત્મિક અર્થ કરીએ તો આ બધી સંસારિક આધિ વ્યાધિ અને ઉપાધિમાંથી મુક્ત થઈ, અને ઉપર ઉઠી જવું, એટલે કે અસંગ થવું, કે નિર્લેપ થવું. આપણે દુઃખ ને કાઢવા છે, પણ સુખને પંપાળવા છે, માટે દુઃખની પીડા ઓછી થતી નથી. એકવાર જો સુખને દૂર રાખીએ, તો દુઃખ એટલું દુઃખદાયી નથી, એ સમજાય. ચકલી આપણને શીખવે છે કે બને તેટલી ઓછી જરૂરિયાત રાખવી, આવતીકાલ વિશે વધુ પડતું વિચારીને સંગ્રહ કરવો નહીં, કારણ કે આ સંગ્રહખોરી વર્તમાનને પણ માણવા દેતી નથી, અને એ જ આપણાં દુઃખોનું મોટામાં મોટું કારણ છે, જેમ કે મારી સંપત્તિનો કોઈ વારસદાર નથી! છે તો યોગ્ય નથી! મેં મહેનત કરી અને કોઈ શું કામ વાપરે! એ યોગ્ય રીતે વાપરશે નહીં! બધું જ મોજ શોખમાં ઉડાવી દેશે! મેં મારા જીવનના વર્ષો ઘસી નાંખ્યા ત્યારે આટલું નાણું એકઠું થયું! અને હવે એ લોકો સાવ બેફિકરાઈથી ઉડાવે છે! મહેનત વગર નાણાની કિંમત થઈ શકે નહીં! વૈશ્વિક મંદીનાં ભણકારાનો લેખ લખાયો હતો, એમાં લિવિંગ વિથ લેસ વિશેની વાત કરવામાં આવી હતી, અને એ જ આપણને ચકલી જેવા હળવા ફૂલ જેવાં રાખી શકે એમ છે.

આપણી વાર્તા મુજબ એક હતો ચકો ને એક હતી ચકી! ચકો લાવ્યો મગનો દાણો અને ચકી લાવી ચોખાનો દાણો! ભેગા મળીને ચીખડી રાંધી!આમ જુઓ તો આ વાર્તા નાનપણમાં આપણા બાળકોને કરવાનું કારણ ગૃહસ્થિનો પાયો નાખવો, એ પણ છે. એટલે કે ચકો અને ચકી બંને જણાં ભેગા મળીને કામ કરે તો જ ઘર સંસાર ચાલે, અને ખીચડી એટલે કે જે બધી જ રીતે સરળતાથી ઉપલબ્ધ થઈ જાય એવું ખાણું ખાવું , એટલે કે ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવવું એવો પણ એક સંકેત છે. તો આજનાં દિવસે ચકલીની પ્રજાતિને બચાવવા માટેનો પ્રયત્ન તો કરવાનો જ છે. પરંતુ સાથોસાથ એ નાનકડી એવી ચકલીના જીવનથી પ્રેરાઈને એની જેમ હળવા ફૂલ બનીને ઉપર ઉઠવાની કોશિશ કરવાની છે. વિજ્ઞાન વિકાસને નામે આપણે ખૂબ ઊંચે સુધી ઉડ્યા, અને હવે તો આકાશમાં કેટલાય મોટા મોટા પ્લેન પણ ઉડે છે! પરંતુ ઈશ્વરે જેનાં સંરક્ષણની જવાબદારી આપણી પર નાખી હતી, એવાં આપણી આસપાસના પર્યાવરણનું સંરક્ષણ કરવાનું ચૂકી ગયાં, અને એને કારણે આ ચકલીઓ જેવી નાની નાની કેટલી એ જાતિ પ્રજાતિઓ હવે દેખાતી બંધ થવા લાગી છે, ત્યારે એમને બચાવવા એ જ આપણા જીવનનું સૌથી મહત્વનું કાર્ય છે, તો સાચાં અર્થમાં નાનપણમાં ચકાચકીએ જે મનોરંજન પૂરું પાડ્યું હતું એનું ઋણ ચૂકવ્યું કહેવાશે. જય હિન્દ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### પહેલી મેરેજ એનીવર્સરીના એક મહિના બાદ જ પતિએ એવુ પગલુ ભર્યુ કે સૌ હચમચી ગયા

# I LOVE YOU, I MISS YOU લખીને શાકભાજીના ધંધાર્થીએ જીવ દીધો!

## ગોકુલધામ ક્વાર્ટર પાસેની ઘટનાઃ એવુ તે શું બન્યું કે મોત મેળવવું પડ્યું?ઃ અન્ય ઘટનામાં એક વૃધ્ધાએ બિમારીથી કંટાળી જાત જલાવી મોત મેળવ્યુંઃ એક વૃધ્ધા દિવાબત્તી કરતાં દાઝી જતાં જીવનદિપ ઓલવાયોઃ બેભાન હાલતમાં યુવાન સહિત ત્રણના મોત



રાજકોટઃ અપમૃત્યુ, આપઘાત, બેભાન હાલતમાં મૃત્યુ, હાર્ટએટેકથી મૃત્યુની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવી ઘટનાઓ જે તે મૃતકોના પરિવારજનો, સ્નહીજનોને કારમો આઘાત આપી જાય છે. આવા વધુ ....બનાવો સામે આવ્યા છે. જેમા એક વર્ષ પહેલા જ પરણેલા અને શાકભાજીનો ધંધો કરતાં યુવાને આઇ લવ યુ બાબુ, આઇ મિસ યુ બાબુ, હેપ્પી એનીવર્સરી લખીને મોતને વ્હાલુ કરી લીધુ હતું. અન્ય બનાવોમાં એક વૃધ્ધાએ બિમારીથી કંટાળી સળગીને આપઘાત કર્યો હતો, એક વૃધ્ધાનું દિવાબત્તી કરતાં દાઝી જવાથી મૃત્યુ થયું હતું. તો બેભાન હાલતમાં ત્રણ લોકોના મોત થયા હતાં.

વિગતો પર શહેરમાં આત્મહત્યાના વધુ એક બનાવમાં એક પરિવારના આધારસ્તંભ અને બે બહેનના એકના એક ભાઇએ ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી છે. કૃષ્ણનગર મેઇન રોડ પર ભોલેનાથ સોસાયટીમા રહી શાકભાજી વેંચી પરિવારનું ગુજરાન ચલાવતાં યુવાને એક સ્યુસાઇડ નોટ લખી હતી જેમાં 'આઇ લવ યુ બાબુ, આઇ મિસ યુ બાબુ, હેપ્પી એનીવર્સરી' એવુ લખી મોતને વ્હાલુ કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હજુ તો એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતાં. વધુ માહિતી અનુસાર આનંદ બંગલા ચોક ગુરૂપ્રસાદ ચોકથી આગળ ડાલીબાઇ છાત્રાલય સામે ભોલેનાથ સોસાયટીમાં રહેતાં ચોવીસ વર્ષના કરણ મુકેશભાઇ પતરીયા નામના યુવાને સાંજે ઘર નજીક બકાલુ ભરવા માટે રૂમ ભાડેથી રાખી હોઇ તેમાં પંખામાં દોરી બાંધી દેહ લટકાવી દેતાં ૧૦૮ના ઇએમટી ઘનશ્યામભાઇ પારમારે તપાસી મૃત જાહેર કરતાં માલવીયાનગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કે. જી. ઝાલા અને રાહુલભાઇએ ઘટના સ્થળે પહોંચી પંચનામા સહિતની કામાગીરી કરી નિષ્પ્રાણ દેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડ્યો હતો. આપઘાત કરનાર કરણ શાકભાજીનો ધંધો કરતો હતો. તે બે બહેનનો એકનો એક વચેટ ભાઇ હતો અને એક વર્ષ પહેલા જ તેના લગ્ન થયા હતાં.

વધુ માહિતી મુજબ પત્નિનુ .નામ રશ્મી છે. ગત અઢારમી ફેબ્રુઆરીએ તેની મેરેજ એનીવીર્સરી હતી. કરણના માતા ગાયત્રીબેન અને પત્નિ પણ કારખાને કામે ગયા હતાં. પોતે સાંજે ઘર નજીક બકાલુ ભરવા માટે રાખેલી રૂમમાં ગયો હતો. આ પછી તેનો કુટુંબી ભાઇ ત્યાં આટો મારવા જતાં તેણે ભાઇને લટકતો જોતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. કરણને કોઇ તકલીફ નહોતી. તેણે શા માટે આ પગલુ ભર્યુ? તે અંગે પરિવારજનો પણ અજાણ હોઇ અંતિમવિધી બાદ પોલીસ વિશેષ નિવેદન નોંધશે. કરણે આપઘાત પુર્વે એક ચિઠ્ઠી લખી હતી. જેમાં 'આઇ લવ યુ બાબુ, આઇ મિસ યુ બાબુ, હેપ્પી એનીવર્સરી' એવુ લખી સાથે સ્માઇલી દોરી છે. આ સિવાય ચિઠ્ઠીમાં કંઇ લખ્યું નથી. બનાવને પગલે પતરીયા પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

આપઘાતી બીજી ઘટના જોઇએ તો ગાંધીગ્રામ ૧૫૦ ફુટ રીંગ રોડ ગાંધીગ્રામ અયોધ્યા ચોક પાસે યોગરાજ પાર્ક-૨ નટરાજ નામના મકાનમાં રહેતાં કુંવરબેન ગોવિંદભાઇ રાઠોડ નામના નેવુ વર્ષના વૃધ્ધાએ રાતે ઘરે અગ્નિસ્નાન કરી લેતાં ઘટના સ્થળે જ મોત નિપજતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મોડી રાતે ત્રણેક વાગ્યે કુંવરબેને શરીરે જ્વલનશીલ પ્રવાહી છાંટી કાંડી ચાંપી લેતાં ગંભીર રીતે દાઝી ગયા હતાં. ધુમાડા નીકળતાં પરિવારજનો દોડી જતાં તે સળગેલા અને બેભાન મળ્યા હતાં. ૧૦૮ને જાણ થતાં તેના પાઇલોટ અને ઇએમટી પહોંચ્યા હતાં.

૧૦૮ના ડોકટરે વૃધ્ધા જયાબેને વૃધ્ધા કુંવરબેનને મૃત જાહેર કરતાં પોલીસ કન્ટ્રોલ રૂમના ઇન્ચાર્જ એ. વી. ગોંડલીયાએ જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ ડી. બી. કારેથાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પરિવારજનોના કહેવા મુજબ કુંવરબેનને સંતાનમાં બે પુત્રી અને એક પુત્રી છે. પતિ હયાત નથી. તેમને શ્વાસની બિમારી સહિતની તકલીફ લાગુ પડી હોઇ કંટાળીને મોત મેળવી લીધાનું સગાએ કહ્યુ હતું.

ત્રીજી અપમૃત્યુની ઘટનામાં અગનજવાળા વૃધ્ધાનો જીવ લઇ ગઇ હતી. જેમાં કેવડાવાડી-૭માં રહેતાં રૂક્ષમણીબેન પ્રભુદાસભાઇ આડેસરા નામના પંચાણુ વર્ષના વૃધ્ધાધુળેટીના દિવસે ઘરે દિવાબત્તી કરતાં હતાં ત્યારે પહેરેલા કપડાને ઝાળ લાગી જતાં દાઝી જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. અહિ ગત મોડી રાતે તેમનું મૃત્યુ થતાં સિવિલ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ચંદ્રસિંહ, ભાવેશભાઇ, ધર્મેન્દ્રભાઇએ એ-ડિવીઝનમાં જાણ કરી હતી. મૃત્યુ પામનાર રૂક્ષમણીબેનને સંતાનમાં પાંચ દિકરી અને ચાર દિકરા છે. તેઓ દિવાબત્તી કરતી વખતે અકસ્માતે જ દાઝી ગયાનું સગાએ કહ્યું હતું.

જ્યારે બેભાન હાલતમાં મોતની ત્રણ ઘટના બની હતી. આજીડેમ ચોકડી પાસે ઝૂપડામાં રહેતો આકાશ ગુણાભાઇ પરમાર-વાજા નામનો પચ્ચીસ વર્ષનો યુવાન ડેમની ચોકડી પાસે બેભાન થઇ પડી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું. આકાશ તેના એક ભાઇ સાથે રહેતો હતો અને ભંગાર વિણવાની મજુરી કરતો હતો. તેના સગાના કહેવા મુજબ આકાશને ।દરૂ પીવાની ટેવ હતી તેના કારણે બિમાર જેવો થઇ ગયો હતો અને ગઇકાલે આજીડેમ ચોકડી પાસે બેભાન થઇ પડી ગયા બાદ મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી.

અન્ય ઘટનામાં તાલુકાના સોખડા ગામે રહેતાં આરએમસીના નિવૃત કર્મચારી રવજીભાઇ નાનજીભાઇ મેઘાણી નામના બોંતેર વર્ષના વૃધ્ધા રાતે સાડા અગિયારેક વાગ્યે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થયું હતું. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતુ. બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી. જ્યારે ત્રીજા બનાવમાં થોરાળાના ગોકુલપરા-૬માં રહેતાં અઠાવન વર્ષના દયાબેન અરવિંદભાઇ ખીમસુરીયા નામના મહિલાને કેન્સરની બિમારી હોઇ બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ અપમૃત્યુની છ ઘટનાઓએ મૃતકના સ્વજનોને શોકમાં ધકેલી દીધા હતાં.

# ૧૮૦ એકમોમાં ફાયર NOC અંગે હાથ ધરાઈ તપાસ

## ૧૪૪ એકમોને પાઠવવામાં આવી નોટિસ : ઘણી ઘણ જગ્યાએ ફાયરના છે અપૂરતા સાધનો

રાજકોટ, તા. ૧૯

ફાયર અંગે શહેરના રહેવાસીઓ થોડા અંશે જાગૃત થાય તો પણ કામગીરીમાં ઘણો ખરો ફાયદો થઈ શકે એટલું જ નહીં જે દુર્ઘટના ઘટી રહી છે તે પણ ભૂતકાળ બની શકે જેના માટે ખરા અર્થમાં લોકોએ જાગૃત થવું ખૂબ જરૂરી છે હાલ આ અંગે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવા માટે પણ મહાનગરપાલિકાને સ્થાનિક પ્રશાસને આગળ આવવાની જરૂર છે.

દોઢસો ફૂટ રીંગ રોડ ઉપર આવેલા એટલાન્ટિસ એપાર્ટમેન્ટમાં જે ધુળેટીના દિવસે આગની ઘટના ઘટી તે બાદ રાજકોટ મહાનગરપાલિકાના વિભાગ દ્વારા સમગ્ર શહેરમાં ફાયર સેફટી ની ચકાસણી કરવા માટે ખાસ ઝુંબેશ ચાલુ કરવામાં આવી છે જેમાં ફાયર સર્વિસીસના સ્ટાફને સ્થળ તપાસ માટે મોકલવામાં આવી રહ્યા છે ત્યારે મળતી માહિતી મુજબ ૧૭ માર્ચથી લઈ ૧૮ માર્ચ દરમિયાન શહેરના વિવિધ વોર્ડ વિસ્તારોમાં ફાયર એનઓસી બાબતે કુલ ૧૮૦ જેટલા એકમોની ચકાસણી કરવામાં આવી હતી અને જેમાંથી ૧૪૪ સંકુલોને અપૂરતી ફાયર વ્યવસ્થા તથા ફાયર સાધનોનો અભાવ હોવાના



કારણે ફાયર નોટિસ પણ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મહત્વનું એ છે કે હાલ જે પ્રકારની દુર્ઘટના ઘટી તેમાં ત્રણ લોકોના જીવ ગયા ત્યારે ભવિષ્યમાં આ પ્રકારની કોઈ જ દુર્ઘટના ન ઘટે તે માટેના હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે પરંતુ જે ફાયર વિભાગ દ્વારા જે તપાસ કરવામાં આવી અને તેમાં જે વિગતો બહાર આવી છે તે જોતા કરુણતા એ વાત છે કે રાજકોટમાં ટીઆરપી અગ્નિકાંડ જેવી મોટી દુર્ઘટના પણ ઘટી છતાં લોકો આ અંગે સહેજ પણ જાગૃત થતા નથી અને તેમના જે ફ્લેટ છે તેમાં પૂરતા ફાયર સાધનો પણ રાખતા નથી.હાલ જે દુર્ઘટના ઘટી તેને ધ્યાને લઈ ફાયર વિભાગ ના ચાપ દ્વારા રેસીડેન્સીયલ બિલ્ડીંગ, રેસીડેન્સીયલ ની સાથે કોમર્શિયલ બિલ્ડીંગ તેવા રાજકોટ શહેર વિસ્તારની કુલ ૧૮૦ બિલ્ડીંગની ફાયર એનઓસી બાબતે તપાસ હાથ ધરવામાં આવી હતી અને અપૂરતી વ્યવસ્થા અથવા અપૂરતા પાયલ સાધનો ના પગલે બિલ્ડીંગોને નોટિસની પણ બજવણી કરવામાં આવી છે નિર્ધારિત દિવસોમાં તે કામગીરી પૂર્ણ કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

કારણ કે જ્યાં સુધી યોગ્ય ફાયર વ્યવસ્થા ઉભી કરવામાં નહીં આવે ત્યાં સુધી અન્ય ઘણા પ્રશ્નો ઊભા થઈ શકે છે ત્યારે એટલાન્ટિસમાં હજુ સુધી કોની જવાબદારી ફિક્સ થાય કે કેમ તે અંગે હજુ કોઈ નક્કર પગલા લેવામાં આવ્યા નથી જે અત્યંત દુઃખની બાબત છે.

### કારણ સરખા, મોત મેળવી લેવાનો રસ્તો પણ સરખો અને બંને પાછા અન્ય રાજ્યના હતાં વતનીઃ આપઘાતની બે ઘટનાએ જગાવી ચકચાર

# પત્નિઓ સાથે થયેલા ઝઘડા પછી બે પતિએ કર્યુ મોતને વ્હાલુ

### રાજકોટમાં બંને રહેતાં હતાંઃ એક યુપીનો વતની હતો, બીજો હતો નેપાળનોઃ બંનેને પોતપોતાની પત્નિઓ સાથે માથાકુટ થયા બાદ ગળાફાંસો ખાઇ લેતાં પરિવારો વેરણછેરણ થયા

રાજકોટઃ આત્મહત્યાની ઘટનાઓ રોજ બનતી રહે છે. પરંતુ રાજકોટ શહેરમાં બે એવી ઘટના જોગાનુજોગ બની છે જેમાં બંનેમાં આપઘાત કરવાનો રસ્તો એક સરખો હતો, કારણો પણ એક સરખા જ હતાં અને વળી આ બંને અન્ય રાજ્યના વતની હતાં. ઘટનાઓ જુદા જુદા સ્થળે બની હતી પણ તેમાં સામ્યતા ઘણી હતી. નેપાળી યુવાને પત્નિ સાથે રૂબરૂમાં ઝઘડો થવાને કારણે ગળાફાંસો ખાઇ જીવ દીધો હતો, તો યુપીના યુવાને ફોનમાં પત્નિ સાથે ઝઘડો થયા બાદ માઠુ લાગી જતાં ગળાફાંસો ખાઇ દુનિયાને અલવીદા કહી દીધી હતી. આ બંને બનાવે પરિવારજનોને ગમગીનીમાં ધકેલી દીધા હતાં.

પ્રથમ બનાવ પર નજર કરીએ તો યુનિવર્સિટી રોડ આકાશવાણી ચોક ભગતસિંહજી ગાર્ડન પાસે ત્રણ માળીયા ક્વાર્ટર બ્લોક નં. ૩૯/૭૪૩માં રાતે ચક્રબહાદુર ડબલસિંગ વિશ્વકર્મા નામના ત્રીસ વર્ષના નેપાળી યુવાને પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી નરેશભાઇએ કરતાં કન્ટ્રોલ ઇન્ચાર્જ પીએસઆઇ એ. વી. ગોંડલીયાએ જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઇ ડી. બી. કારેથાએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર ચક્રબહાદુર ચાર ભાઇ અને બે બહેનમાં વચેટ હતો. તેની પત્નિનું નામ સુસ્મિતા છે અને સંતાનમાં બે પુત્રી છે.

આ ઘટનાની વિશેષ વિગતો આપતા આપઘાત કરી લેનારા ચક્રબહાદુરના મામા ચંદનસિંગે જણાવ્યું હતું કે ભાણેજ ચક્રબહાદુર અને તેની પત્નિ તથા નાની દિકરી એક મહિના પહેલા જ નેપાળથી રાજકોટ આવ્યા હતાં. ભાણેજ નાના મવા સર્કલ પાસે ચોકીદારીની નોકરીમાં રહ્યો હતો. હોળીના તહેવાર વખતે તે મારા ઘરે આવ્યા બાદ અહિ જ રોકાયો હતો. હવે તેને રાજકોટ રહેવું ન હોઇ તેનો ભાઇ નેપાળથી બંને પતિ-પત્નિ-બાળકીને તેડવા રાજકોટ આવવા રવાના થઇ ગયો હતો. જે આવતી કાલે ગુરૂવારે રાજકોટ પહોંચવાનો હતો. દરમિયાન સાંજે અમે



કરીયાણુ લેવા ગયા ત્યારે ભાણેજ ચક્રબહાદુર અને તેની પત્નિ ઉપરના રૂમમાં એકલા હતાં. બંને વચ્ચે ઝઘડો થતાં તેની પત્નિ નીચે આવી ગઇ હતી. પછી ભાણેજે આપઘાત કરી લીધો હતો. બંને વચ્ચે માથાકુટ થતાં તેણે આ પગલુ ભર્યુ હતું.

આવી જ બીજી એક આત્મહત્યાની ઘટના જોઇએ તો આ બનાવમાં સાધુ વાસવાણી રોડ ગોપાલ ચોક બાલમુકુંદ-૧માં ભાડાના રૂમમાં રહેતાં અને કલર કામની મજૂરી કરતાં મુળ ઉત્તરપ્રદેશના મનોજ બાબુભાઇ રાજભર નામના પચ્ચીસ વર્ષના યુવાને રાતે રૂમમાં શર્ટથી ગળાફાંસો ખાઇ લેતાં મોત નિપજ્યાની જાણ ૧૦૮ના ઇએમટી નરેશભાઇએ કરતાં યુનિવર્સિટીના પીએસઆઇ ડી. બી. કારેથાએ જરૂરી કાર્યવાહી કરી હતી. જાતે જ મોતને ગળે લગાવી લેનારો મનોજ ચાર ભાઇમાં નાનો હતો. તેની પત્નિ કુતુલ અને એક પુત્ર વતનમાં રહે છે. તેના ભાઇ રાજુભાઇએ કહ્યું હતું કે હું તેને સાંજે સતત ફોન કરતો હતો પણ તે ફોન રિસીવ કરતો નહોતો. આથી મેં કાકાના દિકરાને તેના રૂમ પર તપાસ કરવા મોકલતાં મનોજ લટકતો મળ્યો હતો.

રાજુભાઇએ વધુમાં જણાવ્યું હતું કે મારા ભાઇ મનોજને વતનમાં તેની પત્નિ સાથે કોઇ વાતે ફોન પર વાતચીત દરમિયાન ઝઘડો બોલાચાલી થયા હતાં. આ પછી તેને માઠુ લાગી જતાં આપઘાત કરી લીધો હતો. આ બંને બનાવમાં એક સરખા કારણો સામે આવ્યા હતાં. જો કે એકને રૂબરૂમાં પત્નિ સાથે ઝઘડો થયો હતો અને બીજા યુવાનને ફોનમાં ચડભડ થઇ હતી. એ પછી બંનેએ પોતપોતાના રૂમમાં ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. આમ એક સરખા કારણોસર એક જ પ્રકારે આપઘાત કરી લેવાની આ ઘટનાએ ચકચાર જગાવી હતી. આ બનાવોને પગલે બંનેના પરિવારના હર્યાભર્યા માળા વેરવિખેર થઇ ગયા હતાં. ક્રોધ કલેશની આગ માણસને કઇ હદ સુધી લઇ જાય છે તેની આ બંને ઘટના પરથી પ્રતિતી થઇ રહી છે.

મવડીના કેતન ભુવાએ જેને વશમાં કરી લીધી હતી એ યુવતિ પરિવારને મુકીને નીકળી ગયા પછી તેણીને ભાન જ નહોતુંઃ એક વખત પરિવાર ઘરે તેડી આવ્યો પછી ફરીથી કેતન પાસે જ જતી રહી હતી'

# 'પપ્પા આ મને નહિ મુકે, મારા પર કાળા-ધોળા કર્યા છે': કોમલે ઠાલવી હતી વ્યથા

## આપઘાત પુર્વે નર્સિંગની છાત્રાએ કેતન ભુવાના અનહદ ત્રાસની વિગતો પોતાના પિતા-પરિવારને જણાવી હતીઃ તાલુકા પોલીસે આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધ્યોઃ ભુવો કહેતો હું કહું તેમ કરો તો પૈસાનો વરસાદ થશે!

રાજકોટઃ 'પપ્પા હું એકલી પડી ગઇ છું, કેતન સાગઠીયા મને બહુ હેરાન કરે છે, મેં કેતનનો ભરોસો કર્યો છે, તેણે મારો ઉપયોગ કર્યો છે, તેને બીજી વાઇફ છે. તે તેની સાથે વાતો કરે છે. મારી સાથે ખોટુ બોલે છે અને મારી ઉપર કાળાધોળા દોરા કરે છે. મને મુકતો નથી. બહુ જ હેરાન પરેશાન કરે છે'...આ વાત ઝેર પી આપઘાત કરી લેનારી નર્સિંગની છાત્રાએ આપઘાત કર્યો એ પહેલા જ પિતાને પોતાની સાથે જે કંઇ થઇ રહ્યું હતું તેની કથની જણાવી દીધી હતી. ભગવતીપરાની યુવતિ મવડીમાં રહેતાં ભુવાના ત્રાસને કારણે તેણી મરવા માટે મજબૂર થયાનો ગુનો તાલુકા પોલીસે દાખલ કરી ભાગી ગયેલા ભુવાની શોધખોળ શરૂ કરી છે.





કહેવાતા ભુવા ભારાડીઓના અવાર-નવાર પર્દાફાશ થતાં રહે છે. એવા પણ અનેક લેભાગુઓ હોય છે જે કહેવાતી વિધીના બહાને મહિલાઓ, યુવતિઓને ફસાવી તેની સાથે બળજબરી પણ આચરતાં હોય છે. આ વચ્ચે શહેરના ભગવતીપરામાં રહેતી નર્સિંગનો અભ્યાસ કરતી કોમલબેન નામની યુવતિએ મવડી વણકરવાસમાં રહેતાં કેતન ભુવાના ઘરે હોળીની સાંજે ઝેર પી લીધા બાદ સારવારમાં તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટનામાં હત્યાનો આક્ષેપ પરિવારજનોએ કર્યા બાદ પોલીસે મૃતકના પિતાની ફરિયાદ પરથી ભુવા સામે આપઘાતની ફરજ પાડ્યાનો ગુનો દાખલ કર્યો છે. ઘટના બાદ ભાગી ગયેલા ભુવાને શોધી કાઢવા પોલીસે દોડધામ શરૂ કરી છે. આ બનાવમાં તાલુકા પોલીસે આપઘાત કરનાર કોમલબેનના પિતા ભગવતીપરા-૧૨ બાપા સિતારામ મઢુલી સામે રહેતાં ધીરજલાલ ધનજીભાઇ સોલંકીની ફરિયાદ પરથી મવડી ગામ ગેલ પાનવાળી શેરી વણકરવાસ-૩માં રહેતાં અને પોતાને ભુવા તરીકે ઓળખાવતાં કેતન સાગઠીયા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૮ મુજબ કોમલબેનને એકાદ વર્ષથી પોતાની સાથે રાખી અવાર-નવાર મારપીટ કરી ત્રાસ આપી મરવા મજબૂર કરતાં તેણીએ ઝેરી દવા પી આપઘાત કરી લીધાનો ગુનો નોંધ્યો છે.

દિકરી ગુમાવનારા ધીરજલાલ સોલંકીએ જણાવ્યું હતું કે મારે ત્રણ દિકરી અને એક દિકરો છે. જેમાં કોમલેબેન કે જે છવ્વીસ વર્ષની હતી તે મોટી હતી અને નર્સિંગનો અભ્યાસ કરતી હતી. કોમલબેન એક વર્ષ પહેલા મવડી ગામમાં માતાજીના માંડવામાં ગઇ હતી ત્યારે ભુવા તરીકે કેતન સાગઠીયા ત્યાં હતો. ત્યારથી મારી દિકરી તેના પ્રભાવમાં આવી ગઇ હતી. ત્યારે કેતને મારી દિકરીને કહેલુ કે તારા પપ્પા ધીરજલાલ ઉપર મેલીવિદ્યા છે અને તે વહેલા મરી જશે. જેથી મારી દિકરી કોમલબેન આ કેતનમાં વશમાં આવી ગઇ હતી, એ પછી મારી દિકરી કોમલબેનને કેતન કહેતો કે હું જેમ કહું તેમ કરશો તો પૈસાનો વરસાદ થશે. આ બધી વાત મને મારી દિકરીએ કરી હતી. તેણી કેતનના વશમાં આવી ગઇ હતી. છેલ્લા એકાદ વર્ષથી તે અમને કહેતી કે હું ભાડેથી રહુ છું.

પણ અમે તપાસ કરતાં અમારી આ દિકરી કેતન સાઠીયા સાથે મવડી વણકરવાસ-૩માં કેતનના મકાનમાં જ રહેતી હોવાની ખબર પડી હતી. ત્યારબાદ દિકરીના ચાર-પાંચ દિવસે મારી પત્નિ પર ફોન આવતા હતાં અને તે કહેતી હતી કે કેતન મમને મારે છે, હેરાન પરેરાશન કરે છે. એ પછી આજથી દસકે મહિના પહેલા મારી દિકરીએ કેતનના ત્રાસથી ઝેરી દવા પી લીધી હતી. ત્યારે મને મોબાઇલમાં વ્હોટ્સએપ મેસેજ કર્યો હતો કે-પપ્પા હું એકલી પડી ગઇ છું, કેતન સાગઠીયા મને બહુ હેરાન કરે છે, મેં કેતનનો ભરોસો કર્યો છે, તેણે મારો ઉપયોગ કર્યો છે, તેને બીજી વાઇફ છે. તે તેની સાથે વાતો કરે છે. મારી સાથે ખોટુ બોલે છે અને મારી ઉપર કાળાધોળા દોરા કરે છે. મને મુકતો નથી. બહુ જ હેરાન પરેશાન કરે છે. આથી અમે ત્યારે મારી દિકરીને અમારા ઘરે લઇ આવ્યા હતાં. એ પછી તે તેના મિત્રને ત્યાં જવું છે તેમ કહીને ફરીથી કેતન સાગઠીયા સાથે રહેવા જતી રહી હતી. ત્રણ ચાર મહિના પહેલા ફરીથી દિકરી કોમલબેને મને ફોન કરી કહેલુ કે કેતન બહુ મારકુટ કરે છે અને હેરાન પરેશાન કરે છે. જેથી મારા પત્નિ ભાવનાબેન, મારા ભાભી શારદાબેન, દયાબેન, ભત્રીજી દિવ્યા, ભાવેશ બધા કેતનના ઘરે જઇ તેને સમજાવવા ગયા હતાં.

પણ ત્યારે કેતને અમારી દિકરીને આવવા દીધી નહોતી અને કહેલુ કે તમારી દિકરીને નહિ આવવા દઉ. કેતન મારી દિકરીને સતત મારકુટ કરી હેરાન પરેશાન કરતો હોઇ અને ત્રાસ આપતો હોઇ તેણી મરી જવા માજબુર થઇ હતી અને હોળીની સાંજે ઝેરી દવા પી લીધા બાદ સારવારમાં મોત થયું હતું. તેમ વધુમાં ધીરજલાલ સોલંકીએ જણાવતાં પીઆઇ ડી. એમ. હરિપરાની રાહબરીમાં એએસઆઇ જી. કે. પરમારે ગુનો નોંધતા વધુ તપાસ પીએસઆઇ કે. એચ. કારેણાએ આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી. આ ઘટનાએ વધુ એક વખત એવા લોકો સામે લાલબત્તી ધરી છે જે કહેવાતા ભુવાઓની વાતમાં આવી ફસાઇ જતાં હોય છે.

---

નજીકના રંગ ઉપવન પાસે દારૂડીયા, નશેડીઓના અડ્ડા જામતા હોવાની વચ્ચે હથીયાર પકડાતાં ફફડાટ

# મઢી પાછળના શિવપરાનો ઈસ્માઈલ તમંચા-કાર્ટીસ સાથે ઝડપાયો

## શહેર એસઓજીએ છોટુનગર કોમ્યુનિટી હોલ પાસેથી દબોચ્યોઃ યુપી કનેક્શન ખુલતાં તપાસઃ હથીયાર બતાવી માથાકુટ કર્યાની ચર્ચા




રાજકોટઃ શહેરમાં ગેરકાયદે હથીયારો રાખીને ફરતાં અને બીજા લુખ્ખા તત્વોને કાયદાનું ભાન કરાવવા પોલીસ સક્રિય થઇ છે. આ દરમિયાન શહેર એસઓજીએ વધુ એક વખત ગેરકાયદેસર હથીયાર સાથે એક શખ્સને પકડી લીધો છે. શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી પાછળ છોટુનગર કોમ્યુનિટી હોલ સામે રહેતાં શિવપરા-૩માં રહેતાં તેત્રીસ વર્ષના ઇસ્માઇલ બસીરભાઇ અલાણા નામના શખ્સને શહેર એસઓજીએ તેના ઘર નજીક લીમડાના ઝાડ નીચેથી દેશી બનાવટના પાંચ હજારની કિંમતના તમંચા અને ત્રણ જીવતા કાર્ટીસ સાથે દબોચી લીધો છે. આ શખ્સની વિશેષ પુછપરછ કરવાની હોઇ રિમાન્ડ મેળવવા તજવીજ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો એસઓજીની ટીમ સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ કરી ગેરકાયદે હથીયાર ધરાવતાં શખ્સોને શોધવાના કામે લાગી હતી ત્યારે હેડકોન્સ. ફિરોઝભાઇ રાઠોડ અને દિગ્વીજયસિંહ ગોહિલને બાતમી મળતાં છોટુનગર કોમ્યુનિટી હોલ સામે જ રહેતાં અને નોનવેજનો ધંધો કરતાં ઇસ્માઇલ અલાણાને તમંચા-કાર્ટીસ સાથે પકડી લીધો હતો. પુછતાછમાં તેણે રટણ કર્યુ હતું કે પોતાને માથાકુટ ચાલતી હોવાથી યુપી તરફથી આ હથીયાર મંગાવ્યું હતું. જો કે તેની વાતમાં કેટલુ સત્ય છે? તેની તપાસ હવે પછી થશે. આ શખ્સ અગાઉ જુનાગઢમાં રાયોટીંગ, જાહેરનામા ભંગના ગુનાઓમાં પકડાયો હતો. વધુ કોઇ ગુના તેના નામે છે કે કેમ? તેની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ શખ્સે આ હથીયારનો ઉપયોગ કરી બે ત્રણ દિવસ પહેલા કોઇ સાથે માથાકુટ કર્યાની પણ ચર્ચા છે. જો કે આ મામલે કોઇ ફરિયાદ દાખલ થઇ નથી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી બી. બી. બસીયાની સુચના અંતર્ગત એસઓજી પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ એમ. બી. માજીરાણા, હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા, મૌલિકભાઇ સાવલીયા, દિગ્વીજયસિહ ગોહિલ, ફિરોઝભાઇ રાઠોડ, ઉપેન્દ્રસિંહ ઝાલા અને કોન્સ. હાર્દિકસિંહ પરમારે આ કામગીરી કરી હતી. વધુ તપાસ માટે રિમાન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અગાઉ પણ એસઓજીએ ગેરકાયદે હથીયારો, માદક પદાર્થો પકડી લેનારી એસઓજીની ટીમે વધુ એક વખત આવા હથીયાર સાથે એક શખ્સને દબોચ્યો છે.

ઉલ્લેખનીય છે કે જ્યાંથી પોલીસે ગેરકાયદે તમંચા, કાર્ટીસ સાથે એક શખ્સને પકડ્યો ત્યાંથી નજીકમાં જ રંગ ઉપવન સોસાયટીના પ્રવેશદ્વારે સતત દારૂડીયાઓનો ત્રાસ વધી ગયો છે. અહિ રોજબરોજ નશેડીઓ આળોટતા નજરે પડે છે. ત્યારે હવે નજીકમાંથી જ તમંચા કાર્ટીસ સાથે શખ્સ પકડાતાં અને તે મટન-માંસની દૂકાન પાસે જ રહેતો હોઇ અહિથી મુખ્ય માર્ગ પરથી અવર-જવર કરનારા લોકોમાં ફફડાટ ફેલાઇ ગયો છે. પોલીસ મહાનગર પાલિકા આ દૂષણ કાયમને માટે દૂર કરે તેવી માંગણી લોકોમાં થઇ રહી છે.

---

# માઈન એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન બાબતે વિધાનસભામાં પ્રશ્નોત્તરી કરતા સંસદ રામભાઈ મોકરીયા

## ખનિજોની હરાજીથી અનેક મુખ્ય ફાયદાઓ : ખાણમંત્રી જી. કિશન રેડ્ડી

માઈન એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન બાબતે ચાલુ સત્ર દરમિયાન રાજ્યસભાના સંસદસભ્ય રામભાઇ મોકરીયાએ કેન્દ્રના અને ખાણમંત્રીને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

જેમાં એમએમડીઆર સુધારા અધિનિયમ, ૨૦૨૩ના સ્થાનિક સમુદાયો અને ઉદ્યોગો પર અપેક્ષિત આર્થિક અસર, આ કાયદામાં રજૂ કરાયેલી નવી જોગવાઈઓની અસરકારકતાનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવા માટે કેવા પગલાં લેવામાં આવે છે ? વિગેરે પ્રશ્નનો સમાવેશ થાય છે.

રામભાઈ મોકરિયા દ્વારા પુછાયેલા આ પ્રશ્નોના જવાબ આપતા કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ જણાવ્યું હતું કે,



કેન્દ્ર સરકારે દેશમાં મહત્વપૂર્ણ અને ઊંડાણવાળા ખનીજોના સંશોધન અને ખાણકામને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી ૧૭.૦૮.૨૦૨૩થી અમલમાં આવતા માઈન એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન સુધારા અધિનિયમ, ૨૦૨૩ દ્વારા ખાણ અને ખનીજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ માઈન એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૫૭માં સુધારો કર્યો છે.

આ સુધારા અનુસાર, સુધારાની જોગવાઈઓને અમલમાં મૂકવા માટેનો ગૌણ કાયદો પણ સૂચિત કરવામાં આવ્યો છે. તેઓએ એવું પણ જણાવ્યું હતું કે, મહત્વપૂર્ણ ખનિજોની હરાજીથી અનેક મુખ્ય ફાયદાઓ થાય છે, જેમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું, આયાત પર નિર્ભરતા ઘટાડવી, ટકાઉ સંસાધન વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવું, ખાણકામ ક્ષેત્રમાં રોકાણ આકર્ષવું અને ભારતના ઔદ્યોગિક અને તકનીકી પ્રગતિ માટે મહત્વપૂર્ણ મુખ્ય ઉદ્યોગોનો વિકાસ શામેલ છે.

આ ખનિજોની વિશ્વસનીય સપ્લાય ચેઇન બનાવવા અને 'આત્મનિર્ભર ભારત' બનાવવા તરફનું એક પગલું છે અને ખાણકામ ક્ષેત્રમાં આર્થિક વિકાસ અને રોજગારમાં વધારો કરવામાં ફાળો આપે છે. આ ખનિજો ઓછા કાર્બન અર્થતંત્ર તરફ સંક્રમણને શક્તિ આપવા અને ૨૦૭૦ સુધીમાં ભારતની 'નેટ ઝીરો' અત્યાર સુધીમાં કેન્દ્ર સરકારે ચાર તબક્કામાં ૨૪ મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની સફળતાપૂર્વક હરાજી કરી છે. હરાજીની સફળતા માઈન એન્ડ મિનરલ્સ ડેવલોપમેન્ટ રેગ્યુલેશન કાયદામાં રજૂ કરાયેલી નવી જોગવાઈઓની અસરકારકતાનો પુરાવો છે. પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા માટે જરૂરી નવીનીકરણીય તકનીકો માટે પણ મહત્વપૂર્ણ હોવાનું ખાણ મંત્રીએ જણાવ્યું હતું.

---

# સણોસરાના યુવાનને તાવ ભરખી ગયો

### રાજકોટ બસ સ્ટેશનમાં તબિયત લથડ્યા બાદ મૃત્યુ



રાજકોટઃ તાવથી એક યુવાનનું મોત થયું છે. રાજકોટના સણોસરા ગામે ટેક્સાબીલ કંપની નજીક રહેતો પચ્ચીસ વર્ષનો શૈલેન્દ્રકુમાર અવધબિહારી શાહોને રાતે રાજકોટ એસટી બસ સ્ટેશન પ્લેટફોર્મ નં. ૨ પાસે માધવ દર્શન હોટલ નજીક હતો ત્યારે તબિયત બગડતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફ દ્વારા એ-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. શૈલેન્દ્રકુમાર મુળ એમપીનો વતની હતો અને બે ભાઇ તથા એક બહેનમાં નાનો હતો. તાવથી મૃત્યુ થયાનું ખુલ્યું હતું.

---

મવડી ચાલીસ ફુટ રોડ પર અઠવાડીયા અગાઉ બનેલી ઘટનાનો ભેદ સીસીટીવી પરથી ઉકેલાયો

# રહસ્યના આટાપાટાઃ નંબર વગરની કારના ચાલકે મહિલાને ઉલાળ્યાઃ ઈરાદો શું?

## હત્યાનો પ્રયાસ થયો એવુ કહ્યા પછી મહિલાએ ફરિયાદ નોંધાવવા ઈન્કાર કરતાં ભેદ વધુ ઘેરો બન્યોઃ પોલીસે ખાનગીમાં તપાસ શરૂ કરી







રાજકોટઃ શહેરમાં વાહન અકસ્માત, હિટ એન્ડ રનની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન એક રહસ્ય જગાવતી ઘટના સામે આવી છે. અઠવાડીયા પહેલા મવડી ચાલીસ ફુટ રોડ પર એક મહિલાને પાછળથી વાહનનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. જેના કારણે તેમને હાથમાં ગંભીર ઇજા પહોંચી હતી. હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ આ બનાવના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. નંબર વગરની કારનો ચાલક આ મહિલા ચાલીને જતાં હોઇ પાછળથી આવી કાવો મારી તેમને ઠોકરે લઇ ભાગી જતો ફુટેજમાં દેખાતાં મહિલાએ પોતાને મારી નાખવાના ઇરાદે આ અકસ્માત થયાની વિગતો કહી હતી. જો કે થોડી જ વાર બાદ પોલીસ ફરિયાદ નોંધવા પહોંચતા તેણીએ ફરિયાદ નોંધાવી નહોતી!

વિગતો જોઇએ તો શહેરના મવડીના ચાલીસ ફુટ રોડ પર એક ભેદભરમ સર્જતી ઘટના બની છે. ગત નવમી માર્ચના રોજ ચાલીને જઇ રહેલા મહિલાને નંબર વગરની એક કારના ચાલકે કાવો મારીને પાછળથી ઠોકરે ચડાવી ઉડાવી દીધા હતાં અને ભાગી ગયો હતો તે પ્રકારના સીસીટીવી ફુટેજ વાયરલ થતાં તાલુકા પોલીસ ભોગ બનનાર મહિલાની ફરિયાદ નોંધવા પહોંચી હતી. પરંતુ તેણીએ ફરિયાદ નોંધાવવાનો ઇન્કાર કરી દીધો હતો. મવડીની શ્રી હરિ સોસાયટી-૯માં રહેતાં કુંદનબેન કાનજીભાઇ ગોંડલીયા નામના મહિલા નવમી માર્ચના રોજ ચાલીને ૪૦ ફુટ રોડ પર જતાં હતાં ત્યારે પાછળથી કારનો ચાલક ઠોકરે લઇ ભાગી ગયો હતો. આને કારણે તેમને હાથમાં ઇજા થતાં સારવાર માટે દાખલ કરવા પડ્યા હતાં. ઓમ શાંતિ સંસ્થાના કાર્યક્રમમાંથી તેઓ ઘરે જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો.

દરમિયાન તેમને સારવારમાંથી રજા અપાયા પછી કોણે અકસ્માત સર્જ્યો એ જાણવા સીસીટીવી ફૂટેજ ચેક કરતાં તેઓ ચોંકી ગયા હતાં. એક નંબર વગરની કારના ચાલકે તેમને પાછળથી આવી કાવો મારી ઠોકરે લીધાનું અને ભાગી ગયાનું દ્રશ્ય નજરે પડ્યું હતું. કુંદનબેનને કોઇપણ કારણોસર જાણી જોઇને ઉલાળી દેવાનો પ્રયાસ થયાનું આ કારણે જણાવયું હતું. જો કે સીસીટીવી ફુટેજ વાયરલ થતાં તાલુકા પોલીસ તપાસ કરવા અને ફરિયાદ નોંધવા આ મહિલાના ઘરે પહોંચી હતી. પરંતુ તેમણે પોતાને કોઇ ફરિયાદ કરવી નહિ હોવાનું કહ્યું હતું. પોલીસે જો કે ખાનગીમાં તપાસ યથાવત રાખી છે. તસ્વીરમાં ચાલીને જઇ રહેલા મહિલાને કઇ રીતે કારનો ચાલક પાછળથી ઉલાળી દે છે અને ભાગી જાય છે તે જોઇ શકાય છે. ઇન્સેટ તસ્વીર ઘવાયેલા મહિ કુંદનબેન ગોંડલીયાની છે. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે. એક સમયે મિડીયા સમક્ષ પોતાની હત્યાનો પ્રયાસ થયાનું કહેનારા આ મહિલાએ બાદમાં ફરિયાદ નોંધાવવાનું ટાળી દેતાં ઘટનાનું રહસ્ય વધુ ઘેરૂ બન્યું છે. પોલીસે પોતાની રીતે ખાનગીમાં આ કારચાલકને શોધી કાઢવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ઘટનાના વિડીયો ભારે વાયરલ થયા હતાં.

પોલીસ વડાએ સો કલાકમાં ગુનેગારો પર કડક પગલા લેવાનો આદેશ આપતાં પોલીસ કમિશનરના માર્ગદર્શનમાં તૈયાર થઇ યાદી

# રંગીલા રાજકોટમાં ૭૫૬ અસામાજીકોઃ લિસ્ટ તૈયાર

## ગમે ત્યારે આકરા પગલાની કાર્યવાહીઃ હદપાર, પાસા, ગેરકાયદે મિલ્કતો તોડી પાડવા સહિતની કામગીરીને અપાશે અંજામ







રાજકોટઃ સમગ્ર રાજ્યમાં અસામાજીક તત્વો છાસવારે કાયદો વ્યવસ્થાને પડકાર ફેંકી પોલીસ ઉપર પણ હુમલા કરતાં થઇ ગયા હોઇ આવા તત્વોને ભરી પીવા રાજય સરકારે છુટોદોર આપતાં રાજયના ગૃહમંત્રી અને પોલીસ વડા દ્વારા તાજેતરમાં રાજયની કથળેલી કાયદો વ્યવસ્થાની સ્થિતિને કાબુમાં લેવા કડકમાં કડક પગલા લેવાના આદેશો કરતાં જ શહેરભરની પોલીસ આવા તત્વોને વીણી વીણીને કાયદાનું ભાન કરાવી રહી છે. બીજી તરફ આવા તત્વો બીજી વખત અપરાધ કરતાં વીચાર કરે તે પ્રકારના પગલા એટલે કે આવા તત્વોની ગેરકાયદે મિલ્કતો પર બુલડોઝર ફેરવી દેવાના પગલા લેવા સુધીની કાર્યવાહી શરૂ થઇ ગઇ છે. સો કલાકમાં આવા તત્વોના લિસ્ટ તૈયાર કરવાની સુચના મળી હોઇ રાજકોટ શહેર પોલીસે આવા ૭૫૬ અસામાજીકોનું લિસ્ટ બનાવી લીધુ છે અને ગૃહવિભાગને યાદી આપી દીધી છે. આ તમામ સાથે આગામી સમયમાં કડક કાર્યવાહીનો આરંભ થશે તે નક્કી છે.

અસામાજીકો, ગુનેગારો ઉપર પોલીસની પકકડ મજબુત બનાવવા અને લોકોને સલામતીનું વાતાવરણ બક્ષવા સો કલાકમાં કડક કાયદાકીય કાર્યવાહીના આદેશો સંદર્ભે રાજકોટ શહેરમાં વારંવાર જુદા જુદા ગુન્હાઓ આચરતા ૭૫૬ ગુન્હેગારોનું હિટલીસ્ટ પોલીસ કમિઁર બ્રજેશકુમારના માર્ગદર્શન હેઠળ તૈયાર કરી લેવામાં આવ્યું છે. આગામી દિવસોમાં આ અસામાજીકો અને ગુન્હેગારો સામે હદપાર, પાસા અને ગેરકાયદે જમીન-મકાનના દબાણો હટાવવા જુદા જુદા વિભાગો સાથે મળી પગલા લેવામાં આવશે તેમ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ જણાવ્યું હતું. આ પગલા સુરત, અમદાવાદ સહિતના સ્થળોએ લેવાનું ચાલુ થઇ ગયું છે. હવે રાજકોટમાં પણ આવી કાર્યવાહી ગમે ત્યારે શરૂ થવાની હોઇ ગુનાહિત ઇતિહાસ ધરાવનારાઓમાં ફફડાટ વ્યાપી ગઇ છે.

વારંવાર ચોરી, લુંટ જેવા મિલકત વિરોધી ગુન્હાઓ આચરતા ૨૨૧, જાહેરમાં શરીરસબંધી ગુન્હાઓ જેવા કે હુમલાઓ અને મારકુટ આચરતા ૩૬ ગુન્હેગારો, વારંવાર ધાક-ધમકીઓ અને ખંડણી ઉઘરાવાના ગુન્હાઓ આચરતા ૧૧, ગેરકાયદે દારૂ ની પ્રવૃતિના અસંખ્ય ગુન્હાઓ આચરનાર ૩૦૧ આરોપી ઉપરાંત વારંવાર જુગાર રમતા-રમાડતા ઝડપાયેલા ૫૭ અને અન્ય ગુન્હાઓમાં સંડોવાયેલ ૧૩૦ જેટલા ગુનેગારની છાપ ધરાવતાં શખ્સો આ નામની યાદીમાં સામેલ છે. ક્રાઇમ બ્રાંચના ડીસીપી ડો. પાર્થરાજસિંહ ગોહીલ, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી જગદીશ બાંગરવા સહીતના અધિકારીઓ અને પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ દ્વારા ઉપરોકત ગુન્હેગારો સામે કાર્યવાહી કરવા જુદી જુદી ટુકડીઓની રચના કરવામાં આવી છે. આ ટુકટીઓ દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે અને ગમે ત્યારે આગળની કામગીરીને અંજામ આપવા તેઓ આગળ વધશે તેમ જાણવા મળે છે.

---

ભાજપ અગ્રણી ઇલ્યાસખાન અને તેના પુત્રની હત્યાના ડબલ મર્ડર કેસમાં

# સાજીદ-અબ્બાસ કચરાને આજીવન કેદ : ૧૧ લાખનો દંડ

## ૧૨ મીએ કોર્ટે અબ્બાસ કચરા અને સાજીદ કચરાને કસુરવાર ઠેરવ્યા હતા

## આજે સજા અંગે બંને પક્ષોની દલીલો પુરી થતા કોર્ટ સંભળાવી સજા

રાજકોટ મિરર, તા.૧૯

શહેરના રૈયા રોડ સુભાષનગરમાં રહેતા ભાજપના આગેવાન, લઘુમતી અગ્રણી અને હજ કમિટીના નેશનલ મેમ્બર ઇલ્યાસખાન પઠાણ તથા તેના પુત્ર આસીફની ઘરમાં ઘુસીને અંધાધૂધ ગોળીબાર કરી હત્યા કરવાના ૧૦ વર્ષ પહેલાના ચકચારી ડબલ મર્ડર કેસમાં સેશન્સ અદાલતે બે આરોપી અબ્બાસ અનવરભાઇ કચરા અને સાજીદ હુશેનભાઇ કચરાને અગાઉ તકસીરવાર ઠરાવી આજે સજા સંભળાવી હતી. જેમાં બંનેને આજીવન કેદ તેમજ રૂ. ૧૧ લાખનો દંડનો હુકમ થયો છે.

આ કેસની હકીકત મુજબ રૈયા રોડ પર સુભાષનગર શેરી નં.૯માં રહેતા ઇલ્યાસખાન પઠાણના ઘરમાં ૨૨ ઓગષ્ટ, ૨૦૧૫ના શનિવારે રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં ઘૂસી ગયેલા કચરા પરિવારના સભ્યોએ અંધાધૂંધ ગોળીબાર કરી છરી, ધોકાથી હૂમલો કર્યો હતો.

કચરા પરિવાર અને પઠાણ પરિવાર વચ્ચે થયેલી સશસ્ત્ર અથડામણમાં ભાજપ અગ્રણી અને હજ કમિટીના નેશનલ સભ્ય ઇલ્યાસખાન પઠાણ તથા તેના આસીફને ગંભીર ઇજા થઇ હતી. મોટા પુત્ર આરીફને પણ છરીના ઘા મરાયા હોવાથી ત્રણેયને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. સામા પક્ષે અબ્બાસ અનવભાઇ કચરાને પણ ગંભીર ઇજા થઇ હતી.

હુમલામાં ઘવાયેલા લઘુમતી આગેવાન ઇલ્યાસખાન અને તેના પુત્ર આસિફની સારવાર કારગત ન નિવડતા બંનેના મૃત્યુ થતાં બનાવ બેવડી હત્યામાં પલટાયો હતો. પોલીસે સ્થળ પરથી રિવોલ્વર, પિસ્ટલ, છરી, ધોકો, બાઇક અને ફૂટેલા કારતૂસના ખોખા કબ્જે કર્યા હતા.

આ બનાવમાં ઇલ્યાસખાનના પુત્ર આરીફે જે તે વખતે ફરિયાદમાં અબ્બાસ અનવરભાઇ કચરા અને સાજીદ ઉર્ફે મોહસીન હુશેનભાઇ કચરા સહિત પાંચથી છ શખ્સો વિરૂધ્ધ ડબલ મર્ડર તેમજ હત્યાની કોશિશનો ગુનો નોંધાવ્યો હતો તેમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસ ચાલી જતાં અદાલતે બન્ને આરોપી અબ્બાસ અનવરભાઇ કચરા તથા સાજીદ હુશેનભાઇ કચરાને હત્યાના ગૂનામાં અગાઉ ૧૨મી માર્ચે તકસીરવાર ઠેરવ્યા હતા અને સજાની સુનાવણી આજે ૧૯મીએ રાખી હતી.

દરમિયાન આજે સજાની સુનાવણી કરીને કોર્ટે બંનેને આજીવન કેદની સજા અને રૂ. ૧૧ લાખનો દંડ ફટકાર્યો હતો. સજાના હુકમની કાર્યવાહી દરમિયાન સ્પે.પીપી.ચેતનભાઇ શાહ (અમદાવાદ) અને આસિસ્ટન્ટ તરીકે હિરેન પટેલ રોકાયા હતા

---

આંગળીના ટેરવે ઉપલબ્ધ ઇન્ટરનેટ-સોશિયલ મિડીયાની સુવિધાનો વધુ એક વખત દુરૂપયોગ

બાવીસ વર્ષના વડાળીના શખ્સને આજીડેમ પોલીસે સાણસામાં લીધોઃ કેટરર્સના કામમાં ભેગી થયા પછી સોશિયલ મિડીયાથી ફસાવી

# તેર વર્ષની છાત્રાને ફસાવી અપહરણ, સીમમાં લઇ જઇ બળાત્કાર

રાજકોટઃ રાજ્યભરમાં એવા હવસખોર લેભાગુઓ હડીયાહડી કરી રહ્યા છે જે દેખીતી રીતે કોઇની નજરે આવતાં નથી. પણ આવા શખ્સો પોતાનો શિકાર શોધવા કોઇપણ હદ સુધી જતાં હોય છે. રાજકોટ શહેરમાં એક ચોંકાવનારી અપહરણ-દૂષ્કર્મની ઘટના સામે આવી છે જેમાં તેર વર્ષની એક બાળાને સોશિયલ મિડીયાથી ફસાવી તેનું અપહરણ કરી ત્રંબા તરફના વડાળીની વાડીએ લઇ જઇ ઢગાએ દેહ પીંખી નાંખ્યો હતો. બાવીસ વર્ષના આ હવસખોર સામે અપહરણ, બળાત્કાર, પોક્સોનો ગુનો નોંધી આજીડેમ પોલીસે તેને પકડી લઇ હવસખોરી ઉતારી નાખવાની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો અપહરણ-બળાત્કારનો વધુ એક બનાવ જાહેર થયો છે. આ વખતે રાજકોટ આજીડેમ પોલીસે દૂષ્કર્મી સામે કાર્યવાહી કરી છે. મુળ અન્ય રાજ્યના અને હાલ રાજકોટ રહેતાં મજૂર પરિવારની તેર વર્ષની દિકરી કે જે આઠમા ધોરણમાં ભણે છે તેણી કેટરર્સમાં એક વાર કામે ગઇ હોઇ ત્યાં સપર્ક કરી લલચાવી ફોસલાવી સોશિયલ મિડીયા પર વાતચીત કરી બાદમાં વડાળીના બાવીસ વર્ષના શખ્સે ધુળેટીના



બીજા દિવસે ભગાડી જઇ વડાળીમાં વાડીની સીમમાં લઇ જઇ બળાત્કાર ગુજારી લેતાં અને બીજા દિવસે પરત મુકી ભાગી જતાં આજીડેમ પોલીસે ગુનો નોંધી તેને પકડી લીધો હતો. આ ઘટનામાં આજીડેમ પોલીસે ભોગ બનનાર બાળાના પિતાની ફરિયાદ પરથી ત્રંબાના વડાળીના જયેશ રણછોડભાઇ સાપરા વિરૂધ્ધ અપહરણ, બળાત્કાર, પોક્સો હેઠળ ગુનો નોંધ્યો છે. વધુ માહિતી મુજબ ફરિયાદી હાલ રાજકોટ રહી મજૂરી કરે છે. તેની તેર વર્ષની દિકરી એકાદ વખત કેટરર્સમાં કામે ગઇ હતી. એ વખતે તેણીને વડાળીના જયેશ સાપરાએ વાતચીતના બહાને મોબાઇલ નંબર આપી ફસાવી હતી.

ત્યારપછી સોશિયલ મિડીયા થકી વાતો ચાલુ કરી હતી. ધોરણ-૮માં અભ્યાસ કરતી આ બાળા બાદમાં ધુળેટીના બીજા દિવસે ૧૫મીએ સવારે તેણી પરિક્ષા આપવા ગયા બાદ ગૂમ થઇ ગઇ હતી. શોધખોળ કરવા છતાં પરત ન આવતાં પોલીસમાં ગૂમની નોંધ કરાઇ હતી. આ પછી એવી ખબર પડી હતી કે તે વડાળીના કોઇ જયેશ સાથે ફોનમાં વાત કરતી હતી. પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. એ દરમિયાન બીજા દિવસે સવારે તેણી ઘરે આવી હતી. પરિવારજનોએ પૃછા કરતાં તેસમગ્ર હકિકત જણાવી હતી. તેણીને આજીડેમ ચોકડી નજીકથી રિક્ષામાં બેસાડી જયેશ પહેલા બગીચામાં લઇ ગયો હતો. બાદમાં વડાળીની સીમમાં વાડીએ લઇ જઇ ત્યાં એક રાત રોકાઇ તેણી સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું.

આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજા, પીએસઆઇ સી. એચ. પઢેરીયા, રાઇટર લક્ષમણભાઇ મકવાણા, મેરૂભા ઝાલા સહિતે ગુનો દાખલ કરી આરોપીને સકંજામાં લીધો છે. તે ખેત મજૂરી કરે છે અને કુંવારો છે. પોલીસે આ શખ્સની હવસખોરી ઉતારી નાખવા કાર્યવાહી હાથ ધરી હતી. ગમે તેની સાથે સોશિયલ મિડીયામાં મિત્રતા બાંધતા પહેલા કે બીજા સંબંધો વધારતાં પહેલા વિચાર કરવો ખુબ જરૂરી છે. આ ઘટના વધુ એક વખત લાલબત્તી ધરી રહી છે.

---

દવાખાનાના કામ માટે પચાસ હજાર લીધા એમાંથી પાંચ કાપીને દીધાઃ પછી સતત ઉઘરાણી ધમકીનો દોર અજમાવ્યો

# યુવાનને મિત્રએ જ વ્યાજખોરીમાં ફસાવ્યો, બીજા શખ્સ સાથે મળી પઠાણી ઉઘરાણી

## કોઠારીયા રોડ જુના ગણેશનગરમાં રહેતાં યુવાનની FIR પરથી આજીડેમ પોલીસે બે આરોપીઓની શોધખોળ શરૂ કરી




રાજકોટઃ વ્યાજંકવાદને ડામવાના પોલીસના પ્રયાસો વચ્ચે વધુ એક વ્યાજખોરીને લગતો બનાવ સામે આવ્યો છે. જેમાં એક યુવાનને તેના જ મિત્રએ વ્યાજખોરીમાં ફસાવી પછી મિત્ર સહિત બે જણાએ પઠાણી ઉઘરાણી ચાલુ કરી ધાધમકીઓ આપવાનું ચાલુ કરતાં આ યુવાનને પોલીસની મદદ લેવા જવું પડચું હતું. આ મામલે પોલીસે બે શખ્સો સામે એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે.

વિગતો પર નજર કરીએ તો વ્યાજખોરીનો વધુ એક ગુનો દાખલ થયો છે. જેમાં કોઠારીયા રોડ પર રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં યુવાનને દવાખાનાના કામ માટે જરૂર હોઇ મિત્ર મારફત એક શખ્સ પાસે પિતાનું ટુવ્હીલર ગીરવે મુકી દસ ટકા વ્યાજે નાણા લીધા બાદ મિત્ર અને વ્યાજે આપનાર બંને સતત પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપતાં હોઇ પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ જુના ગણેશનગર-૮માં વેલનાથ નિવાસ ખાતે રહેતાં ભાવીક કિરણભાઇ સિતાપરા નામના ત્રેવીસ વર્ષની ફરિયાદ પરથી શિવરાજસિંહ પરમાર અને દર્પણ પાનસુરીયા વિરૂધ્ધ વ્યાજખોરીનો ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે. જેમાં દર્પણ તેનો મિત્ર છે. ભાવીક સિતાપરા પરિવાર સાથે રહે છે અને સોરઠીયા વાડી સર્કલ પાસે શ્રીરામ ટ્રાવેલ્સમાં ફોરવ્હીલનું ડ્રાઇવીંગ કરે છે.

આગળ જણાવાયું છે કે ભાવીકના પિતા કિરણભાઇ શિવાભાઇ સિતાપરા ઇમીટેશનનું કામ કરે છે. ભાવીકે વિગતો આપતાં કહ્યું હતું કે મારે દવાખાનાના કામ માટે તેમજ બીજા માણસોને રૂપિયા આપવાના હોઇ જેથી ૧૭/૧ના રોજ સાંજે છએક વાગ્યે મારા મિત્ર દર્પણ પાનસુરીયાને ફોન કરી કહેલુ કે મારા પિતાના નામે જીજે૦૩એનએલ-૧૨૯૩ નંબરનું એક્સેસ-૨૦૨૪ મોડેલનું છે તે ગીરવે મુકી ૫૦ હજાર લેવા છે. જેથી તેણે મને હુડકો ચોકડી ખોડિયાર ટેકરી નજીક રહેતાં શિવરાજસિંહ પરમારને મળી લેવાનું કહેતાં હું રાજકોટ અમદાવાદ હાઇવે પર સર્વિસ રોડ પર ગયો હતો. જ્યાં શિવરાજસિંહ અને દર્પણ આવ્યા હતાં. આ વખતે શિવરાજસિંહે મને ૪૫ હજાર રોકડા આપ્યા હતાં અને ૧૦ ટકા વ્યાજના ૫ હજાર કાપી લીધા હતાં. તેમજ એક્સેસ વાહનની આરસી બૂક માંગી હતી.

જે મારી પાસે ન હોઇ દર્પણ સાથે સમજી લેવાનું કહ્યું હતું. હું રૂપિયા લઇને નીકળી ગયા બાદ શિવરાજસિંહને બે અઠવાડીયાનું વ્યાજ ૫ હજાર તેના ગૂગલ પેથી આપ્યુ હતું. તેમજ દર્પણને રૂા. ૫૦૦ અલગથી ગૂગલ પેથી આપ્યા હતાં. આ પછી શિવરાજસિંહે મને અને મારા પિતાને ફોન કરી વ્યાજની કડક ઉઘરાણી ચાલુ કરી ગાળો દેવાનું ચાલુ કર્યુ હતું. તેમજ મારા પિતાને જો રૂપિયા નહિ આપો તો મારી નાખીશ તેવી ધમકી આપી દબાણ કર્યુ હતું.

હું ટ્રાવેલ્સમાં ડ્રાઇવીંગ કરતો હોઉ બહારગામ નીકળી ગયો હતો. શિવરાજસિંહે મારી પાસે પઠાણી ઉઘરાણી કરતાં બીકને લીધે ઘરે પણ આવતો નહોતો. બાદમાં દર્પણે પણ મારા પિતાને ફોન કરી શિવરાજસિંહને રૂપિયા આપી દેવા દબાણપ કર્યુ હતું. છેલ્લે ત્રણ ચાર દિવસથી તે સતત ઘરે આવી હેરાન કરતો હતો. અંતે અમે ફરિયાદ નોંધાવવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં ભાવીકે કહેતાં આજીડેમ પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. જાડેજાના માર્ગદર્શનમાં પીએસઆઇ જે. જી. રાણાએ એફઆઇઆર દાખલ કરી આરોપીને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

---

# માનહાનીની નોટિસને અવગણતા ચેમ્બર પ્રમુખ વૈષ્ણવ

કોંગી આગેવાન દ્વારા બદઈરાદાથી ફરિયાદ કરાઈ હોવાનું જણાવતા વી.પી.વૈષ્ણવ સામે કરી અરજી

રાજકોટ મિરર, તા.૧૯

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈશ્નવ પર હાલ સંકટના વાદળો ઘેરાયા છે. કારણ કે યાજ્ઞીક રોડ પર આવેલા તેની મિલકત પર જે ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે તેમાં મહાનગર પાલિકાના સીટી એન્જીનીયર દ્વારા ક્યાંક ને ક્યાંક કૂણું વલણ અપનાવવા આવી રહ્યું હોવાનું હાલ તજજ્ઞો જણાવી રહ્યા છે ત્યારે કોંગ્રેસના કૃષ્ણદત્ત રાવલ દ્વારા આ અંગે જ્યારે ખૂલાસો માંગવામાં આવ્યો ત્યારે વી.પી.વૈષ્ણવ દ્વારા કહેવામાં આવ્યું કે, કોંગ્રેસના નેતાઓ દ્વારા બદઈરાદાથી ફરિયાદ કરવામાં આવી છે. ત્યારે કોંગી નેતાએ ચેમ્બરના પ્રમુખ સામે માનહાનીના દાવાની ફરિયાદ કરી હોવાનું હાલ સુત્રો જણાવી રહ્યા છે. પરંતુ સૌથી મોટો ચર્ચાનો વિષય એ જ બન્યો છે કે જ્યારે કોંગી નેતા દ્વારા આ અંગે જ્યારે નોટીસ વી.પી.વૈષ્ણવને તેમના નિવાસ સ્થાને, તેમના કાર્યસ્થાને મોકલવામાં આવી તો એક પણ જ્ગ્યાએ તે નોટીસનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો, એટલુજ નથી કોંગી નેતા દ્વારા રજીસ્ટર એડી મારફતે પણ નોટીસ બજાવવામાં આવી તો પણ સ્વીકારવામાં આવી ન હતી. ક્યા કારણોસર નોટીસ સ્વીકારવામાં આવતી નથી તેને લઈને વી.પી.વૈષ્ણવ સમક્ષ અનેકવિધ સવાલો ઉભા થઇ રહ્યા છે સામે ખુદ વી.પી. વૈષ્ણવ કઈ બોલવા જાણે તૈયાર જ ન હોય તેવું ચિત્ર સામે આવ્યું છે.

---

# આજ તો જવા દઉં છું રૂપિયા નહિ આપે તો જાનથી મારી નાખીશું

## નવયુગપરાના યુવાન પર ૨ શખ્શોનો હુમલો : એ ડીવીજન પોલીસમાં ગુન્હો

રાજકોટ મિરર તા.૧૯

શહેરના જૂની જેલ પાસે રહેતા યુવાનને ૬૦ હજાર ઉછીના લીધા બાદ બે શખ્શોએ છરી અને ધોકા વડે હુમલો કરતા પોલીસે બંને શખ્શો સામે કાયદેસર કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જૂની જેલ, નવયુગપરા શેરી નંબર સાતમાં રહેતા કરણભાઈ દિનેશભાઈ સિંધવ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે બે મહિના પહેલા આર્થિક તંગીના લીધે પૈસાની જરૂરિયાત ઊભી થતા તેમના ઘર પાસે રહેતા તેમના સમાજના નીતિનભાઈ મુછડિયાના સંપર્કમાં આવ્યા હતા અને તેમના પાસેથી રોકડા ૬૦,૦૦૦ ઉછીના લીધા હતા.

નીતિનભાઈ તે પૈસા બાબતે વારંવાર તેના નાના ભાઈ આનંદભાઈ ઉર્ફે કાળુ રવજીભાઈ મુછડીયા સાથે રહેણાંક મકાન પાસે આવી જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા. જેથી કરણભાઈએ ૧૦૦ નંબરને કોલ કરી આ વાતની જાણ કરતા નીતિનભાઈ અને આનંદભાઈ ત્યાંથી નાસી છૂટ્યા હતા. ત્યારબાદ પી.સી.આર વાન આવી છતાં તેમણે પોલીસની મદદથી જરૂરિયાત ન હોવાથી તેમને ના પાડી હતી. થોડા સમય બાદ નીતિનભાઈ અને આનંદભાઈ તેના હસ્તકની એક બાઈક લઈને તેમના રહેણાંક મકાનમાં આવેલા ત્યારે નીતિનભાઈના હાથમાં છરી તેમજ તેમના નાનાભાઈ આનંદભાઈ હાથમાં ધોકો લઈને આવ્યા હતા તે સમયે કરણભાઈ તેમના ઘરથી બહાર ઊભેલા હતા ત્યાં આવી જેમ ફાવે તેમ ગાળા ગાળી કરી અને કરણભાઈ ને કહેવા લાગેલ કે તે મારા ઉપર પોલીસ કેસ કેમ કર્યો તેવું કહીને એકદમ ઉશ્કેલાઈ જઈને નીતિનભાઈએ તેના પાસે રહેલી છરી તેમના બંને હાથ પર ઘા માર્યા હતા. તેમજ આનંદભાઈએ તેના પાસે રહેલ લાકડાના ધોકાથી માર મારી કહ્યું હતું કે આજ તો જવા દઉં છું રૂપિયા નહિ આપે તો જાનથી મારી નાખીશું તેમ કહી નીકળી ગયા હતા અને આનંદભાઈ મૂછડીયા એ ધોકા વડે દિનેશભાઈ સાગઠીયાના નાનાભાઈ અશોકભાઈ સાગઠીયાના રીક્ષામાં નુકસાન પણ કર્યું હતુ જેથી દિનેશભાઈ તુરંત જ ૧૦૦નંબરમાં ફરી પોલીસ બોલાવી હતી અને પોલીસે પહોંચી તે પહેલાં નીતિનભાઈ અને આનંદભાઈ ત્યાંથી નાસી છૂટયા હતા અને પીસીઆર વાન આવી જતા બાબતે ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન ખાતે ગયા હતા. આ બાબતે પોલીસે બંને શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### કાયદો વ્યવસ્થાને કડક બનાવવાના ગૃહમંત્રી-ડીજીપીના આદેશને પગલે થઇ કાર્યવાહી

# બુટલેગર અલ્તાફ સહિત પંદરની ગેરકાયદે મિલ્કતો થશે ધ્વંશ

## SMC એ રાજકોટના 'છઆંગળી' નામના દારૂના મોટા સૌદાગર સહિત રાજ્યભરના બૂટલેગરોની મિલ્કતોની માહિતીનું લિસ્ટ જાહેર કર્યુંઃ ગમે ત્યારે થશે આકરી કાર્યવાહી

રાજકોટઃ રાજયમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને ફાટીને ધૂમાડે ગયેલા ગુનેગારો કાબુમાં આવી જાય એ માટે રાજયના ગૃહમંત્રી અને ડીજીપીએ સો કલાકમાં ગુનેગારો, અસામાજીકો સામે કડક પગલા લેવા આપેલી સુચનાને પગલે રાજયભરની પોલીસ કામે લાગી છે. આ અંતર્ગત સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે પણ પંદર બુટલેગરોની યાદી તૈયાર કરી છે. જેમાં રાજકોટના નામચીન બુટલેગરની છાપ ધરાવતાં અલ્તાફ ઉર્ફે છ આંગળી સહિત પંદર જેટલા ગુનેગારોની ગેરકાયદે મિલ્કો શોધી કાઢી છે. આ મામલે હવે પછી ગુનાઓ દાખલ કરવા ઉપરાંત આવા બાંધકામો તોડી પાડવામાં આવે તેવી પણ તૈયારી થઇ રહી છે.

વિગતો જોઇએ તો રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ડીજીપી વિકાસ સહાય દ્વારા અસામાજીક તત્વો સામે સો કલાકમાં કડક શિક્ષાત્મક કાર્યવાહીના આદેશો સંદર્ભે સ્ટેટ મોનીટરીંગ સેલના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટના પ્રોહીબીશન બુટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી સહિત રાજયના ૧૫ ગુન્હેગારોની ગેરકાયદે મિલ્કતોનો સર્વે કરી ગુન્હાઓ નોંધવા અને ગેરકાયદે બાંધકામો તોડી પાડવા તજવીજ શરૂ થઇ છે. જુગાર, દારૂ, કેમીકલ ચોરી સહિતના ગુન્હાઓમાં અનેક વખત સંડોવાયેલા ૧૫ ગુન્હેગારોની યાદી બનાવી જુદી જુદી ૧૫ ટીમોને કામે લગાડવામાં આવી હતી.

આ દરમિયાન અમદાવાદ અને મહેસાણાના જાણીતા જુગારી ગિરીશ



પરસોતમભાઇ પટેલ ઉર્ફે ટોમી ઉંઝાના મકાન નં. ૪૦, ગ્રીનફીલ્ડ સોસાયટી, સિન્ધુ ભવન રોડ, ફલતેજ, અમદાવાદ ખાતે મંજુરી વગર ગેરકાયદે થયેલું વધારાનું બાંધકામ તેમજ ઉંઝાની ૮૦ ફુટ રોડ ઉપર આવેલી રાધેકૃષ્ણ ચોકડી પાસે ટેર્નામેન્ટમાં મંજુરી વગર થયેલું વધારાનું ગેરકાયદે બાંધકામ શોધી કાઢવામાં આવ્યું હતું. આવી જ રીતે ભરૂચના પ્રોહીબીશન નયન કિશોરચંદ્ર કાયસ ઉર્ફે બોબડાના ભરૂચ ખાતેના બંગલા નં. એએ/૪૬ રવિકુંજન બંગલો, ઝાડેશ્વરની સીમ ખાતે મંજુરી વગર કરેલુ વધારાનું બાંધકામ, અમદાવાદના પ્રોહીબીશન બુટલેગર છારા બાબુ ગુલાબભાઇ રાઠોડ દ્વારા અમદાવાદના સરખેજ સંન્યાસ આશ્રમની બાજુમાં શંકરપુરા છાપરા, કૈલાસનગર, અમદાવાદ ખાતે કાર્યપાલક ઇજનેરશ્રી યોજના વિભાગ-૨ અને ગામતળ સરકાર હસ્તકની જગ્યામાં પતરાની છતવાળુ પાકુ ગેરકાયદે મકાન બાંધી લેવાયુ છે.

અ । ઉપરાંત

અમદાવાદના જ પ્રોહીબીશન બુટલેગર છારા લક્ષ્મણ ઉર્ફે ક્રિષ્ના ગુલાબ રાઠોડ દ્વારા શંકરપુરા ઓવરબ્રીજ પાસે સરખેજ ખાતે કાર્યપાલ ઇજનેરની યોજના વિભાગ-૨ની જગ્યામાં પાકુ મકાન તથા આગળના ભાગે પતરાવાળી કુલ ૬ પાકી દુકાનો ગેરકાયદે બાંધેલી, અમદાવાદના પ્રોહીબીશન બુટલેગર છારા સાવંત નાથુભાઇ દીદાવાલા દ્વારા કુબેરનગર છારા ખાતે બે માળનું ગેરકાયદે મકાન ઉપરાંત અમદાવાદના સેજપુર બોઘા વિસ્તારમાં મહાજન્યા વાસમાં ૩ માળનું મકાન અને મકાનની આગળ પતરાવાળી દુકાન મંજુરી વગર ખડકી દેવામાં આવેલી શોધી કાઢવામાં આવી છે.

તેમજ



અમદાવાદના જ પ્રોહીબીશન બુટલેગર રાજુ રૂપચંદ ક્રિષ્નાની ઉર્ફે ગેન્ડીએ અમદાવાદના સરદારનગર સિંધી કોલોની વિસ્તારમાં ગેરકાયદે ખડકેલું બે માળનું મકાન સરદારનગર વિસતારમાં જ પાણીની ટાંકી સામે ગેરકાયદે મંજુરી લીધા વગર કરેલુ બાંધકામ અને આજ જગ્યાએ ત્રીજુ ટેર્નામેન્ટ ગેરકાયદે બનાવ્યાનું સર્વે દરમિયાન શોધી કઢાયું છે. આ ઉપરાંત અમદાવાદના જાણીતા જુગારી ગોવિંદ ખોડીદાસ પટેલ ઉર્ફે ગામાએ મનપસંદ જીમખાના પ્રાઇવેટ લીમીટેડ, નાના વાઘજીપુરા, દરીયાપુર વાડી જગ્યાના ત્રીજા માળે ગેરકાયદે કરેલું પતરા શેડનું બાંધકામ, કચ્છના દારૂના ધંધાર્થી અશોકસિંહ બાલુભા જાડેજા ઉર્ફે મામા દ્વારા ભચાઉ દરબાર ગઢ પાસે પોતાના બે માળના મકાનમાં જરૂરી મંજુરી-નકશા મેળવ્યા વગર કરેલા ફેરફારો ગેરકાયદે હોવાનું બહાર આવ્યું છે.

આ ઉપરાંત કચ્છના પ્રોહીબીશન પુના ભાણા ભરવાડના આથમણા નાકા રાપર ખાતે આવેલા બે માળના બાંધકામમાં થયેલું વધારાનું ગેરકાયદે બાંધકામ, સુરેન્દ્રનગરના કેમીકલ ચોરીમાં સંકળાયેલા રવિરાજ ભુપતભાઇ પટગીર ઉર્ફે રવીરાજ કાઠીની નેશનલ હાઇવે પાસે ડોળીયા સર્વે નં.માં આવેલા હોટલ સુર્યારાજ વાળી જમીનના કબ્જા ભોગવટાનો એક પતરાનો ગેરકાયદેસર શેડ, રાજકોટના પ્રોહીબીશન બુટલેગર અલ્તાફ હનીફ થઇમ ઉર્ફે છ આંગળીના ન્યુ વિજય નગર શેરી નં. ૩, થોરાળા, ભાવનગર રોડ, રાજકોટ ખાતે આવેલું મકાન સુચીત જગ્યામાં ગેરકાયદે બાંધવામાં આવ્યાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત સુરતના પ્રોહીબીશન બુટલેગર રામવરણ લક્ષ્મીનારાયણ ઉર્ફે મુન્ના લંગડાનું લીંબાયત સુરતની મહાપ્રભુ વસાહતમાં આવેલ મકાન વિકાસ પરવાનગી તેમજ બીયુસી પરમીશન લીધા વગર ગેરકાયદે ખડકયાનું બહાર આવ્યું છે. સાથોસાથ સુરતના પ્રોહીબીશન બુટલેગર મહમદ સલીમ અનવરઅલી સૈયદ ઉર્ફે કુટવાલાના ગોપીપુરા શાંતિનગર, બડેખાં ચકલામાં આવેલ ફલેટ મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબ નહિ બંધાયાનું ઉપરાંત તેના જ ભાઇ એવા બુટલેગર મહમદ ફિરોઝ અનવરઅલી સૈયદ ઉર્ફે કુટવાલાનો તાતવાળમાંઆવેલ ગુલશન એ સાબરી એપાર્ટમેન્ટનો ફલેટ મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબનો નહિ હોવાનું બહાર આવ્યું છે. આ ઉપરાંત જુનાગઢના પ્રોહીબીશન બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયાના ખામધ્રોળ ગામના સર્વે નં. ૧૦૨ પૈકી ૧ અને ૧૦૬/૧-બ ના જમીન પ્લોટ નંબર ૯૯-૧૦૦-૧૦૧-૧૦૨ માં આશરે ૧૧૦૦ ફુટ ધાણાદાળના કારખાનાનો શેડ ગેરકાયદે બાંધ્યાનું બહાર આવ્યું છે. ઉપરોકત અસામાજીક તત્વો દ્વારા ગેરકાયદે રહેણાંક, કોમર્શીયલ બાંધકામ કર્યાનું અને સરકારી જમીન ઉપર ગેરકાયદે દબાણો કર્યાનું બહાર આવ્યું હોવાથી અમદાવાદ, રાજકોટ, સુરત, મહેસાણા, ભરૂચ, કચ્છ, સુરેન્દ્રનગર, જુનાગઢના જીલ્લા પોલીસવડા, પોલીસ કમિંરશ્રી, કલેકટરશ્રી અને લાગતા વળગતા સરકારી વિભાગોને આ તમામ ગેરકાયદે બાંધકામો હટાવવા અને ગેરકાયદે વિજ જોડાણો કાપી નાખવા સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સતાવાર રીતે દરખાસ્ત મોકલવામાં આવી છે. જો કે આવી કામગીરી ક્યારે શરૂ થશે તે હજુ કહી શકાય તેમ નથી.

# રત્નાકરજીના અધ્યક્ષ સ્થાને સૌરાષ્ટ્ર ઝોનની બેઠક

## સંગઠનાત્મક બેઠકમાં પક્ષની વિચારધારા અને પદ્ધતિ અનુસાર કામગીરી કરવા નવનિયુક્ત પ્રમુખોને હાકલ

રાજકોટ મિરર, તા.૧૯

જૂજ દિવસો પૂર્વે સમગ્ર રાજ્યમાં પ્રદેશ ભાજપ દ્વવારા શહેર અને જીલ્લાના પ્રમુખોની વરણી કરવામાં આવી હતી. બાદમાં નવી બોડી સુચારુ કામગીરી કરી શકે અને પ્રજાના પ્રશ્નોને યોગ્ય વાચા આપી સરકારની તમામ યોજનાઓનો લાભ પહોચાડી શકે તે માટે હાલ પ્રદેશ સંગઠન મારફત વિવિધ બેઠકોનો દોર યોજવામાં આવી રહ્યો છે. ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની અત્યંત મહત્વની બેઠક મળી હતી જેમાં પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ



પ્રસંગે પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા પણ હાજર રહ્યા હતા.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ બેઠકમાં ખાસ તો સૌરાષ્ટ્ર ઝોનના નવનિયુક્ત પ્રમુખોનો પરિચય કરાવાયો હતો. એટલુજ નહિ આ બેઠકમાં પક્ષની વિચારધારા, પદ્ધતિ સાથોસાથ લોકોનો પરિચય કેળવવા સહિતની અનેકવિધ જરૂરી માર્ગદર્શન અને સુચના આપવામાં આવી હતી. ત્યારે આ સંગઠનાત્મક બેઠકમાં આગામી દિવસોમાં ક્યા પ્રકારની કામગીરી કરવી અને લોકોને સરકારી યોજનાઓ માટે કઈ રીતે લાભાર્થી બનાવવા તે તમામ મુદ્દાઓ પર ચર્ચા કરાઈ હતી.

હાલ આ બેઠક એટલે પણ મહત્વની માનવામાં આવે છે કારણ કે વર્ષના અંતમાં મહાનગર પાલિકાની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે નવું સંગઠન માળખું લોકો વચ્ચે જઈ પરિચિત થાય તે ખુબ જરૂરી છે. જો આ કરવામાં સંગઠન સફળ થશે તો ચૂંટણીમાં ભાજપને ઘણો ફાયદો પણ મળશે.

કારણ કે છેલ્લા ઘણા સમયથી રાજકોટ શહેર ભાજપમાં ક્યાંકને ક્યાંક સ્થિતિ અનુકૂળ ન હોય તેવું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા હતા ત્યારે આ નવા સંગઠન માટે જે બેઠક યોજવામાં આવી તે ખરા અર્થમાં બુસ્ટરડોઝ સમાન હોવાનું મનાય છે.

# ગાંધીનગરમાં આજે મહેસુલ વિભાગની ઉચ્ચ સ્તરીય બેઠક

## રાજકોટ સહિત રાજ્યના તમામ જિલ્લા કલેકટરોને બેઠકમાં હાજર રહેવા તાકીદ

રાજકોટ, તા. ૧૯

આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મહેસુલ વિભાગ દ્વારા એક ઉચ્ચ સ્તરીય રેવન્યુ અંગે બેઠક આયોજન કરવામાં આવ્યું છે જેને લઈને રાજ્યના તમામ જિલ્લા કલેકટરોને આ બેઠકમાં હાજર રહેવા સૂચિત પણ કરવામાં આવ્યા છે ત્યારે રાજકોટ જિલ્લા કલેકટર પણ આ બેઠકમાં જોડાશે. એટલું જ નહીં રાજકોટ સહિત રાજ્યભરના જિલ્લાઓમાં કરવામાં આવેલી મહેસુલી કામગીરી અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવશે ત્યારે આજે યોજનારી આ કલેક્ટર કોન્ફરન્સમાં રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાવાના હોવાનું હાલ જાણવા મળ્યું છે.

મહત્વનું એ છે કે રેવન્યુ વિભાગ દ્વારા હાલ જે સૌથી મોટો ગંભીર પ્રશ્ન હોય તો તે ગેરકાયદે દબાણ અને દૂર કરવાનો છે કારણ કે રાજ્ય સરકારની વિવિધ સરકારી જગ્યાઓ પર જે રીતે દબાણો ખડકી દેવામાં આવ્યા છે તેને દૂર કરવા ખૂબ જરૂરી છે તે માટે જિલ્લા કલેકટર તથા સ્થાનિક પ્રશાસનને સૂચિત કરવામાં આવ્યા છે અને આ કામગીરી ઝડપભેર પૂર્ણ કરવામાં આવે તેવું પણ જણાવવામાં આવ્યું છે.

બીજી તરફ મહેસુલને લગતી અન્ય કામગીરીમાં કયા પ્રકારનો પ્રોગ્રેસ છે તે અંગે પણ હાલ ચર્ચા વિચારણા કરવામાં આવશે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે આજની બેઠકમાં મહેસુલ વિભાગ દ્વારા કયા પ્રકારની સૂચનાઓ આપવામાં આવે છે અને હવે કંઈ કામગીરી ન કરતા પૂર્વક કરવા માટે જિલ્લા કલેકટરોને સૂચિત કરવામાં આવશે તે હવે જોવાનું રહ્યું.

# જનરલ બોર્ડમાં આરોગ્ય કેન્દ્રનો પ્રશ્ન સળગ્યો : વિપક્ષનું મળ્યું સમર્થન

## કોંગ્રેસના નગરસેવકો ફાયર સિલિન્ડર સાથે બેઠકમાં કરવાના હતા પ્રવેશ વિજિલન્સની સતર્કતાથી આવ્યા રોકવામાં

## વિજિલન્સ તપાસની રજૂઆત : મલેરિયા વિભાગની કામગીરીના પ્રશ્નમાં જ એક કલાક કરાઇ પૂર્ણ







રાજકોટ, તા..૧૯

ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકામાં જનરલ બોર્ડની બેઠક મળી હતી જેમાં કોંગ્રેસના નગરસેવકો ફાયર સિલિન્ડર લઈને પહોંચ્યા હતા જ્યાં તેઓ પાસેથી તે તમામ વસ્તુઓ લઈ ત્યારબાદ જ જનરલ બોર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ અકસ્માત અને અસલામત સ્થિતિ માટે પોતાની સુરક્ષા ને લઈ જાતે બાટલો લઈને આવ્યા હતા અને સ્પ્રે કરીને પ્રતિક વિરોધ પણ કર્યો હતો પરંતુ વિજિલન્સ પોલીસની સતર્કતા બાદ બોટલ લઈ લેવામાં આવી હતી અને ત્યારબાદ જ સભામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

મલેરિયા અંગે શું કામગીરી

### કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા રહ્યા ઉપસ્થિત

રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા બે મહિના પહેલા ગાંધીનગર ખાતે ઈજાગ્રસ્ત થતા તેઓ વિધાનસભાની કામગીરીથી દૂર રહ્યા હતા પરંતુ ગઈકાલના આગલા દિવસે તેઓ વિધાનસભામાં પણ હાજર રહ્યા હતા અને ગઈકાલ સવારે મહાનગરપાલિકાની જનરલ બોર્ડ બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા હતા. જીપીએમસી એક્ટ મુજબ કોઈપણ કોર્પોરેટર સતત ત્રણ બોર્ડ બેઠકમાં ગેરહાજર ન રહી શકે અને જો આવું બને તો તેઓને પદ પરથી ગેરલાયક ઠેરવવાનો પણ નિયમ હોય છે ત્યારે ખાસ ભાનુબેન માટે વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી અને બોર્ડ બેઠકની કાર્યવાહીમાં ૧૦ થી ૧૫ મિનિટ રોકાઈને તેઓ ચાલ્યા ગયા હતા

### તમામ છ દરખાસ્ત મંજુર : છ કોર્પોરેટર રહ્યા ગેરહાજર

મહાપાલિકાની આજની સામાન્ય સભામાં કુલ ૭૨ પૈકી ૬ કોર્પોરેટર ગેરહાજર રહ્યા હતા. કોંગ્રેસના એક, ભાજપના પાંચ સભ્યોએ રજા રીપોર્ટ મૂકયા હતા. મકબુલભાઇ દાઉદાણી, ભાજપના ડો.દર્શિતાબેન શાહ, અનિતાબેન ગોસ્વામી, ભારતીબેન પાડલીયા, સુરેશભાઇ વસોયા, દિલીપભાઇ લુણાગરીયાએ રજા રીપોર્ટ મોકલ્યા હતા. આ રીતે ચૂંટાયેલા ૭૨ પૈકી ૬૬ સભ્યો હાજર રહ્યા હતા. બોર્ડના મુખ્ય એજન્ડા પર રહેલી તમામ ૬ દરખાસ્ત, આવાસ યોજનામાં દંડની નવી નીતિની અરજન્ટ બિઝનેસ દરખાસ્ત તથા સુનિતા વિલિયમ્સને અભિનંદન આપતો ઠરાવ પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

રાજકોટના તમામ બોર્ડમાં કરવામાં આવી તેના જ્યારે જવાબ આપવામાં આવતા હતા તે દરમિયાન વિપક્ષે નેતા વશરામ સાગઠીયા પૂર્વ નેતા ભાનુબેન સોરાણી તથા કોમલબેન ભારાએ બોર્ડમાં હાજર રહી અનેકવિધ અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મેયરને રજૂઆત કરી હતી અને પોતાનો વિરોધ નોંધાયો હતો પરંતુ શાસક અને વિપક્ષ વચ્ચે શાબ્દિક પ્રહારો થયા હતા અને તું તું મેં મેં થતા માત્ર એક જ પ્રશ્નમાં બોર્ડ પૂર્ણ કરી દેવામાં આવ્યું હતું. વિપક્ષ નેતા વશરામ સાગઠીયાએ મેયરને એટલાન્ટિસ આગ દુર્ઘટના અને કેલેન્ડર કાર્ડ અંગે ચર્ચા કરવા રજૂઆત કરી હતી પરંતુ સત્તાધીશો દ્વારા માત્ર જે પ્રશ્નોનો જવાબ આપવામાં આવતો હતો તે કામગીરીને યથાવત રીતે ચાલુ રાખવા જણાવાયું હતું.

મહત્વનું એ છે કે મલેરિયા શાખાની કામગીરી માં જે લાંબા જવાબ વચ્ચે રાજકોટના બે-બે અગ્નિકાંડ, તંત્રની બેદરકારી, ખુદ મહાપાલિકા કચેરીમાં પૂરતા ફાયર સાધનો અને એનઓસી ન હોવા મામલાની ચર્ચા માંગી હતી. સભા અધ્યક્ષ પાસે માત્ર બે-પાંચ મીનીટ માટે ચર્ચાનો સમય માંગ્યો હતો જે આપવામાં ન આવતા અંતે ફરી એક પ્રશ્નના જવાબમાં જ બોર્ડ પુરૂ થયું હતું.

બાકીના પ્રશ્નોના જવાબ હવે કોર્પોરેટરોને લેખિતમાં મળશે. બીજી તરફ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા ની તબિયત નાદુરસ થવાના કારણે તેમના વતી નાયબ કમિશનર ચેતન નંદાણીયા સભ્ય મંજુબેન કુગસિયાના પ્રશ્નનો જવાબ આપ્યો હતો. મ્યુનિ.કોર્પોરેશન હેઠળના આરોગ્ય કેન્દ્રોમાં લોલંલોલ ચાલતું હોવાની ચોંકાવનારી ફરિયાદ જનરલ બોર્ડના સભાખંડમાં ખુદ ભાજપના કોર્પોરેટરે કરતા ખળભળાટ મચ્યો છે. પૂર્વ શાસક પક્ષ નેતા વિનુભાઇ ઘવાએ આરોગ્ય અધિકારી પર તડાપીટ બોલાવી હતી. તો કોર્પોરેટર જીતુભાઇ કાટોળીયાએ આયુષ્યમાન કાર્ડ માટે લોકો હેરાન થતા હોવાની લાગણીનો પડઘો પાડયો હતો.

### આરોગ્ય અધિકારીએ સમયાંતરે કેન્દ્રોની લેવી જોઈએ મુલાકાત

ગઈકાલે યોજાયેલી જનરલ બોર્ડ બેઠકમાં વોર્ડ નંબર ૧૭ ના નગરસેવક વિનુભાઈ ઘવાએ આરોગ્ય કેન્દ્રનો મામલો મધ પ્રશ્નોત્તરીમાં જ મુક્યો હતો તેઓએ આક્ષેપ લગાવ્યો કે વોર્ડ નંબર ૧૮ માં જુદા જુદા આરોગ્ય કેન્દ્રો સંપૂર્ણપણે રેઢા પડ અને લોલમલોલ ચાલે છે અને દહીંની પણ છે ત્યારે દવાખાનાઓમાં અનેક પ્રકારની સુવિધાઓ જે હોવી જોઈએ તે પણ મળતી નથી ત્યારે આરોગ્ય અધિકારીએ આ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લેવી જોઈએ તો જ સાચી વાસ્તવિકતા ખ્યાલ આવશે સાથોસાથ તેઓએ આ અંગે વિજિલન્સ તપાસ કરાવવા માટેની પણ માંગ કરી હતી જેમાં વિપક્ષી સભ્યોએ પણ સમર્થન આપ્યું હતું.

ગોંડલની સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં

# સગીરને ધોકાથી બેફામ ત્રણ શખ્સે ફટકારતા ચકચાર

## સગીરના માતા-પિતાને પણ ફટકાર્યાની પોલીસમાં ફરિયાદ : પાટીદાર સમાજ દ્વારા પ્રાંતઅધિકારીને રોષભેર આવેદન





રાજકોટ મિરર, ગોંડલ તા.૧૯

ગોંડલમાં ગત સાંજે સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં હનુમાનજી મંદિર પાસે ત્રણ શખ્સો દ્વારા ભગવતપરામાં રહેતા સગીરને ધોકા વડે બેફામ માર મારી વચ્ચે પડેલા તેના પિતા તથા માતાને પણ માર મારતા ઈજાગ્રસ્ત સગીરને સારવારમાં ખસેડાયો હતો.બનાવ અંગે બી'ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સગીરને માર મારવાની ઘટનાને લઈને રોષીત પાટીદાર સમાજે પ્રાંત અધિકારીને આક્રોશ સાથે આવેદનપત્ર પાઠવી ચોવીસ કલાકમાં આરોપીઓ ને ઝડપી પાડવા રજુઆત કરી અન્યથા રાજકોટ એસપી તથા કલેકટર કચેરીએ મોરચો લઈ જવા ચીમકી અપાઈ હતી પણ પોલીસે બે હુમલાખોરોને ઝડપી લઈ ત્રીજાની શોધખોળ આદરી હોવાનું જાણવા મળ્યું છે.

ગોંડલમાં સગીરને બેરહમ માર મારવાની ઘટનાની પ્રાપ્ત વિગતો મુજબ ભગવતપરા પટેલવાડી નજીક રહેતા દેવ સમીરભાઈ સાટોડીયા ઉ.૧૭ ને સંગ્રામસિંહ હાઈસ્કૂલનાં મેદાનમાં, હનુમાનજી મંદિર પાસે દર્શન,મયુર સોલંકી અને એક અજાણ્યા શખ્સે ધોકા વડે માર મારતા દેવને પીઠ તથા હાથ પગમાં ગંભીર ઈજાઓ પંહોચતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

બનાવ અંગે કંન્ટ્રકશનનો વ્યવસાય કરતા દેવનાં પિતા સમીરભાઈ લક્ષ્મણભાઈ સાટોડીયાએ બી'ડીવીઝન પોલીસમાં ફરિયાદ કરી જણાવ્યુ કે મંગળવારની સાંજે મારા દિકરા દેવનો મને ફોન આવેલ અને રડતારડતા મને જણાવેલ કે આ લોકો મને મારી નાખશે, તમે ઝડપથી આવો.તેથી મેં કહેલ કે તુ કયાં છો તો મારા દિકરા એ કોલેજચોક માં સંગ્રામસિંહ હાઈસ્કૂલ નાં મેદાન માં હનુમાનજી મંદિર પાસે છુ.તેવુ કહેતા હું તથા મારા પત્નિ પારુલ મારી ફોરવ્હિલ લઈ ત્યાં પંહોચ્યા હતા.ત્યાં ઘણા લોકો ઉભા હતા. હું અને મારા પત્નિ ગાડી નીચે ઉતરીને જોયુ તો ત્રણ લોકો લાકડાનાં ધોકા વડે દેવને મારતા હતા.

મેં વચ્ચે પડી શું કામ તમે મારા દિકરાને મારો છો ? તેવુ પુછતા આ લોકો જેમફાવે તેમ ગાળો બોલવા લાગ્યા હતા.તેનાથી એક વ્યકિત કે જેણે લાલ કલરનુ ચેકસ વાળુ શર્ટ પહેર્યુ હતુ તેણે પોતાની ઓળખ દર્શન તરીકે આપી કહેલ કે તારો દિકરો મારા દિકરાને હેરાન કરેછે.તેવુ કહી મને ગાલ પર બે ફડાકા માર્યા હતા.અને બીજા બે વ્યકિત જેમા એક કોલેજચોક માં ક્રિકેટ શિખવેછે તે મયુર સોલંકી તથા એક અજાણ્યા વ્યકિત એ ગાળાગાળી કરી મારી સાથે જપાજપી કરતા મારી પત્નિ પારુલ વચ્ચે પડતા આ લોકોએ તેની ચુંદડી ખેંચીને ધક્કો મારતા પારુલ નીચે પડી જતા તેને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ સમયે દર્શન તથા મયુર સોલંકીએ ધમકી આપી હતી કે આજે તો બચી ગયા છો.હવે મળ્યા તો જાનથી મારી નાખીશુ તેવુ કહી જતા રહ્યા હતા. બી'ડીવીઝન પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરીછે.

દરમ્યાન આજે સવારે બનાવને લઈ ને પાટીદાર સમાજ નાં આગેવાનો,કાર્યકરો,મહીલાઓ તથા વિવિધ સંસ્થાઓનાં હોદેદારો વિશાળ સંખ્યામાં એકઠા થઈ પ્રાંત કચેરીએ પંહોચી પ્રાંતઅધિકારીને આવેદનપત્ર પાઠવી બનાવ અંગે આક્રોશ ઠાલવી દેવ તથા તેના માતાપિતાને મારનારા શખ્સોને ચોવીસ કલાકમાં ઝડપી લઈ આકરી સજા આપવા માંગ કરી હતી.

દરમિયાન દેવ સાટોડીયાને માર મારવાની ઘટનામાં આરોપીઓ મયુરસિંહ દિલીપસિંહ ઝાલા અને તેના ભાઈ દર્શનસિહ (રહે. સહજાનંદનગરની) બી'ડીવીઝન પોલીસે ધરપકડ કરી કાર્યવાહી કરી છે.જ્યારે અન્ય એક આરોપી મયુરસિંહ જયપાલસિંહ સોલંકીને પકડવા પોલીસે શોધખોળ આદરી છે.

(તસ્વીર-જીતેન્દ્ર આચાર્ય)

# ગોંડલમાં ૧૩ વર્ષના તરુણ પર બે સગીરનો હુમલો

## તરુણને વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડાયો

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૯

ગોંડલના સહજાનંદનગરમાં રહેતો ૧૩ વર્ષનો તરુણ સ્ટેશન પ્લોટ વિસ્તારમાં આવેલ કોલેજ ચોક પાસે હતો. ત્યારે બે સગીરે ઝઘડો કરી ગુપ્તાંગ ખેંચી ઢીકા પાટુનો માર માર્યો હતો. તરુણને ઈજા પહોંચતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ગોંડલમાં આવેલા સહજાનંદ નગરમાં રહેતો ૧૩ વર્ષનો તરુણ ગોંડલમાં આવેલા સ્ટેશન પ્લોટ વિસ્તારમાં કોલેજ ચોક પાસે હતો ત્યારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં બે સગીરે ઝઘડો કરી ગુપ્તાંગ ખેંચી ઢીકા પાટુનો માર માર્યો હતો.

તરુણને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તરુણની તબિયત નાજુક જણાતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આ અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગોંડલ બી ડિવિઝન પોલીસને જાણ કરતા ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ગયો હતો. પ્રાથમિક તપાસમાં તરુણ ક્રિકેટ એકેડેમીમાં જાય છે અને માર મારનાર બંને સગીરે પૈસા માંગી માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગ ગોંડલ બી ડિવિઝન પોલીસ મથકના જમાદાર રવિભાઈ ચાવડા સહિતના સ્ટાફે જરૂરી નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સગીરને માર મારવાની ઘટનામાં પોલીસે તરુણનુ નિવેદન લીધા બાદ તેના પિતા મયુરસિંહ ઝાલાની ફરિયાદ લઈ એક સગીર તેમજ એક અન્ય મળી બે સામે ગુન્હો દાખલ કર્યો છે. ફરિયાદી પિતાએ જણાવ્યુ કે પોતાનો પુત્ર કોચિંગ કલાસમાં જતો હોય એક મહીનાથી સગીર તેને હેરાન કરી જાતિય સતામણી કરતો હતો. બે દિવસ પહેલા જોગી હોસ્પિટલ વાળી શેરીમાં મારા પુત્રને માર માર્યો હતો.

# બરવાળા બાવીશીમાં ચેકડેમો માટે ગીરગંગા ટ્રસ્ટ દ્વારા યોજાઈ ગ્રામસભા

## ગામના લોકોને પાણી માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સાથે જોડાઈને આત્મા નિર્ભર બનવા હાકલ



રાજકોટ મિરર, તા.૧૯

અમરેલી જીલ્લાનું કુકાવાવ વળીયા તાલુકાનું બરવાળા બાવીશી ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ છે. ગામમાં ચેકડેમ બાંધવાની પહેલ હાથ ધરાઈ છે, જેમાં ગામના ખેડૂતો એ તન, મન, ધનથી જોડાવવાની ખાત્રી આપી અને સાથે સાથે ગામની બહેનો એ પણ આ કાર્યને ગતિ આપવા આર્થિક મદદ માટે જાહેરાત કરી.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપ સખીયા એ જણાવેલ કે, ગામના લોકોને ચેકડેમ દ્વારા વરસાદી પાણી કેવી રીતે જતન કરવું તે સમજાવ્યું વરસાદી પાણીનું મહત્વ, સંગ્રહ અને જમીનનું સ્તર ઊંચું લાવવા માટે ચેકડેમ કેવી રીતે અસરકારક છે, તે અંગે ગામ લોકોને માર્ગદર્શન આપ્યું. સમજાવ્યું કે વરસાદી પાણીનો ચેકડેમ દ્વારા સંગ્રહ કરવાથી જમીનના અંદરના પાણીનું સ્તર વધશે તેથી ખેતી માટે સતત પાણી ઉપલબ્ધ રહેશે, ખેતી ખર્ચ ઘટશે અને ખેડૂતો એક કરતા વધુ સિઝનમાં ખેત ઉત્પાદન લઈ શકશે તેથી તેની આવકમાં વધારો થાશે.

કિસાન સંઘના પ્રદેશ પૂર્વ પ્રમુખ પ્રફુલભાઈ સેંજલીયા દ્વારા જણાવવામાં આવેલ કે વરસાદનું શુદ્ધ પાણી ખેતીમાં ઉપયોગ કરવામાં આવે અને એક નહીં અનેક પાકનું મિશ્રણ વાવેતર કરવામાં આવે તો ખેડૂતોને ખૂબ સારું ખેતીમાં ઉત્પાદન થાય અને આવકમાં ખૂબ મોટો વધારો થાય છે તો દરેક ગામના લોકો પાણી માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સાથે જોડાઈ અને આત્મા નિર્ભર બની જાય.

આ ગ્રામસભામાં બરવાળા બાવીશ ગામના સરપંચ અરવિંદભાઈ વિરજીભાઈ ડોબરીયા, ગીરધરભાઈ ગેવરીયા, હિતેશભાઈ ગેવરીયા, વિનોદભાઈ આર ડોબરીયા, કૌશિકભાઈ ડોબરીયા, ઘેલાભાઈ ડેર, જયસુખભાઈ ડોબરીયા, ચંદુભાઈ વઘાસીયા, અશોકભાઈ વાળા, લક્ષ્મણભાઈ ડેર, અરવિંદભાઈ લાવડીયા, લાલભાઈ ભુવા, રમેશભાઈ ધાનાણી, જયસુખભાઈ ગજેરા, તેમજ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપ સખીયા, પ્રકૃતિપ્રેમી દિનેશ પટેલ વગેરેએ જહેમત ઉઠાવી રહયા છે.

ઐસા ભી હોતા હે...! સીઝ કરેલો જથ્થો બારોબાર પગ કરી ગયો કે શું ?

# ગાંધીનગરની ટીમે ગોંડલમાં પકડેલું ૨૧.૭૫ લાખનું બાયોડીઝલ ટાંકી સહીત ચોરાઈ ગયું



રાજકોટ મિરર, ગોંડલ તા.૧૯

ગોંડલ માં બાયોડીઝલનાં બે નંબરી કારોબાર માં પોલીસ કે ગાંધીનગરની ટીમ દ્વારા દરોડા પાડી જથ્થાને સીઝ કરાયા બાદ થોડા સમયનાં અંતરે સીઝ કરાયેલા જથ્થાને તંત્રને જાણ કર્યા વગર બારોબાર વેચાણ કરી દેવાની બનતી ઘટનાઓમાં એકનો વધારો થવા પામ્યો છે. અલબત્ત આ ઘટનામાં સીઝ કરાયેલા મોટા જથ્થાની ટાંકીઓ સહીત ચોરી થઈ છે.

ગોંડલમાં ઉમવાડા ચોકડી નજીક ફોલ્ડીંગ દિવાલ વાળા કમ્પાઉન્ડમાંથી ગાંધીનગરની ટીમે પકડેલ ૨૧.૭૫ લાખનાં બાયોડીઝલની સીલ મારેલી ટાંકી સહિત ચોરી થતા આ અંગે મામલતદારની ફરિયાદ પરથી બી. ડિવિઝન પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો છે.

ફરિયાદમાં ગોંડલ મામલતદાર દીપકભાઈ દીનકરરાય ભટ્ટએ જણાવ્યા મુજબ, તા-૨૭/૪/૨૦૨૪ રોજ નાયબ નીયામક (પેટ્રોલી યમ) તથા મદદનીશ નિયામક (ફેરણી), અન્ન અને નાગરીક પુરવઠા વિભાગ ગાંધીનગરની ટીમ દ્વારા ચેકિંગ કરતા ગોંડલ ઉમવાડા ચોકડી પાસે શિવ ગાંઠીયા રથની પાછળ, નેશનલ હાઈવે નંબર-૨૭ ગોંડલ ખાતે સીમેન્ટના બ્લોકની ફોલ્ડીંગ દિવાલથી ઘેરાયેલા બંધ દરવાજા વાળા કમ્પાઉન્ડમાં બાયોડીઝલના નામે ભળતા પેટ્રોલીયમ જવલનશીલ પ્રવાહીનો જથ્થો મળી આવ્યો હતો. આ ભેળશેળ યુક્ત ઈંધણ ટ્રાન્સપોર્ટેશનમાં ફયુલ તરીકે ભરી આપી વેચાણ કરાતું હતું.

દરોડો પાડતા કમ્પાઉન્ડની પાછળના ભાગમાં લોખંડની પતરાવાળા શટરની ડાબી બાજુમાં રાજ ખોડલ ટ્રેડ નામનુ બોર્ડ લગાવેલ હતું. બોર્ડમાં હરપાલસિંહ અને યુવરાજસિંહ એમ બે નામ અને તેમના ફોન નંબર લખેલ હતા.ગાંધીનગરની ટીમ દ્વારા ફોન કરતા બંને ઈસમોએ ફોન ઉપાડેલ નહીં. અને બન્ને ઈસમો મળી આવેલ નહી. ટીમ દ્વારા ત્યાંથી ૪ ટાંકીમાં જવલનશીલ પેટ્રોલીયમ પ્રવાહી આશરે ૨૯,૦૦૦ લીટર જેની કિ.રૂ. ૨૧,૭૫,૦૦૦ ગણી ૪ ટાંકીઓ સીલ કરાઈ હતી. દરમિયાન તંત્ર દ્વારા આ સ્થળે તપાસ કરાતા સીલ તોડી ચારેય ટાંકીઓ તથા બાયોડીઝલના જથ્થાની ચોરી થઈ હોય આ અંગે આઈ.પી.સી. કલમ ૨૮૫,૨૮૬,૪૬૨,૩૭૯ તથા આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ ૩, ૭, તથા પેટ્રોલીયમ એક્ટ ૨૩(૧)એ, (૨) મુજબ ગુનો નોંધાયો છે.

# શાપર વિસ્તારની સગીરાનું રાજકોટમાંથી અપહરણ

## ઘરે જવાનું કહી છાત્રાલયમાંથી નીકળી ગઈ પણ ઘરે ન પહોચી



રાજકોટ, તા. ૧૯

રાજકોટ નજીકના સાપર વિસ્તારમાં રહેતી અને રાજકોટમાં અભ્યાસ કરતી એક ૧૭ વર્ષ ૫ મહિના ૧૯ દિવસની ઉંમર ધરાવતી સગીરાનું કોઈ અપહરણ કરી ગયાની તેમના વાલીઓએ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણ સરની કાર્યવાહી વચ્ચે સગીરાની શોધખોળ આદરી છે.

ફરિયાદમાં વાલીઓએ જણાવ્યું છે કે, તારીખ ૧૮ના રોજ સાંજના ચારેક વાગ્યાની આસપાસ તેઓને ૯૬ ૬૨૩ ૮૫૬૭૮ નંબરના ફોન પરથી કોલ આવ્યો હતો કે પોતે સાવરકુંડલાથી બોલે છે અને સાવરકુંડલાના બસ સ્ટેન્ડ પાસેથી મળેલી એક પ્લાસ્ટિકની થેલીમાં ધોરણ નવના ચોપડા છે, જેમાં તમારો નંબર લખ્યો હોવાથી ફોન કર્યો છે.

જોકે વાલી એ કહ્યું હતું કે તેમના કોઈ સગા સાવરકુંડલામાં રહેતા નથી. બીજી બાજુ સગીરા જે સરકારી કન્યા છાત્રાલયમાં ભણતી હતી તે કન્યાશાળાના છાત્રાલયમાંથી પરીક્ષા પૂરી થઈ ગઈ હોવાથી હું ઘરે જાવ છું તેવું કહીને સગીરા તારીખ ૧૮ના રોજ છાત્રાલયમાંથી નીકળી ગઈ હતી. પરંતુ પોતાના ઘરે ન પહોંચતા વાલીઓએ તપાસ કરી હતી પરંતુ સગીરાનો ક્યાંય પતો લાગ્યો ન હતો. જો કે, સાવરકુંડલાથી આવેલા ફોને ભેદભરમ સર્જ્યા છે. કિશોરીનું કોઈ અપહરણ કરીને તે બાજુ લઈ ગયા હોવા જોઈએ. પોલીસ આ દિશામાં તપાસ કરે તો સત્ય બહાર આવે તેમ હોવાનું માની બાદમાં વાલીઓએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

# નીલકંઠ પાર્કમાં રહેતા યુવાન પર વ્યાજખોરનો ત્રાસ

## કારખાને આવી જાલ્યો'તો કાઠલો : ભક્તિનગરમાં ગુન્હો

રાજકોટ મિરર તા.૧૯

પ્રાપ્ત વિગત મુજબ કોઠારીયા મેઈન રોડ નીલકંઠ પાર્ક માં રહેતા મોહિતભાઈ કાંતિભાઈ દુધાત્રાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ પટેલ નગર શેરી નંબર ૯ માં મારુતિ ટાઈમ્સ નામના કારખાને બેસી વોચ કેસનું કામ કરે છે ત્રણ વર્ષ પહેલા ૨૦૨૨માં મોહિતભાઈને કારખાનામાં મંદી ચાલતી હોવાથી પૈસાની જરૂરિયાત થતા તેમના મિત્ર વિશાલભાઈ વાળાના મિત્ર સુરેશભાઈને કારખાને લાવ્યા હતા ત્યારે આ સુરેશભાઈ પાસેથી ૩,૦૦,૦૦૦ રૂપિયા ૩ ટકાના લેખે વ્યાજે લીધા હતા.

મંદીના માહોલમાં કારીગરોના પૈસા ચૂકવવા માટે વ્યાજે લેવા પડ્યા હતા.

ત્યારબાદ ફરી વખત પૈસાની જરૂરિયાત થતા ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં મોહિતભાઈના પિતા કાંતિભાઈ હસ્તક ગુંદાવાડીમાં સુરેશભાઈના ઘર પાસે રૂપિયા ૨ લાખ ૩ ટકા લેખે વ્યાજે લીધેલા હતા. ત્યારબાદ ૨૦૨૪માં આશરે ચોથા મહિનામાં ફરી વખત સુરેશભાઈ પાસેથી રૂપિયા ૧ લાખ ૩ ટકા લેખે તેમના ઘરે ગુંદાવાડી પાસેથી લીધા હતા. આમ રૂપિયા ૬ લાખનું વ્યાજ તેઓ દર મહિને નિયમિત આપતા હતા. ત્યારબાદ મોહિતભાઈએ ૨૦૨૪ના સાતમા મહિનાથી સુરેશભાઈને વ્યાજ કે મુદલ આપવાનું બંધ કરી દીધું હતું અને આ પૈસા સુરેશભાઈએ રોકડામાં જ આપ્યા હતા. જેથી આ સુરેશભાઈ બોરીચા એ ગત તા. ૧૮ ના સવારના ૧૧ વાગ્યા આસપાસ મોહિતભાઈ અને કાંતિભાઈ કારખાનામાં કામ કરતા હતા ત્યારે કારીગર અમિતભાઈ અને રાજુભાઈ વગેરેના કારખાને હાજર હતા તે દરમિયાન સુરેશભાઈ બોરીચા મોહિતભાઈના કારખાને આવી કાઠલો પકડી બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યો હતો અને વ્યાજે પૈસા લીધેલા હતા ત્યારે સુરેશભાઈ બોરીચાને સિક્યુરિટી પેટે કઈ વસ્તુ કે ચેક આપેલ ન હતો. જેથી આ સુરેશભાઈ પાસે નાણા ધિરધારનું લાઈસન્સ છે કે નહીં તેની કંઈ ખબર ન હતી.

તેથી છેલ્લા સાત મહિનાથી વ્યાજનો હપ્તો ચૂકવવાનો બાકી હોય અને આ સુરેશભાઈ બોરીચા અવાર નવાર કારખાને આવી વ્યાજની ઉઘરાણી કરતા હતા જે બાબતે ભક્તિનગર પોલીસ મથકમાં સુરેશભાઈ બોરીચા સામે ફરિયાદ કરતા પોલીસે વ્યાજખોર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.